Digitized by Arya Samaj Foundation Chennai and eGangotri

મોહનદાસ કરમચંદ ગાંધી

पुस्तकालय
गुरुकुल कांगड़ी

४३ ग
२ ब

CC-0. In Public Domain. Gurukul Kangri Collection, Haridwar

Digitized by Arya Samaj Foundation Chennai and eGangotri

* ओ३म् *

पुस्तक-संख्या 43 ग/३

पंजिका-संख्या १६८-७६

पुस्तक पर सर्व प्रकार की निशानियां लगाना वर्जित है। कोई महाशय १५ दिन से अधिक देर तक पुस्तक अपने पास नहीं रख सकते। अधिक देर तक रखने के लिए पुनः आज्ञा प्राप्त करनी चाहिये।

CC-0. In Public Domain. Gurukul Kangri Collection, Haridwar

Digitized by Arya Samaj Foundation Chennai and eGangotri

पुस्तकालय
गुरुकुल कांगड़ी

स्टाक प्रमाणीकरण १९८४-१९८५

क्रमांक.....

CHE D 1973
Initial

CC-0. In Public Domain. Gurukul Kangri Collection, Haridwar

Digitized by Arya Samaj Foundation Chennai and eGangotri

CC-0. In Public Domain. Gurukul Kangri Collection, Haridwar

Digitized by Arya Samaj Foundation Chennai and eGangotri

૪૩૨ ૩૬ ૪૩૨ ૩૬

ડોક કૃત

મોહનદાસ કરમચંદ ગાંધી

(દક્ષિણ આફ્રિકાવાળા હિંદી દેશભક્ત)

નો

જન્મ વૃત્તાંત.

૨૬૮૫૬

ભાષાન્તર કર્ત્તા

પ્રાણજીવન જગજીવન મેહતા,

બારિસ્ટર-એટ-લો.

એમ. ડી. (બ્રસેલ્સ). એલ. આર. સી. પી (એડિન.) એલ. આર. સી. એસ. (એડિન.) એલ. એફ. પી. એન્ડ એસ (ગ્લાસગો). એલ. એમ એન્ડ એસ (મુંબઇ). ગોલ્ડ મેડેલિસ્ટ.

મુંબઈ:–"ગુજરાતી" પ્રિન્ટીંગ પ્રેસ.

સંવત્ ૧૯૬૮. ઇ. સ. ૧૯૧૨.

CC-0. In Public Domain. Gurukul Kangri Collection, Haridwar

Digitized by Arya Samaj Foundation Chennai and eGangotri

મુંબઈ કોટ સાસુન બિલ્ડિંગમાં "ગુજરાતી" પ્રિન્ટીંગ પ્રેસમાં ઈ. સ. દે. એ છાપ્યું.

CC-0. In Public Domain. Gurukul Kangri Collection, Haridwar

Digitized by Arya Samaj Foundation Chennai and eGangotri

લૉર્ડ એમ્પટીલના ઉપોદ્ઘાત.

હું આ પુસ્તકના કર્ત્તાને જાતે નથી ઓળખતો પણ જે કાર્યનો તે એટલો બધો હિમ્મતવાન અને આસક્ત હિમાયતી છે, તે વિષે તેની અને મારી મનોવૃત્તિ એક સરખી હોવાથી અમારી વચ્ચે પરસ્પર મમતાનું બંધન થયું છે.

આ પુસ્તક ખરેખર વાંચવા લાયક છે, અને જેઓ મારા શબ્દ ઉપર ભરસો રાખતા હોય, તેઓને એ વાંચવાની હું ભલામણ કરું છું. બાકીનાઓ જે મારા મત ઉપર થોડું વજન આપતા હોય, તેઓને હું માનપૂર્વક સૂચના કરું છું કે તેમાં જે વિવેચન કરવામાં આવ્યું છે, તે તેઓએ ધ્યાનમાં લેવું જોઇએ; કારણ કે તેમાં ચર્ચેલો વિષય અત્યંત સામાજિક અગત્યતાનો છે અને કમનસીબે તે વિષે આ દેશના લોકો ઘણી થોડી માહિતી ધરાવે છે.

આ પુસ્તકમાં મી૦ રોકે ટ્રાન્સવાલના હિન્દી કોમના આગેવાન રા. રા. મોહનદાસ કરમચંદ ગાંધીના જન્મવૃત્તાંતનું અને તેના ગુણ દોષનું ટુંક ચિત્ર આપ્યું છે, અને તે આ પ્રસંગે ઘણું ઉપયોગી થઈ પડે છે; કારણ કે સઘળાં માનસિક કાર્યોમાં મનુષ્ય અને વિષયનો નિકટ સંબંધ રહેલો છે અને દરેક વિષય મૂખ્યત્વે કરીને રાજ્યકીય વિષય—ત્યારેજ બરાબર સમજી શકાય છે કે જ્યારે તેના નાયકના ગુણ દોષ અને હેતુથી આપણે પુરા વાકેફગાર થઇએ છીએ.

આ પુસ્તકમાં જે હકીકત વર્ણવેલી છે તે ઉપર હું ટીકા કરવાને અશક્ત છું, છતાં તેના ખરાપણા વિષે મારા મનમાં કંઈ શંકા નથી એટ-

CC-0. In Public Domain. Gurukul Kangri Collection, Haridwar

Digitized by Arya Samaj Foundation Chennai and eGangotri

લું જ નહીં, પણ તે વાસ્તવિક છે એમ માનવાને મને પૂરતું કારણ છે.

આ દેશના આગેવાન પુરુષોએ પણ આ ચિત્રના પ્રધાન પુરુષ રા. રા. ગાંધીને એક સામાન્ય વર્ગના ક્ષોભક તરીકે દોષિત ઠરાવ્યા છે, કાયદાની અવગણનાં કરનારાં તેનાં કૃત્યોને ગેરવાજબી રીતે હલકાં ગણી કાઢયાં છે; અને એવી પણ સૂચનાઓ કરવામાં આવી છે કે એવી વર્ત્તણુક ચલાવવામાં તેના હેતુઓ આપમતલબીઆ અને ધનલોભી છે.

જે નિખાલસ દિલના માણસો ઉપરના વિચારોથી ખોટે રસ્તે દોરવાઈ ગયા હોય, તેઓના મનમાંથી તે ખોટા વિચારો આ પુસ્તક વાંચતાં નિકળી જવા જોઇએ, અને તે પ્રધાન પુરુષનું વધારે સારું જ્ઞાન થતાં તેઓ તે વિષય પણ વધારે સારી રીતે સમજી શકશે.

ટ્રાન્સવાલની હિન્દી કોમ પોતાના કુદરતી હક જાળવવાને અને પોતાને અધોગતિમાં જતી અટકાવવાને માટે લડત ચલાવે છે. તેઓ એવી લડત ચલાવે તેમાં આપણે અંગ્રેજો તેઓનો દોષ કાઢી શકીશું? જેઓને રાજ્ય સમાજમાં પોતાનો વિરુદ્ધ મત જણાવવાનો અને તેમાં પોતાના પ્રતિનિધિ મોકલવાનો હક નથી, તેઓ જો જબરદસ્તી અને અશાન્તિનો રસ્તો પકડવા ન માગતા હોય, તો તેઓને તે મત જાહેર કરવાને માટે એક જ રસ્તો ખુલ્લો છે, અને તે રસ્તો સત્યાગ્રહનો છે. છેલ્લો રસ્તો અંગીકાર કરવાને માટે આપણે તેઓનો દોષ કાઢી શકીશું? તેઓ સ્વાર્થ બુદ્ધિથી રાજ્યના કર ભરવાની સામે અથવા આડકતરી રીતે રાજ્યકીય નવા હકો મેળવવાને માટે પ્રયાસ કરતા નથી; ફકત જે હક તેઓ એક વખત ભોગવતા હતા, અને જે તેઓની પાસેથી છીનવી લેવામાં આવ્યા છે, તે એટલે કે કોમનું નાક તેઓ પાછું મેળવવા પ્રયાસ કરે છે. એમ કરવામાં જે તેઓનો દોષ કાઢવા માગે છે, તે પોતે એવી સ્થિતિમાં કેવી રીતે વરતે તે તેઓએ વિચારવું જોઇએ. આપણામાં એવો કોઈ મનુષ્ય છે કે જે જે કાયદાની રૂયે પોતાના હકો છીનવી લેવામાં આવતા હોય, અને જેને લીધે પોતે સંસારિક અધોગતિમાં મૂકાતો હોય તેવા

CC-0. In Public Domain. Gurukul Kangri Collection, Haridwar

Digitized by Arya Samaj Foundation Chennai and eGangotri

કાયદાને માન આપવાની ખાતર, ગરીબાઇથી અને પોતાનો વિરૂદ્ધ મત બતાવ્યા વગર તાબે થાય?

પોતાની રાજનીતિનો એક તોલા ભાર ભોગ આપ્યા વગર અને એક ધડ ભાર પણ પોતાનો મોભો ખોયા વગર ટ્રાન્સવાલની સરકાર હિન્દીઓનાં આ બન્ને સંકટ દૂર કરી શકે છે. પુનઃ મૈત્રી થવાના, ઐક્યતાના અને ભવિષ્યને માટે નવી આશા આપનારા સમયમાં તે સરકાર અંગ્રેજી પાદશાહતની ખાતર એ પ્રમાણે કરશે? તેઓની પાસેથી આપણે જે સવાલના જવાબની ઇતેજારીથી રાહ જોઇએ છીએ, તે એ છે કે જે હિન્દીઓએ ટ્રાન્સવાલને પોતાનું વતન કર્યું છે, જે કામે તેને આબાદ કરવામાં સહાય આપી છે, અને જેઓ અંગ્રેજી નાગરિક અને નામદાર શહેનશાહની રૈયત છે, તેઓને દક્ષિણ આફ્રિકાના ઐક્ય પ્રસંગે જે સાર્વજનિક ખુશાલી ઉત્પન્ન થઈ છે, તેમાં કાંઈ ભાગ અથવા હિસ્સો આપવો કે નહીં.

તે સવાલનું સમાધાન લાવવાને માટે ટ્રાન્સવાલની સરકારને જે કાંઈ કરવાનું છે તે આટલું જ છે. જે હેતુથી અમુક કાયદો દાખલ કર્યો હતો તે પાર પડી ગયો છે, હવે તે નકામો અને અમલમાં નહી મૂકી શકાય તેવો છે, અને જેને વિષે તેઓ પોતે પણ કહે છે કે તે નિરર્થક છે, તે કાયદો રદ કરવો; અને એક બીજા કાયદામાં સુધારો કરવો કે જેની રૂયે દાખલ થયેલો વર્ણભેદ દૂર થઈ શકે અને દર સાલ અસલના ધોરણે તે દેશમાં આવવાને ફક્ત છ જ હિન્દીઓને હક મળે.

આટલું કરવાથી, આ લડતના પરિણામમાં હિન્દીઓને જે સંકટ ભોગવવાં પડે છે અને તેઓની જે પાયમાલી થાય છે, અને જેને લીધે સંસ્થાનને કલંક અને નામોશી લાગે છે, તેવી લડત લંબાવવાનું તેઓને કારણ નહીં રહે. આનો અર્થ એમ નથી કે તેઓને બીજી કાંઇ ફરીઆદો નથી. આમ થયા પછી પણ મરહુમ ટ્રાન્સવાલના પ્રજાસત્તાક રાજ્યના સમયમાં પસાર થયેલા કાયદાની હાડમારી તો જારી રહેવાની, કે જેની રૂયે તેઓને મત આપવાના અધિકારમાંથી બાતલ કરવામાં આવે છે, જમી-

CC-0. In Public Domain. Gurukul Kangri Collection, Haridwar

Digitized by Arya Samaj Foundation Chennai and eGangotri

નની માલેકી મેળવતાં રોકવામાં આવે છે, અને શહેરમાં રહેનારને ખસેડી અમુક અલાયદે સ્થળે રહેવાની ફરજ પાડી શકાય છે.

આ દેશના લોકોને ખ્યાલ નથી આવતો કે છેલ્લાં ત્રણ વરસથી ટ્રાન્સવાલની સરકારે હિન્દીઓનો જે હક છીનવી લીધો છે તે, એટલે કે અંગ્રેજી રાજ્યની બીજી સુધરેલી પ્રજાની માફક એક સ્થળેથી બીજે સ્થળે જઇ વસવાનો હક, તેઓ ત્યાં તે પહેલાં ભોગવતા હતા, અને હજુ દુનીઆના બીજા બધા ભાગોમાં કાયદેસર ભોગવે છે. આ વાત સમજવી જેટલી સહેલી છે, તેટલી જ અચંબો ઉપન્ન કરનારી છે; અને જો તે જેટલે દરજ્જે ધ્યાનમાં લેવી જોઇએ તેટલે દરજ્જે ધ્યાનમાં લેવામાં આવે, તો જેવી રીતે બન્ને આમની અને ઉમરાવની સભાના બધા પક્ષના સભાસદોએ દક્ષિણ આફ્રિકાનું નવું રાજ્ય બંધારણ પસાર કરતી વખતે તે ખરડામાં દાખલ કરવામાં આવેલા વર્ણભેદની વિરુદ્ધ ગંભીરપણે પોતાની નાપસંદગી અને દિલગીરી જાહેર કરી હતી, તેવી રીતે તે કાયદાની સામે પણ તેઓએ આ પ્રસંગે પણ પોતાનો વિરુદ્ધ મત જાહેર કર્યો હોત. લિબરલ રાજ્ય કારભારના સમયમાં આ પ્રમાણે વર્ણના કારણથી માણસોના હક ઉપર ત્રાપ મારવી, અને જાતિ ભેદના કારણથી અંગ્રેજી રૈયત તરીકેના કુદરતી હક છીનવી લેવા, એ શહેનશાહતમાં અગાઉ કોઈ પણ વખતે નહીં લેવાએલું એવું બેશક ઉલટું પગલું છે, અને એમ કહેવાને કાંઇ અડચણ નથી, કે જે રાજ્ય નીતિના નિયમો ઉપર શહેનશાહતનું બંધારણ રચવામાં આવ્યું છે, જેના ઉપર રાજ્યની હયાતિનો આધાર છે એમ આપણે માનીએ છીએ, અને જે દરેક પક્ષના અંગ્રેજો સ્વીકાર કરે છે, તેવા યથાર્થ પ્રજા રક્ષક નિયમોને એકાએક છોડી આપવાનું, ભાગ્યે જ આગળ કોઈ પ્રસંગે બન્યું હશે. નવા દક્ષિણ આફ્રિકાના રાજ્ય બંધારણની રુયે વર્ણભેદ દાખલ કરવામાં આપણી પ્રજાના રાજ્યકીય નિયમોનો જેટલો ભંગ થાય છે, તેના કરતાં વિશેષ ભંગ ટ્રાન્સવાલના કાયદાથી થાય છે. જો આપણી

CC-0. In Public Domain. Gurukul Kangri Collection, Haridwar

Digitized by Arya Samaj Foundation Chennai and eGangotri

રાજ્ય સમાજ અને આપણા વર્ત્તમાન પત્રો એ હકીકત ન સમજી શકે, અને આવા અગત્યના ફેરફારની નોંધ લેવાનું દુરુસ્ત ન ધારે તો એનો અર્થ એટલો જ થઈ શકે કે શહેનશાહતનું રાજ્ય ચલાવવાની આપણી અક્કલ મંદ થવા લાગી છે.

જો અંગ્રેજી વાવટાની નીચે રહેનારા હિન્દીઓને એમ ખાત્રી થાય કે આપણે તેઓનું રક્ષણ કરવાને અશક્ત છીએ, અને આપણા રાજા અને રાજ્ય કારભારીઓનાં આપેલાં વચનો પાળવા અસમર્થ છીએ, તો તેની હિન્દુસ્થાનમાં શું અસર થશે? જેઓ હિન્દુસ્થાનને સારી રીતે સમજે છે, તેના મનમાં તેનાં પરિણામનો ખ્યાલ આવ્યા વગર નહીં રહે, અને ખીજાએલું, માન ભંગ થએલું, અને નાક કપાએલું હિન્દુસ્થાન એ મોટાં શહેનશાહતનાં કાર્યમાં બેદિલ અને અવિનીત ભાગીદાર થાય તો? એ પ્રમાણે બને તો ખચિત શહેનશાહતના અંત આવવાની શરુઆત થાય.

ઉપર ટુંકમાં જે કારણો આપવામાં આવ્યાં છે, તે ઉપરથી જોઇ શકાશે કે આ સવાલ એવો નથી, કે જે ખાલી સંસ્થાનના અંદરના કારભારની બાબતનો ગણાય, અને જેમાં આ દેશને વચ્ચે પડવાનો હક અથવા કારણ નથી, પણ તે શહેનશાહતના બીજા બધા સવાલો કરતાં ઘણી વધારે અગત્યતાનો છે.

એ વિષય એવો છે, કે જેમાં આપણી પ્રજાની આબરુનો અને આપણા રાજ્યની એકંદર ઐક્યતાનો સવાલ રહેલો છે; અને તેટલા માટે શહેનશાહતના દરેક ભાગને એની સાથે નિસ્બત રહેલી છે. વળી એટલું ચોકસ છે, કે શહેનશાહતના મધ્ય સ્થળથી જેટલે દરજ્જે રાજ્યનીતિના નિયમો વેગળા રાખવાને મંજુરી આપવામાં આવશે, તેટલે દરજ્જે આ દેશમાં તેમ જ આ દેશની બહાર તે દૃષ્ટાંતની અહિતકારી અસર થશે, અને છેવટ આખાં રાજ્યબંધારણને સખત આંચકો લાગ્યા પછી કદાચ આપણે આપણી નીતિનો અસ્ત થતો અટકાવી શકીશું.

CC-0. In Public Domain. Gurukul Kangri Collection, Haridwar

Digitized by Arya Samaj Foundation Chennai and eGangotri

જેઓ શહેનશાહત સંબંધીના ખ્યાલ રાખ્યા કરે છે, તે બધાએ આજ સુધી આ વિષયમાં જે મનન કર્યું છે તે કરતાં વધારે મનન કરવાની અગત્ય છે.

આ સવાલનો નિર્ણય આપણી પ્રજાની રાજ્યનીતિના ઉંડા નિયમોને બાજુપર રાખી તાત્કાળિક ઉચિતતાના ધોરણે નથી થવો જોઇતો, પણ તે તે નિયમોને અનુસરીને થવો જોઇએ છીએ. નિયમોને અમલમાં મૂકતાં સમય અને સ્થળને બંધબેસતા ફેરફાર થઇ શકે, પણ જો તેને હવામાં ઉરાડી દેવામાં આવે તો તેનો અમલ ચલાવવાનો કોઈ રસ્તો હાથ રહેતો નથી.

હજુ આશા રહે છે, કે ભય ક્યાં છે તે આ લોકોના સમજવામાં આવશે, અને તે દૂર કરી શકાશે. કારણ કે હું આ લેખ લખું છું તે વખતે મારી જાણ પ્રમાણે ટ્રાન્સવાલના હિન્દિ સવાલનું સલાહ શાંતિથી સમાધાન કરવાની વાતચિત ચાલ્યા કરે છે. જે કાર્યને માટે રા. રા. ગાંધી અને તેના જાત ભાઇઓ એટલી બહાદુરીથી લડ્યા છે, અને એટલો બધો ભોગ આપ્યો છે, તે આ પુસ્તક પ્રસિદ્ધ થયા પહેલાં સિદ્ધ થાય એવી મારી ખરા અંતઃકરણની માગણી છે.

મિલ્ટન અર્નેસ્ટ હૉલ બેડફર્ડ.
તા૦ ૨૬ મી ઓગસ્ટ સને ૧૯૦૯.

એમ્પટીલ.

CC-0. In Public Domain. Gurukul Kangri Collection, Haridwar

Digitized by Arya Samaj Foundation Chennai and eGangotri

ભાષાંતરકર્ત્તાની પ્રસ્તાવના.

રેવરન્ડ જોસેફ જે. ડોકના લખેલા ભાઈ મોહનદાસ કરમચંદ ગાંધીના જન્મ વૃત્તાંતનું અવલોકન કરતાં "ટ્રાન્સવાલ લીડર" નામનું ટ્રાન્સવાલનું આગેવાન છાપું તેના તારીખ ૧૦ જાન્યુઆરી સને ૧૯૧૦ ના અંકમાં લખે છે કે "કોઈ પણ દક્ષિણ આફ્રિકાના વતનીને પૂછવામાં આવે કે આ દેશમાં ઘણા ઉંચામાં ઉંચા ચારિત્રવાળો જાહેર જીંદગી ગુજારનાર પુરુષ કોણ છે, તો તે એમ જ કહેશે કે એશિયાવાસી સત્યાગ્રહીઓના આગેવાન ભાઈ મોહનદાસના કરતાં બીજો કોઈ વધારે ચડીઆતો પુરુષ તેની જાણમાં નથી. તે પુરુષનું નામ તેના ચારિત્રને લીધે યુનાઇટેડ કીન્ગડમ* અને હિન્દુસ્થાન તેમજ આ દેશમાં બહોળા વિસ્તારમાં મશહુર થયેલું છે, અને મી૦ ડોકે જે સુંદર પુસ્તક રચી બહાર પાડ્યું છે અને જે હાલ અમારી સમક્ષ પડેલું છે, તે તેજ પુરુષનો જન્મ વૃત્તાંત છે. તે પુસ્તકમાં રાજ્યકીય વિષયના સંબંધમાં જે વિવેચન કરેલું છે, તેને બાજુપર મૂકી અવલોકન કરતાં અમારે કહેવું જોઇએ કે, બાકીના વિષયો ઉપર આપેલું વર્ણન પણ ખરેખર મનુષ્ય જાતને માટે હિતકારી છે, અને તે ખસુસ વાંચવા લાયક છે." એશિયાવાસીઓની સામેના વસવાટ પ્રતિબંધના કાયદાના ભંગ કરનાર અને ટ્રાન્સવાલની સરકારને કફોડી સ્થિતિમાં મૂકનાર તરીકે પ્રસિદ્ધ થયેલા પુરુષ ત્યાંના વતનીઓની માન્યતા પ્રમાણે આવા શ્રેષ્ઠ પદને યોગ્ય ગણાયા છે, એ જાણી કયો હિન્દી તેને માટે અભિમાન નહીં ધરાવે? મી૦ ડોકે આ પુરુષનું જન્મ વૃત્તાંત લખી આપણને બધાને તેના આભારી કર્યા છે.

---

* ઇંગ્લાન્ડ, સ્કોટલાન્ડ અને આયર્લાન્ડ.

CC-0. In Public Domain. Gurukul Kangri Collection, Haridwar

Digitized by Arya Samaj Foundation Chennai and eGangotri

દક્ષિણ આફ્રિકામાં કેટલાક ગોરાઓ હિન્દુસ્થાનના લોકો તરફ અત્યંત દિલસોજી ધરાવે છે. મી૦ ડોક તેઓમાં અગ્રેસર છે. તે હિન્દીઓના ઘણા ચુસ્ત મિત્રોમાંના એક છે, અને જ્યારથી સત્યાગ્રહની લડત શરૂ થઈ છે ત્યારથી તે આજસુધી તે ભાઈ મોહનદાસને પડખે રહી આપણા લોકોની ઘણી કિમતી સેવા બજાવતા આવ્યા છે.

દક્ષિણ આફ્રિકામાં હિન્દીઓને જે અન્યાય કરવામાં આવે છે, તેથી શરમિંદા થતા અંગ્રેજોની સંખ્યા થોડી નથી. હિન્દુસ્થાનમાં પણ કોઈ કોઈ તેવા અંગ્રેજો મળી આવે છે. થોડા વખત પહેલાં એક હિન્દી અંગ્રેજે આ લેખ લખનારને એક પત્રમાં નીચે પ્રમાણે લખ્યું હતું:—

"શહેનશાહતને ચાહનાર અને તેના હેતુઓનું અભિમાન ધરાવનાર એવો કોઈ અંગ્રેજ નહીં હોય, કે જે ટ્રાન્સવાલના હિન્દીઓ ઉપર જે અન્યાય ગુજારવામાં આવે છે, તેવો અન્યાય શહેનશાહતના કોઈ પણ ભાગમાં અંગ્રેજી રૈયત ઉપર ગુજરતાં શરમિંદો નહીં થાય. તમે લખ્યો છો તે પ્રમાણે આ સવાલમાં કાંઈ મતફેર હોઈ શકે નહીં." ત્યાર બાદ તેણે "એક શરમિંદા અંગ્રેજ" એવા નામથી ટ્રાન્સવાલ ઇન્ડીઅન ફંડના "ઓનરરી સેક્રેટરી" તરીકે આ લખનાર ઉપર ટ્રાન્સવાલના ફાળામાં પચાસ રૂપીઆ મોકલી આપ્યા છે. મી૦ ડોક ટ્રાન્સવાલના હિંદીઓ ઉપર ગુજરતી સખ્તાઇથી શરમિંદા થયા છે એટલું જ નથી, પણ તેણે સત્યાગ્રહની લડતમાં ઘણો ભાગ લીધો છે. હિન્દી કોમના પ્રતિનિધિ તરીકે, ભાઈ મોહનદાસ ગયા જુલાઈ મહિનામાં વિલાયત ગયા અને "ઇન્ડીઅન ઓપિનીઅન"ના અધિપતિ મી૦ પોલાક હિન્દુસ્થાન આવ્યા, ત્યારે તે છાપાનું અધિપતિપણું તેમ જ હિન્દી કોમના સલાહકારક તરીકેનું કામ તેણે પોતાને માથે લીધું હતું. મુખ્ય કારભારીઓની ગેરહાજરી દરમીઆન સત્યાગ્રહની લડત જોર ઉપર રહી, તેનું માન, ઘણે ભાગે મી૦ ડોકને ઘટે છે. તેના અધિપતિપણા નીચે "ઇન્ડીઅન ઓપિનીઅને" કાંઈ ઓછી કિમતી સેવા બજાવી નથી.

CC-0. In Public Domain. Gurukul Kangri Collection, Haridwar

Digitized by Arya Samaj Foundation Chennai and eGangotri

આ પુસ્તક લખવામાં મી૦ ડોકનો ઉદ્દેશ એ છે, કે જૂદા જૂદા દેશોમાં હિન્દીઓને જે મુશીબતો વેઠવી પડે છે, તે ટાળવાના યોગ્ય ઇલાજો સૂચવવા, અને હિન્દની પ્રજા બીજી કોઈ પણ પ્રજા કરતાં ઉતરતી નથી એમ સાબિત કરી આપવું. ભાઈ મોહનદાસની સાથે સંવાદ કરતાં તે આ પ્રમાણે બોલ્યા હતાઃ—

"સાંભલો, મને એમ લાગે છે કે એશિયાને લગતા સવાલની બાબતમાં હાલ આપણે જે લડાઈ ચલાવીએ છીએ, તે ખાલી થીગડાં દેવા જેવી છે. આ સરકારની સામેની લડાઈ એ મૂખ્ય લડાઇનો એક અંશ છે, અને તે આના કરતાં વધારે મોટા રણસંગ્રામ ઉપર લડાવી જોઇએ છીએ. આખી પાદશાહતની અંદર હિન્દીઓએ કેવો દરજ્જો ભોગવવો, એ સવાલનું નિરાકરણ થવું જોઇએ છીએ, અને તે નિરાકરણ લાવવામાં તમે મોટો ભાગ બજાવી શકો છો."

સત્યાગ્રહની લડતનો હેતુ પણ એ જ જોવામાં આવે છે, અને તે હેતુમાં આજ પર્યંત હિન્દીઓ કેટલેક દરજ્જે ફતેહમંદ પામ્યા છે, એમ માનવાને પુરતાં કારણો છે. પ્રથમ કેટલાંક સંસ્થાનોમાં ગોરા લોકો દરેક હિંદીને કૂલી માફક ગણતા, પણ હવે તે ગણનામાં ઘણો ફેરફાર થયો છે, અને હવે પછી વિશેષપણે થવા વકી છે.

અંગ્રેજી સંસ્થાનોમાં આપણને શું શું હાડમારી વેઠવી પડે છે, અને સત્યાગ્રહની લડત શું છે, અને તે કેટલી અસરકારક નિવડી છે, તે વિષે આ જગ્યાએ થોડો ખુલાસો આપવાથી મી૦ ડોકના પુસ્તકમાં લખેલી હકીકત વાંચનારને વધારે સુગમતાથી સમજવામાં આવશે. આ લખનાર સને ૧૮૯૮ માં એ મુલકમાં મુસાફર દાખલ ગયા હતા, તે વખતે તેને હિન્દીઓના ઉપર પડતી મુશીબતોનો કેટલોક જાતિ અનુભવ થયો હતો, અને ત્યાર પછી ભાઇ મોહનદાસ અને તેની વચ્ચે પત્ર વહેવાર ચાલુ રહેવાથી તે ત્યાં બનતી હકીકતથી કેટલેક દરજ્જે વાકેફગાર રહ્યા છે. તેણે

CC-0. In Public Domain. Gurukul Kangri Collection, Haridwar

Digitized by Arya Samaj Foundation Chennai and eGangotri

મી૦ ડોકના પુસ્તકનો તરજુમો કરવાનું માથે લીધું, તેનું એક કારણ એ જાત અનુભવ અને જાત માહિતી છે.

ઘણાંખરાં અંગ્રેજી સંસ્થાનોમાં હિન્દીઓ વિરુદ્ધ જૂદી જૂદી જાતના કાયદાઓ પસાર કરવામાં આવ્યા છે. આ બાબતમાં ઓસ્ટ્રેલીઆ, કેનેડા, અને દક્ષણ આફ્રિકા એક બીજાની હરીફાઇ કરતાં અને એક બીજાનો દાખલો લેતાં જોવામાં આવે છે. આ સંસ્થાનોએ છેલ્લાં પચીસ વરસના અરસામાં ગોરી અને કાળી અથવા પીળી પ્રજાની વચ્ચે કલેશ, દ્વેષ અને ઝેરનો વરસાદ વરસાવ્યો છે, અને તેના પરિણામમાં કેટલેક દરજ્જે એશિયા અને યુરોપની પ્રજાઓ એક બીજીને પ્રતિસ્પર્ધી ગણતી ચાલી છે. તે બધાંઓ હિન્દુસ્થાન, ચીન, અને જાપાનની સુધરેલી પ્રજાની સામે પોતાનાં દ્વાર હમેશ બંધ રાખવા માગે છે, અને મોટે ભાગે તેઓ એક અથવા બીજો કાયદો કરીને તેઓને ત્યાં જઈ વસતાં અટકાવે છે. જેઓ ત્યાં જઇ વસેલા છે, તેઓને ત્યાં મનુષ્ય તરીકે રહેવાનું મુશ્કેલ થઈ પડ્યું છે. ઘણાંખરાં સંસ્થાનોએ એશિયાવાસીઓને રાજ્યકારભારમાં અને શહેર સુધરાઇ ખાતામાં મત આપવાના અધિકારમાંથી બાતલ કર્યા છે, અને તેઓએ વેપારને અર્થે ગયેલા લોકોને અનેક પ્રકારની મુશીબતમાં નાખ્યા છે. આ ઉપરાંત ટ્રાન્સવાલમાં બીજી ઘણી મુશીબતો છે. તેઓને પોતાને માટે રહેવાનું ઘર બાંધવાને એક જમીનનો ટુકડો સરખો પણ છૂટથી મળી શકતો નથી, રસ્તાની પગથી ઉપર ચાલવાનો હક પણ બહુ ભાગે નથી, તેઓ ટ્રામ ગાડીમાં બેસી મુસાફરી કરી શકતા નથી, અને તેઓને રેલ્વેની ગાડીમાં ઉપલા વર્ગોમાં તેમજ ટપાલની ગાડીમાં મુસાફરી કરતાં ઘણી અડચણો વેઠવી પડે છે. ટ્રાન્સવાલના ગોરાઓ હિન્દીઓને ત્યાંના અજ્ઞાન સીધીઓની પંક્તિમાં મૂકે છે, અને તેનું મૂખ્ય કારણ તેઓની ચામડી છે. સફેદ ચામડી એટલે શુદ્ધ અંતઃકરણ અને કાળી ચામડી એટલે કાળું અંતઃકરણ એ ગણના લગભગ દરેક સંસ્થાનવાસી ગોરામાં ફેલાઇ રહેલી છે.

CC-0. In Public Domain. Gurukul Kangri Collection, Haridwar

Digitized by Arya Samaj Foundation Chennai and eGangotri

હિન્દુસ્થાનના માજી સુબા અને ઉમરાવની સભાના કોન્ઝર્વેટિવ પક્ષના હાલના નાયક લોર્ડ લેન્સડાઉન સને ૧૮૯૯ માં શેફીલ્ડમાં ભાષણ આપતાં નીચે પ્રમાણે બોલ્યા હતાઃ—

"દક્ષિણ આફ્રિકાના પ્રજાસત્તાક રાજ્યે ઘણાં કુકર્મો કર્યાં છે, પણ તે બધામાં હિન્દીઓ પ્રત્યેની તેઓની વર્ત્તણુક તરફ મને જેટલી ચીડ ચડે છે, તેથી વધારે ચીડ બીજાં એક કુકર્મ તરફ ચડતી હોય એવું મને લાગતું નથી. અને તેઓ જે નુકશાન કરે છે, તે ફકત ત્યાંજ સહન કરનારાઓના સંબંધમાં નથી, કારણકે જ્યારે આ ગરીબ લોકો હિન્દુસ્થાન પાછા આવી તેઓના મિત્રોને જણાવે, કે શહેનશાહબાનુનું ત્રીશ કરોડની વસ્તી ઉપરનું હિન્દુસ્થાનનું આટલું બધું માતબર અને અનિવાર્ય રાજ્ય એક નાના દક્ષિણ આફ્રિકાના રાજ્ય પાસેથી તેઓને દાદ અપાવવાને માટે અશક્ત છે, ત્યારે તેની તે દેશમાં શું અસર ઉત્પન્ન થાય?" એવું લાગે છે કે આવી લાગણી તે વખતના કેટલાક નામીચા અંગ્રેજોમાં હોવી જોઇએ. આ લખનાર સને ૧૮૯૮ માં કેપટાઉન ઉતર્યા, તે વખતે તે કેપ કોલોનીના તે વખતના હાકેમ લોર્ડ મિલ્નરના ખાનગી મંત્રીને મળ્યા હતા, અને ટ્રાન્સવાલમાં મુસાફરી કરતાં અડચણ ન થાય તેટલા માટે ત્યાંના અંગ્રેજ પ્રતિનિધિ ઉપર ભલામણપત્ર આપવાને તેણે તેની પાસે માંગણી કરી, જે તેણે ઘણી ખુશીથી સ્વીકારી, અને વિશેષમાં કહ્યું કે "તમને તે મુલકમાં જે કાંઈ અડચણ પડે તેનો હેવાલ મારા ઉપર લખી મોકલવો." આ લખનારે કહેવું જોઇએ કે, તે વખતે મુસાફરી કરતાં તેને કાંઈ અડચણ નહોતી પડી, પણ જો તે હવે તે દેશમાં મુસાફરી કરવા ધારે તો પહેલાં તો સને ૧૯૦૮ ના ૩૬ મા કાયદા મુજબ તેને સરહદ ઉપર રોકવામાં આવશે, અને ખાલી મુસાફર દાખલ જવું હશે, તો પણ તેણે ટુંક મુદતનો પરવાનો મેળવવો જોઇશે. એટલું તો ચોકસ છે કે હાલના વખતમાં ટ્રાન્સવાલમાં હિન્દીઓને જે મુશીબતો વેઠવી પડે છે, તેમાંની થોડીજ પ્રજાસત્તાક રાજ્યના સમયમાં વેઠવી પડતી હતી.

CC-0. In Public Domain. Gurukul Kangri Collection, Haridwar

Digitized by Arya Samaj Foundation Chennai and eGangotri

સને ૧૮૮૫ માં તે પ્રજાસત્તાક રાજ્યે એક એવો કાયદો પસાર કર્યો હતો, કે જે એશિયાવાસીઓ ત્યાં વેપારને અર્થે જાય, તેણે પચીશ પાઉન્ડ આપી પોતાનું નામ નોંધાવવું. બે વરસ પછી તે કાયદામાં ફેરફાર કરી પચીશ પાઉન્ડને બદલે ફકત ત્રણ પાઉન્ડ એકજવાર લેવાનું ઠરાવવામાં આવ્યું હતું. આ કાયદાનો હેતુ હિન્દીઓને આવતાં અટકાવવાનો નહીં હતો, પણ વેપારની હરિફાઈ ઓછી કરવાનો હતો. લડાઈ પહેલાં ટ્રાન્સવાલની એકંદર હિન્દી વસ્તી ૧૫૦૦૦ ની અને ચીના વસ્તી ૩૦૦૦ ની હતી. પણ લડાઈ પૂરી થતાંને વાર એશિયાવાસીઓની સામે જૂદા જૂદા ધારાઓ બાંધવામાં આવ્યા. સને ૧૯૦૭ નો કાયદો જેને ટ્રાન્સવાલના હિન્દી વતનીઓ ખુની કાયદો કહે છે, તે બાંધ્યા પછી હિન્દી વસ્તી ઘટીને ૫૦૦૦ અને ચીના વસ્તી ઘટીને ૧૦૦૦ ઉપર આવી છે.

વળી તે મુલકમાં અંગ્રેજી વાવટો ફરકતો થયો, ત્યારથી નવા તેમજ જૂના કાયદાઓનો અમલ એટલી સખતાઇથી કરવામાં આવે છે, કે જેથી ત્યાં બાકી રહેલા જે થોડા માણસો છે તે પાયમાલ થઇ ગયા છે. આ સંબંધમાં મી૦ પોલાક તેના "દક્ષિણ આફ્રિકાના હિંદીઓ, એટલે કે શહેનશાહતના ગુલામો અને તેની સાથે કેવી વર્ત્તણુક ચલાવવામાં આવે છે," તે નામના પુસ્તકમાં લખે છે કે, "તે દેશમાં જે બેશરમ અને ઘાતકીપણું ચલાવવામાં આવે છે, તેની બરાબરી કરનારી નોંધ અંગ્રેજી સલતનતની સીમાની અંદર ક્યાંયથી પણ નહીં મળી આવે. રુશીઆ અથવા તેવા બીજા દેશો જ્યાંનો અમલ ઘણો સખ્ત છે ત્યાં તેવું બનવાજોગ છે; પણ જ્યાં અંગ્રેજી વાવટો ફરકે છે, ત્યાં તેવું કશું ન હોવું જોઇએ. છતાં આંહી તે પ્રમાણે બને છે. ખરી વાત એ છે કે તેઓના પ્રત્યે વિશ્વાસભંગ કરવામાં આવ્યો છે, અને આપેલાં વચન તોડવામાં આવ્યાં છે, તેઓને તદ્દન હલકા પાડવામાં આવ્યા છે, તેઓની ઘાતકીપણે નિંદા કરવામાં આવી છે, તેઓના તરફ સંપૂર્ણ તિરસ્કાર બતાવવામાં આવ્યો છે, અને ઝેર રાખી કીનો લેવામાં

CC-0. In Public Domain. Gurukul Kangri Collection, Haridwar

Digitized by Arya Samaj Foundation Chennai and eGangotri

આવ્યો છે, તેઓનું એકાએક સર્વસ્વ ધૂળધાણી થઈ ગયું છે, અને કોઈ કોઈવાર તેઓના કુટુમ્બીઓને એક બીજાથી જૂદા પાડવામાં આવ્યા છે, તેઓને પોતાનાં છોકરાં તજી દેવાં પડ્યાં છે, તેઓનાં બઇરાંઓ બેઇજ્જત થયાં છે, અને મરદોને નામરદ બનાવી દીધા છે. આ બધી બળતરાને લીધે હિન્દીઓનો આત્મા કોરાઇ ગયો છે. તેઓની અપૂર્વ કરકસર, સખત મહેનત, અને અતિશય આત્મભોગનું ફળ, ધરતીકંપમાં પૃથ્વી વિકાશી ગળી જાય તેમ, આંખનું મટકું મારતામાં ગળાઈ ગયું છે, અને તેઓનું સર્વસ્વ ચાલ્યું ગયું છે. અંગ્રેજી રાજ્યને માટે તેઓને બચપણથી સંભ્રાતિ અને માન હતું, કે તે રાજ્ય નિરાધારનું રક્ષણ કરવામાં, અને નબળાને મદદ કરવામાં સમર્થ છે; પણ અતિશય અજ્ઞાન અને ગામડીઆ ખેડુતના નાના મંડળના અખત્યાર નીચેના અર્ધ સ્વતંત્ર રાજ્યની સામે તેણે દશ વરસ પહેલાં તોપ બળથી પણ જે રક્ષણ આપવા માગ્યું હતું, તેવું રક્ષણ તે રાજ્ય હવે તેની પોતાની પ્રજા પાસેથી અપાવવા અશક્ત છે, એમ આ હિંદીઓ જોઈ શકે છે." "પ્રેસિડન્ટ" ક્રુગરના અમલ વખતે તેઓને અંગ્રેજ પ્રતિનિધિ તરફથી બધી જાતની મદદ મળતી હતી, પણ હવે તેઓની ન્હારે કોઈ પણ નહીં જનાર હોવાથી તેઓ તે ગયેલા સુખના દહાડા યાદ કર્યા કરે છે.

લડાઈ પુરી થયા પછી લોર્ડ રોબર્ટ્સે ટ્રાન્સવાલના જૂના હિન્દી વતનીઓની નોંધ લઈ તેઓને ધીમે ધીમે પાછા આવવાની રજા આપી, અને વચન આપ્યું કે બધી જગ્યાએ ફરીવાર શાન્તિ થતાં તેઓની ફરીઆદ સાંભળી યોગ્ય દાદ આપવામાં આવશે. પણ તરત જ ગોરા લોકો હિન્દીઓની વિરુદ્ધ ઉશ્કેરણી કરવાં લાગ્યા, અને તેઓને તે દેશમાં આવતાં અટકાવવાની માગણી કરવા લાગ્યા. ત્યારબાદ તેઓની સ્થિતિ દિનપર દિન માઠી થતી ચાલી છે. તેઓને તેમની આગળની ફરીઆદોની કાંઇ જ દાદ મળી નથી; પણ તેને બદલે તેઓ જે હક પહેલેથી ભોગવતા આવ્યા છે, તે પણ ધીમે ધીમે તેઓની પાસેથી ખુંચવી લેવામાં આવ્યા છે.

CC-0. In Public Domain. Gurukul Kangri Collection, Haridwar

Digitized by Arya Samaj Foundation Chennai and eGangotri

હાલની ત્યાંની રાજ્યનીતિ એ છે, કે કોઈ નવા એશિયાવાસીઓને આવવા ન દેવા, અને જૂનાને આસ્તે આસ્તે હાંકી કાઢવા. તે સંબંધમાં ટ્રાન્સવાલ સરકારના વાળંત્ર "વોક સ્ટેમે" થોડા વખત પહેલાં નીચે પ્રમાણે લખાણ કર્યું હતું:—

"એશિયાવાસીઓથી છૂટકારો થવો બહુ સહેલું કામ નથી. ચીના મજુરોને દેશ બહાર કાઢવાને કેટલી બધી મહેનત પડી હતી? અને એ મહેનતથી આપણા લોકો વધારે સુદૃઢ નથી થયા? એશિયાવાસીઓના સંબંધમાં તેમજ કરવું પડશે. દક્ષિણ આફ્રિકા આ વિદેશી તત્ત્વથી મુક્ત થશે એમાં કાંઈ શક નથી. પણ તેમ કરવામાં ફતેહમંદી મેળવતાં ઘણો પરસેવો વળશે. છેવટ જ્યારે એશિયાવાસીઓને હાંકી કાઢવામાં આવશે, ત્યારે તે પ્રયત્નથી આ દેશ વધારે સારો અને મજબૂત થશે."

ઉપરના હેતુ અનુસાર સન ૧૯૦૭નો ૨ જો કાયદો અને સને ૧૯૦૮ નો ૩૬ મો કાયદો એ પ્રમાણે બન્ને કાયદા બાંધવામાં આવ્યા હતા. આ કાયદાની રુયે જે એશિયાવાસીઓએ ટ્રાન્સવાલમાં રહેવાનો કાયદેસર હક મેળવ્યો હોય, તેઓને પોતાનાં નામ નોંધાવી આંગળી અંગુઠાની નિશાની આપી તે ખાતાના રજીસ્ટ્રાર પાસેથી એક "સર્ટિફિકેટ" મેળવવું પડે છે, તે "સર્ટિફિકેટ કોઈ પણ પોલીસ અમલદાર કોઈ પણ જગ્યાએ જોવા માગી શકે છે, અને જેઓએ તે ન મેળવ્યું હોય, અથવા જેઓ તે બતાવવા ના પાડે તેઓને ફોજદારી ન્યાયાધિશ પાસે ખડા કરી ત્રણ મહિનાની સખત કેદની અથવા સો પાઉન્ડ દંડની શિક્ષા કરાવી શકાય છે. જેઓ વગર "સર્ટિફિકેટે" દેશમાં દાખલ થવા માગે તેઓને હદપાર કરી શકાય છે, અને જેઓ હદપાર થયા પછી ફરી દાખલ થાય છે, તેઓને છ મહિનાની સખત મજુરી સાથની અથવા સો પાઉન્ડના દંડની શિક્ષા કરાવી શકાય છે. આ કાયદાને લીધે કમતીમાં કમતી ૨૫૦૦ માણસોને તુરંગમાં મોકલવામાં આવ્યા છે, અને સંખ્યાબંધ માણસોને હદપાર કરવામાં આવ્યા

CC-0. In Public Domain. Gurukul Kangri Collection, Haridwar

Digitized by Arya Samaj Foundation Chennai and eGangotri

છે. કેટલાક માણસોને એકાએક હદપાર કરી ખાલી પહેરેલાં કપડાંથી હિન્દુસ્થાન ઉતારવામાં આવ્યા છે, અને તેઓને ટ્રાન્સવાલમાં તેઓનાં બાળ બચ્ચાં મૂકીને ચાલ્યા જવું પડયું છે. સારા નશીબે ભાઈ મોહનદાસ અને તેની સાથે રહી કામ કરનાર સત્યાગ્રહીઓએ તેઓને જોઇતું રક્ષણ આપવાનું માથે લીધું છે. તેમ ન થયું હોત તો તેવા પરાયા મુલકમાં તેઓની શી વલે થાત? સને ૧૯૦૭ ના કાયદા ઉપર રાજાની મંજુરી મળી તે પહેલાં એટલે કે સને ૧૯૦૬ માં તે વખતની કામચલાઉ સરકારે તેજ કાયદો પસાર કર્યો હતો. તે ઉપરથી તારીખ ૧૧ મી સપ્ટેમ્બર સને ૧૯૦૬ માં જોહાનેસ્બર્ગમાં હિન્દીઓની એક ગંજાવર સભા બોલાવવામાં આવી હતી. તે સભામાં ત્રણ હજાર હિન્દીઓ હાજર થયા હતા, અને તેજ વખતે તેઓએ ઠરાવ પસાર કર્યો હતો, કે જો હિન્દીઓને ફરીવાર ઓળખ આપવાની ફરજ પાડવામાં આવશે, તો તેઓ ઓળખ નહીં આપતાં કાયદામાં ઠરાવેલી શિક્ષાને આધીન થશે. ત્રણ વરસથી તે લડત ચાલે છે, તે દરમીઆન કોમના આગેવાન જેવા કે મોહનદાસ, દાઉદ મહમદ, રૂસ્તમજી જીવણજી, ઈમામ અબદુલ કાદર, અહમદ મામદ કાચલીઆ, ઈબ્રાહીમ અસ્વાત, થમ્બી નાઇડુ, ગૌરીશંકર વ્યાસ, સોરાબજી શાપુરજી વગેરે તુરંગમાં જઇ આવ્યા છે અને હજુ ગયા કરે છે, અને તેઓની પાછળ બધી કોમના માણસોએ પોતાની ઓળખ આપવા કરતાં તુરંગમાં જવાનું પસંદ કર્યું છે. તેમાંના કેટલાક એકથી વધારે વખત તુરંગમાં ગયા છે અને કોઇ કોઇ પાંચથી છ વાર પણ જઈ આવ્યા છે. ફકીરા નામનો એક માણસ સાતમી વખત તુરંગમાં ગયો છે. સત્યાગ્રહની લડત ચલાવવામાં ટ્રાન્સવાલના હિન્દી વતનીઓ પોતાની જાતને માટે લડતા નથી, પણ ખસુસ કરીને આ દેશના નાકને માટે લડે છે. જો આ પ્રસંગે તેઓએ પોતાના દેશ તરફની પોતાની ફરજ બજાવવાનું માંડી વાળ્યું હોત, અને તેઓ એ કાયદાને તાબે થયા હોત, તો તેથી હિન્દુસ્થાનના નામને ઘણો મોટો ધોકો પહોંચત, અને આખી દુનીઆમાં હિન્દુસ્થાનને નામોશી

CC-0. In Public Domain. Gurukul Kangri Collection, Haridwar

Digitized by Arya Samaj Foundation Chennai and eGangotri

લાગત. પણ તે કાયદાને તાબે નહીં થવામાં, અને માર પછાડના રસ્તા લેવાને બદલે સત્યાગ્રહની લડત ચલાવવામાં, તેઓએ આ પવિત્ર ભૂમિનું નામ અનામત રાખ્યું છે, અને આજે હિન્દીઓ દુનીઆની ગણત્રીમાં કાંઈક ઉંચો દરજ્જો ભોગવે છે. તે લડત અને લડનારના સંબંધમાં તારીખ ૯ ડિસેમ્બર સને ૧૯૦૯ ના રંગુન ગેઝેટમાં નીચે પ્રમાણે લખાણ હતું:—

"હાલના સમયમાં એવો એક પણ વિચારવંત પુરુષ નથી કે જે હિન્દીઓની માગણીનું વાજબીપણું નહીં સ્વીકારે. તે હિલચાલ ન્યાયી અને રાજ્યનિયમાનુસાર હોવાથી તેણે ખરું જોર પકડયું છે, અને ટ્રાન્સવાલના કેટલાક હિન્દી વતનીઓ એવા નિવડ્યા છે કે જેનાં આપણે વખાણ કર્યા વગર રહી શકતા નથી. તેઓના સત્યાગ્રહ, નૈતિક બળ, અને આત્મભોગની નોંધ ઇતિહાસ ઉપર ચડી છે, અને તેને માટે હિન્દીઓ હમેશ મગરૂર રહેશે. હિન્દુસ્તાનની જૂદી જૂદી કોમો ટ્રાન્સવાલના હિન્દીઓને જે કાંઈ રસ્તાસર મદદ આપી શકે તે તેઓએ તેમને આપવી ઘટે છે."

હિન્દીઓએ સત્યાગ્રહની લડત લડતાં બતાવી આપ્યું છે, કે આત્મબળ સામે શરીરબળ ટકી શકતું નથી. જે રાજ્યનો પાયો જુલમ, અન્યાય, અને અજ્ઞાનતા ઉપર રચવામાં આવે છે, તેની પ્રજા ઘણા લાંબા વખત સુધી ઉંચ પદ ભોગવી શકતી નથી. આ સંબંધમાં દક્ષિણ આફ્રિકાના હાઈ કમીશનર લોર્ડ સેલ્બોર્ન સને ૧૯૦૬ માં જોહાનેસ્બર્ગમાં નીચે પ્રમાણે બોલ્યા હતા:—

"જેવી રીતે ડામ દેવાથી ચામડી બળી જાય છે, તેવી રીતે અન્યાય અને જુલમથી જુલમગાર અને જેના ઉપર જુલમ ગુજારવામાં આવે છે તે બન્નેના સદ્‌ગુણનો નાશ થાય છે, અને તે બન્નેના ચારિત્ર ઉપર અક્ષય ડાઘ લાગે છે. તેની અસર જુલમગારને હમેશ તદ્દન ખરાબી કરનારી નિવડે છે. તે દિવસે દિવસે વધારે વધારે ક્રૂર થતો જાય છે, અને ઈશ્વર તરફની જવાબદારીનું અને તેના જાતભાઈઓ પ્રત્યેની લાગણીનું બિલકુલ ભાન ભૂલી જાય છે. માણસો જેવું વાવે તેવું લણે છે.

CC-0. In Public Domain. Gurukul Kangri Collection, Haridwar

Digitized by Arya Samaj Foundation Chennai and eGangotri

ઇશ્વરની ઘંટીઓ દળવામાં ઘણી ધીમી છે પણ તેમાં જે દળાય છે તે ઘણું બારિક થાય છે, અને જુલમગારની પ્રજાને એક દહાડો તે બધાને માટે શિક્ષા ભોગવવી પડે છે. જેના ઉપર જુલમ ગુજારવામાં આવે છે, તેને પણ ઇજા થયા વગર રહેતી નથી. તેની નબળાઇના દહાડામાં તે જુઠ્ઠાણું ચલાવે છે, અને દિલમાં કીનો રાખે છે, પણ તેની સાથે તેનામાં ઉમદા ગુણ પ્રકટ થાય છે, અને તે ગુણ તેને વળગી રહે છે. રાજ્યકીય અને સામ્રાજ્યિક દબાણ થતાં તે એકસંપી થતો જાય છે, અને એટલો બધો આગ્રહી થાય છે, કે જેથી તેનો આગ્રહ જાહેર ગુણનું રૂપ ધારણ કરે છે. તેમાં પોતાનાં સગાં વહાલાં અને કોમને માટે અત્યંત આત્મ-ભોગ આપવાની શક્તિ આવે છે."

રાત્રી પછી દિવસ અને તાઢ પછી તડકો એ પ્રમાણે હમેશ કુદરતી બનાવો બન્યાજ કરે છે. જ્યારે અમુક ધોરણથી, અમુક કાયદાથી, અથવા અમુક રાજ્યથી પ્રજાને ત્રાસ થાય છે, ત્યારે તે કુદરતી ધોરણને અનુસરીને પોતાનું અંતર્બળ ખીલવે છે, અને ખરું મનુષ્યત્વ ધારણ કરે છે. જો આપણા ભાઇઓએ ટ્રાન્સવાલમાં તે લડત ચલાવી ન હોત, અને હિન્દી સરકારે વહાર કરી ન હોત, તો થોડા કાળમાં નાતાલ, કેપકોલોની અને બીજાં સંસ્થાનો પણ તે જ મુજબ કાયદાઓ કરત, અને કાળે કરીને એવો સમય આવત કે, સ્વતંત્ર હિન્દીઓને હિન્દુસ્થાનની બહાર જઇ વસવું મુસ્કેલ પડત. કેટલાક લોકો સવાલ કરે છે કે, આ લડતથી હિન્દીઓને શું મળવાનું છે? સત્તા આગળ શાણપણું કંઈ ચાલે? પણ મી. ડોકનું પુસ્તક વાંચનારને સ્પષ્ટ રીતે જોવામાં આવશે, કે એ લડત ચલાવવામાં હિન્દીઓએ ખરું પુરુષત્વ બતાવ્યું છે, અને તેઓએ હિન્દની અમૂલ્ય સેવા બજાવી છે. જુલમગારના જુલમનું નિવારણ કરવાને માટે સત્યાગ્રહ, એ અકસીર ઇલાજ છે. તે કેટલો અકસીર ઇલાજ છે, એ સમજવાને માટે મી. ડોકનું પુસ્તક મનન કરવા યોગ્ય છે.

CC-0. In Public Domain. Gurukul Kangri Collection, Haridwar

Digitized by Arya Samaj Foundation Chennai and eGangotri

મી૦ ડોક લખે છે, કે "મારા મનમાં એમ ઉગી આવ્યું છે કે, ભવિષ્યની લડતને માટે જો હું એક નાનું, નિર્મળ, તાદૃશ, વિશ્વાસપાત્ર, અને ઇંગ્લાંડના લોકો તમને પોતાને યથાસ્થિત સમજી શકે એવું આબેહુબ ચિત્રવાળું, પુસ્તક લખી શકું તો તેથી આ કાર્યને કાંઇક ટેકો મળી શકે."

ખરેખર તેમ કરવામાં મી૦ ડોક પૂર્ણ રીતે ફતેહમંદ થયો છે. ખાલી સત્તાણું પાનાના પુસ્તકમાં તેણે ભાઈ મોહનદાસના આત્મભોગ, આત્મસંયમ, અને આત્મબળ, તેમ જ તેના ધાર્મિક અને નૈતિક વિચારોના સંબંધમાં એટલો સરસ અને આબેહુબ ચિતાર આપ્યો છે, અને તેનું લખાણ એટલા બધા ઉંચા પ્રકારનું છે, કે જેથી વાંચનારને તે પુરુષના ચારિત્રનો ઉંચો ખ્યાલ અને તેના પ્રત્યે વહાલપ આવ્યા વગર રહેશે નહીં. હિન્દુસ્થાનમાં થઈ ગયેલા મહાન્ પુરુષોની ગણત્રીમાં ગણાવા યોગ્ય આ પુરુષે છેલ્લાં સોળ વરસથી દક્ષિણ આફ્રિકામાં એવો ઝુંડો ઉઠાવ્યો છે કે, જે આજ કાલ દરેક પ્રજાને ચકિત કરે છે, અને જેને લીધે હિન્દીઓ ઉપર ગુજરતી હાડમારીથી આખી દુનીઆ વાકેફ થઇ છે. લસ્કરી બળમાં અને ગોળીબાજ તરીકે બોર લોકોએ દુનીઆમાં જે નામના મેળવી છે, તેના કરતાં વધારે ચડતા પ્રકારની નામના કોઈ પ્રજાએ મેળવી હોય, તો તે ભાઇ મોહનદાસની આગેવાની નીચે ટ્રાન્સવાલના હિન્દીઓએ સત્યાગ્રહની લડતમાં મેળવી છે એમ કહી શકાય. આવી ખુનરેજી વગરની લડાઇ દુનીઆના ઇતિહાસમાં આ પહેલીવારની છે, એમ કહેવું વધારે પડતું નહિ હોય. બોર લોકો ખરેખરા બહાદુર ત્યારે જ ગણી શકાશે, કે જ્યારે તેઓ પોતાના જેવા જ બહાદુર નરોને પોતાના સમાન ગણી તેઓને માન આપતાં શિખશે. હાલના સમયમાં પણ કોઈ કોઈ જગોએ તેવાં ચિહ્નો જોવામાં આવે છે, અને એમ ધારી શકાય છે કે, કાળે કરીને આવો મોટો ફેરફાર થઈ શકશે. સને ૧૮૯૩ માં તેણે આત્મભોગરૂપી જે બીજ રોપ્યાં હતાં તેમાંથી આજે થોડાં થોડાં ફળ મળવા લાગ્યાં છે.

CC-0. In Public Domain. Gurukul Kangri Collection, Haridwar

Digitized by Arya Samaj Foundation Chennai and eGangotri

ટ્રાન્સવાલની સત્યાગ્રહની લડતથી ભાઇ મોહનદાસને કેટલુંક જોવા વિચારવાનું મળ્યું છે. તેના પરિણામમાં કેટલાક વિચારો તેના હૃદયમાં સિદ્ધાંતરૂપે ઠસેલા છે, તેનો સાર નીચે પ્રમાણે છેઃ—

જેનામાં ઉંચા પ્રકારની હિમ્મત અને પુરુષત્વ છે, તે જ આત્મબળી થઇ શકે છે. ફક્ત મરદ જ આત્મબળી થઇ શકે છે એમ નથી, પણ બઇરાંઓ અને છોકરાંઓ પણ આત્મબળી થઇ શકે છે. તે બળવડે લડવાને માટે ખસુસ કરીને ઘણાં માણસોની જરૂર નથી. જોકે તેમાં ઘણાં માણસો સામેલ થવાથી તે તરત ફળદાયક થઇ શકે છે. પણ તે લડત થોડાં માણસોથી પણ લડી શકાય છે. ભાઈ મોહનદાસ કહે છે કે ટ્રાન્સવાલના બધા લડનારાઓ થાકી જાય, ત્યાર પછી તે પોતે એકલા એ લડત ચલાવી શકે છે. શરીરે નબળા માણસો પણ પહેલવાનના જેટલા જ આત્મબળી થઇ શકે છે. આત્મબળી થવાને માટે કસરત અને કવાયત શિખવાની જરૂર પડતી નથી. તોપ અથવા બંદુક વાપરવાનું જ્ઞાન મેળવવું પડતું નથી. જેઓ પોતાના ઉપર સ્વરાજ્ય (self mastery) મેળવી શકે છે, તેનાથી રાજાઓ ડરે છે, તેઓના સામે તેઓના તોપગોળા નકામા છે, અને આખરે સરકારને તેઓની માગણી મંજુર કરવી પડે છે.

જેઓએ ટ્રાન્સવાલની સત્યાગ્રહની લડતમાં ભાગ લીધો છે, અને જેઓ એકથી વધારે વખત તુરંગમાં જઈ આવ્યા છે, તેઓ લશ્કરી માણસોથી હિમ્મતવાન્ ઓછા છે એમ કોણ કહી શકશે? લશ્કરી માણસો લડવા જાય છે, ત્યારે મોત પોતાના હાથમાં લઇને જાય છે. તે જ પ્રમાણે આ લોકો પણ મોત પોતાના હાથમાં લઇને તુરંગમાં જાય છે. જેવી રીતે લશ્કરી માણસો પોતાનું સર્વસ્વ છોડીને રણસંગ્રામ ઉપર જાય છે, તેવી રીતે સત્યાગ્રહીઓ પણ પોતાનું સર્વસ્વ છોડીને તુરંગમાં જાય છે. ટ્રાન્સવાલમાં એ પ્રમાણે બન્યું છે. ભાઈ મોહનદાસ પોતે વકીલાત છોડી ત્રણ વખત તુરંગમાં જઈ આવ્યા છે, અને ચોથી વખત જવાને તૈયાર હતા, પણ સરકાર તેને પકડવાની હિમ્મત ધરી શકતી નથી. પાછળ

CC-0. In Public Domain. Gurukul Kangri Collection, Haridwar

Digitized by Arya Samaj Foundation Chennai and eGangotri

તેઓનાં બઇરાં છોકરાંનું શું થશે, તેઓને જોઇતી ચીજવસ્તુ કોણ લાવી આપશે, તેને માટે જોઇતાં નાણાં ક્યાંથી મળશે, (એ જાહેર વાત છે કે તેણે પોતાના ભવિષ્યને માટે કાંઇપણ સંગ્રહ કર્યો નથી. સામાન્ય રીતે તેને ખરચ જોગું મળતું આવ્યું છે, પણ જ્યારે કાંઇ વધારે રકમ હાથમાં આવી છે ત્યારે તેણે તેનો ઉપયોગ ઇન્ડીઅન ઓપિનીઅન, ફ્રીનિકસ અને સત્યાગ્રહની લડતમાં કર્યો છે), તે વિષે તેણે કાંઇપણ ખ્યાલ કર્યા વગર જ્યારે જ્યારે તક મળી છે, ત્યારે ત્યારે તે તુરંગમાં જવા તૈયાર રહ્યા છે. શેઠ દાઉદ મહમદ, શેઠ કાચલીઆ અને તેવા દરજ્જાના કેટલાક શેઠીઆઓ, પોતાની ફરજ બજાવવામાં પોતાના ધંધા રોજગાર છોડી, તુરંગમાં ત્રણ ત્રણ ચાર ચાર વાર જઇ આવ્યા છે. તેઓની ગેરહાજરીમાં તેઓના ગોરા લેણદારોએ (હિન્દીઓના વેપારનો મુખ્ય આધાર ગોરા ધીરધાર કરનારા ઉપર છે) તેની લેણી રકમ વસુલ કરવાને અનેક તકલીફો આપી આડકતરી રીતે સત્યાગ્રહની લડત છોડાવવાની મહેનત કરી, પણ આખર સૂધી તેઓ ડગ્યા નથી. હાલ તેઓનો ધંધો રોજગાર બંધ થઈ ગયો છે, અને તેઓ અત્યંત ગરીબી હાલતમાં રહે છે. દુનીઆદારીની બાબતમાં લશ્કરી માણસો જે આત્મભોગ આપી શકે છે, તેના કરતાં વિશેષ આત્મભોગ સત્યાગ્રહીઓ આપી શકે છે, અને તેના સેંકડો દાખલા ટ્રાન્સવાલની લડત લડનારાઓમાંથી મળી આવે છે.

આ લડતમાં બઇરાં અને છોકરાંઓએ પણ ભાગ લીધો છે. જ્યારે મરદો તુરંગમાં જતા, ત્યારે કેટલાંક બઇરાંઓ ફેરીઆ તરીકે ધંધો કરી પોતાનો અને પોતાના કુટુમ્બનો નિર્વાહ કરતાં હતાં, અને સીધી રીતે અને આડકતરી રીતે પોતાના ધણીઓને તેઓની લડતમાં પૂરતું ઉત્તેજન આપતાં હતાં. ટોડ્‌ના રાજ્યસ્થાનમાં એવા ઘણા બનાવો વર્ણવેલા છે કે, જેમાં રજપૂતાણીઓએ પોતાના ધણીને પડખે રહી લડાઇમાં દરેક પ્રકારની મદદ અને ઉત્તેજન આપ્યાં હતાં, અને એવા પણ કેટલાક કિસ્સા વર્ણવેલા છે કે, જેમાં મરદો લડાઇમાંથી હાર ખાઈ ઘેર નાશી આવતાં, તેઓનાં બઇરાંઓએ તેઓનું મોઢું

CC-0. In Public Domain. Gurukul Kangri Collection, Haridwar

Digitized by Arya Samaj Foundation Chennai and eGangotri

જોવા ના પાડી હતી. આ લડતમાં તેવું પણ બન્યું છે. જ્યારે જ્યારે તેઓના ધણીઓને તુરંગમાં જવાનો વખત આવતો, ત્યારે ત્યારે તેઓનાં બઇરાંઓએ તેઓને તુરંગમાં જવાને માટે ઉત્તેજન આપ્યું છે, અને કોઈ કોઇ એવા પણ દાખલા બન્યા છે કે, જેમાં મરદોએ તુરંગમાં જવાની આનાકાની કરતાં અથવા તુરંગમાં જવાને બદલે દંડ આપી આવતાં તેઓનાં બઇરાંઓએ તેમના તરફ તિરસ્કાર બતાવ્યો છે. કેટલાંક છોકરાંઓએ પણ આ લડતમાં જૂદે જૂદે પ્રકારે ઘણી કિમતી સેવા બજાવી છે.

ટ્રાન્સવાલની લડતમાં કોઈ કોઈ વાર મોટી સંખ્યા સામેલ થઇ છે, અને કોઇ કોઇ વાર તે સંખ્યા કમી પણ થઇ ગઇ છે. કોઇ કોઇ થોડો વખત સત્યાગ્રહી રહી નરમ પડી જાય છે, પણ તેમાંના કેટલાકને ફરીવાર શરાતન ચડી આવે છે, અને તે પાછા લડતમાં સામેલ થાય છે. જે બધાએ જોહાનેસ્બર્ગની સભામાં સત્યાગ્રહની લડત ચલાવવા સોગન લીધા હતા, તેમાંના બધા અક્ષરે અક્ષર તે પ્રમાણે વરતી શક્યા નથી કેટલાકને સત્યાગ્રહ અખત્યાર કરવાથી પોતાની અને પોતાના કુટુમ્બની પાયમાલી થવાની બીક લાગતાં પોતે જાતે તેમાં ભાગ લેતાં ડર્યા છે. ઘણા ખરા વેપારીઓ ગોરાઓના દેવાદાર હોય છે, અને જો તેઓ જાહેર પડે છે, તો તેઓને ગોરાઓ પોતાનાં લેણાંને માટે અનેક પ્રકારે દબાવે છે, જેથી તેઓ ફક્ત ખાનગી રીતે બને તેટલી મદદ કર્યા કરે છે. હિન્દુસ્થાનથી મદદ પહોચાડવામાં આવી, તે પહેલાં સત્યાગ્રહની લડતને માટે જોઇતાં નાણાં આ વર્ગના લોકોએ પૂરાં પાડ્યાં હતાં.

ટ્રાન્સવાલના સત્યાગ્રહીઓ મુખ્યત્વે કરીને વેપારી અને ફેરીઆ વર્ગના છે. તેઓએ પોતાનાં શરીર કસેલાં નથી, તેમજ તેઓ કોઇ પણ જાતની કસરત કવાયતથી વાકેફગાર નથી. તેઓ તોપ બંદુકનો ઉપયોગ જાણતા નથી, અને જાણવા માગતા પણ નથી. આ લખનાર પોતાની જાતમાહિતીથી કહી શકે છે, કે તેમાંના કેટલાક બંગલાઓમાં રહેનારા, અને ગાડી ઘોડામાં ફરનારા હતા, છતાં તેઓ તુરંગમાં જઇ ભૂખ, તરસ,

CC-0. In Public Domain. Gurukul Kangri Collection, Haridwar

Digitized by Arya Samaj Foundation Chennai and eGangotri

ટાઢ, તડકો, અને નાનાં મોટાં અનેક દુઃખો વેઠવા તૈયાર થયા છે. આ બધું જાણ્યા પછી, લશ્કરી માણસોની સહનશકિત કરતાં આત્મબળી માણસોની સહનશકિત ઓછી છે, એમ કોણ કહી શકશે! ખરેખર આપણે એ બધાને માટે અભિમાન ધરાવવું જોઇએ!

ટ્રાન્સવાલની લડત જોઇએ તેના કરતાં વધારે લંબાઈ છે ખરી, પણ તેનો અર્થ એટલો જ છે કે, કાર્યસિદ્ધિને માટે જેટલા સત્યાગ્રહની જરૂર હતી, તેના કરતાં તેઓ કાંઇક ઓછો સત્યાગ્રહ બતાવી શકયા છે. ત્યાંની હિન્દી વસ્તીમાંના કેટલાકે સરકારના અને ગોરી વસ્તીના એક અથવા બીજા ત્રાસથી પોતાનું "સર્ટિફિકેટ" બતાવી પોતાનો ધંધોરોજગાર જારી રાખ્યો હતો, અને તેવાની સંખ્યા વધારવાને સરકાર હમેશ મથ્યા કરે છે. તેને લીધે સત્યાગ્રહીઓની સંખ્યા ઓછી થઇ ગઇ છે. છતાં તેટલાની લડત પણ જીરવવાને સરકાર લગભગ અશક્ત થઇ ગઇ છે. હમણા હમણામાં ત્યાંનાં જાહેર છાપાઓએ વલણ બદલ્યું છે અને તેઓ હિન્દીઓની માગણી મંજુર કરવા સરકારને ભલામણ કરે છે. ટ્રાન્સવાલ 'લીડર' જે એક વખત હિન્દીઓની સામે હમેશ પોતાની કલમ વાપરતું હતું, તે તેના તારીખ ૨૩ ડિસેમ્બર સને ૧૯૦૯ ના અંકમાં નીચે પ્રમાણે લખે છે:-

"જે કાયદાવડે એશિયાવાસીઓને તેઓની માન્યતા પ્રમાણે વિનાકારણ અપમાન આપવામાં આવે છે, તે કાયદો કાયમ રાખી તે બધી પ્રજાને આપણે દેશની અંદર આવતા અટકાવીશું, કે કોઈ પણ દેશની પ્રજાના લોકોને આવતા અટકાવવાને માટે દેશના હાકિમને સત્તા આપી, તેઓને એ બદનામથી મુક્ત કરીશું? આપણાથી વધારે પૂરાણા સુધારાવાળી અને કેટલીક બાબતમાં ઉંચા સુધારાવાળી પ્રજાઓને આપણે લાંછન લગાડીશું, કે તમામ દેશાવરથી જે લોકો આંહી આવવા માગે, તેને રાજ્ય તરીકે અમુક શરતે અને અમુક હદમાં જ આવવા દેવાની સત્તા મેળવી બાકીનાઓને આવતા અટકાવવાથી સંતોષ માનીશું? ભાઇ મોહન-

CC-0. In Public Domain. Gurukul Kangri Collection, Haridwar

Digitized by Arya Samaj Foundation Chennai and eGangotri

દાસ અને તેના મિત્રોએ ગઇ કાલે જે સંમતિ આપી છે, તેથી આશા રખાય છે કે, સરકારને હવે સ્પષ્ટ જોવામાં આવશે કે, આખી પ્રજાને બદનામ નહીં કરતાં, અમુક અમુક માણસોની સાથે, કયા ધોરણે વર્ત્તવું, એ ધોરણ સ્વીકારવું જોઇએ. જે હિંદીઓમાં દુનીઆના અગ્રેસર ગ્રહસ્થો, વિદ્વાનો અને લડવૈયા છે, અને જેમાંના ઉંચા વર્ગના લોકો ભાઇ મોહનદાસ અને મી૦ રોયપેનના જેવા છે, તે પ્રજાની આટલી માગણી કબુલ કરવી, એ તેઓનું તેમજ ટ્રાન્સવાલની સરકારનું ભૂષણ છે. તેથી હિંદુસ્થાનના લોકોની સખત રીતે દુખાયલી લાગણીને શાન્તિ વળશે અને બાદશાહી સરકારની ચિંતાનો બોજો દૂર થશે."

ગોરી વસ્તી પણ ધીમે ધીમે ઠેકાણે આવતી જાય છે. હિંદી અને ગોરા વચ્ચેની દુશ્મની કમી થતી જાય છે. ગોરાઓ વધારે ને વધારે સંખ્યામાં હિન્દીઓ પ્રત્યે મિત્રાચારી બતાવતા જાય છે, અને હાલના વખતમાં ટ્રાન્સવાલના હિન્દી રહીશો જે સ્વાભિમાન ધરાવી શકે છે, તેટલું સ્વાભિમાન ધરાવનારા હિન્દુસ્થાન જેવા વિશાળ દેશમાંથી ઘણી મોટી સંખ્યામાં નહીં મળી આવે.

સત્યાગ્રહની લડત લડનારાઓમાં એક પ્રાધાન્ય ગુણ હોવો જોઇએ; અને તે ગુણ સત્ય છે. જો તેઓની લડતનો પાયો આ ગુણરહિત હોત, તો તેઓ ક્યારનાય ચગદાઈ ગયા હોત. જે દેશમાં હરિશ્ચંદ્ર જેવા પુરુષ થઇ ગયા છે, જ્યાં દિનપર દિન તેવી કથાઓનાં શ્રવણ થયા કરે છે, જ્યાં કર્નલ સ્લીમનના અનુભવ પ્રમાણે એક જૂઠું કહેવાથી માણસો પોતાની મિલ્કત, સ્વતંત્રતા અને જીંદગી બચાવી શકે તેવે પ્રસંગે પણ તે જૂઠું બોલતાં અચકાય છે, અને જ્યાં મેક્સ મ્યુલર લખે છે તે પ્રમાણે દરેક વિદેશી મુસાફરે હિન્દની પ્રજામાં પ્રાધાન્ય ગુણ સત્યતાનો જોયો હતો, તે દેશના લોકો પરાઈ ભૂમિમાં જઈ આપત્તિના સમયમાં પણ તે ગુણને ચુસ્ત રીતે વળગી રહે છે, તે આ દેશના ભવિષ્યનું શુભ ચિહ્ન છે. દરેક મનુષ્યને પોતાનું સ્વાભિમાન જાળવવાને માટે સત્ય એક મોટું હથીઆર છે.

CC-0. In Public Domain. Gurukul Kangri Collection, Haridwar

Digitized by Arya Samaj Foundation Chennai and eGangotri

સત્યાગ્રહની લડત લડનારાઓમાં બીજો મુખ્ય ગુણ અભયતાનો હોવો જોઇએ, અને જેનામાં અભયતા છે તે જ સત્યાગ્રહી બની શકે છે. જેઓ પોતાના સ્વાર્થનો વિચાર કરે છે, તેઓ સત્યાગ્રહી બની શકતા નથી, પણ પરમાર્થ બુદ્ધિવાળા જ ફકત સત્યાગ્રહી બની શકે છે. ભર્તૃહરિકૃત નીતિશતકમાં કહ્યું છે કેઃ–

निन्दन्तु नीतिनिपुणा यदि वा स्तुवन्तु
लक्ष्मीः समाविशतु गच्छतु वा यथेष्टम्।
अद्यैव वा मरणमस्तु युगान्तरे वा
न्याय्यात्पथः प्रविचलन्ति पदं न धीराः॥

અર્થ.—નીતિમાં કુશળ પુરુષોની નિંદા થાય અથવા સ્તુતિ થાય, તેઓને ઇચ્છા પ્રમાણે પૈસો મળે અથવા તો ચાલ્યો જાય, તેઓનું આજે મરણ થાય અથવા યુગ પછી થાય, પણ અડગ પુરુષો ન્યાયમાર્ગે મૂકીને એક ડગલું પણ આગળ ભરતા નથી.

ટ્રાન્સવાલના સત્યાગ્રહીઓનું એ જ પ્રમાણે થયું છે. તેઓએ એ લડતમાં પોતાનો સ્વાર્થ જોયો નથી, પૈસો ચાલ્યો જશે અને બૈરાં છોકરાંઓ નિરાધાર થઇ જશે, તેની ચિંતા રાખી નથી, તુરંગનાં દુઃખ ભોગવતાં ડરી ગયા નથી અને કોઇની નિંદા અથવા સ્તુતિથી પોતાનો ધર્મ ચૂક્યા નથી. તેઓ ભાઇ મોહનદાસના શબ્દોમાં કહેતાં એમ જ માને છે કે, "જે કાયદો આપણને પસંદ ન હોય તે પ્રમાણે આપણે ચાલવું, એવું શિક્ષણ મરદાઇથી વિરુદ્ધ છે, ધર્મવિરુદ્ધ છે અને ગુલામીની હદ છે.....જો લોકો શીખી લે કે આપણને અન્યાયી લાગે તે કાયદાને માન આપવું એ નામરદાઇ છે; તો પછી આપણને કોઇનો જુલમ બંધન કરી શકતો નથી. તે સ્વરાજ્યની ચાવી છે." એમાં કાંઇ શક નથી કે, જે પ્રજા ઉન્નતિ ભોગવવા ચાહતી હશે, તેણે કોઇપણ કાયદો અન્યાયી લાગતાં તે નાકબુલ કરવા સત્યાગ્રહ અખત્યાર કરવો

CC-0. In Public Domain. Gurukul Kangri Collection, Haridwar

Digitized by Arya Samaj Foundation Chennai and eGangotri

પડશે. સત્યાગ્રહ કેવું બળવાન્ હથીઆર છે, તે વિષે ભાઈ મોહનદાસ લખે છે કે, "સત્યાગ્રહ તે સર્વધારી તલવાર છે. તે જેમ વાપરો તેમ વપરાય. વાપરનાર તથા જેની ઉપર તે વપરાય છે, તે સુખી થાય છે. તે લોહી કહાડતી નથી, છતાં પરિણામ તેથી પણ ભારે લાવી શકે છે. તેને કાટ ચડી શકતો નથી. તે કોઈ લઇ જઈ શકતું નથી. સત્યાગ્રહી જો હરીફાઇ કરે તો તેમાં થાક ચડે જ નહીં. સત્યાગ્રહની તલવારને મ્યાનની જરૂર ન મળે. તે કોઇથી છીનવી શકાતી નથી."

સત્યાગ્રહની લડતની ફતેહમંદીનો આધાર કેવળ સત્ય ઉપર છે. તેમાં સત્યમિશ્રિત જૂઠાણું નભી શકતું નથી, અને જે લડતનો પાયો કેવળ સત્ય ઉપર રચવામાં આવતો નથી, તે લડત લડનારાઓને તેમ જ દેશને ઘણી હાનિકારક નિવડે છે.

જેઓ મહાન્ કાર્યો કરવા ઇચ્છતા હશે, પોતાની જીંદગી પરોપકાર અર્થે ગુજારવા ધારતા હશે, અને દેશસેવામાં પોતાનો દેહ અર્પણ કરવા માગતા હશે, તેઓએ પહેલાં તો આત્મભોગ આપવો જોઇશે અને ગરીબાઇ અખત્યાર કરવી પડશે. આ હેતુથી મહાવીર, બુદ્ધ વગેરે મહાત્માઓએ મહેલ અને વૈભવ છોડી સન્યસ્ત લીધું હતું, અને ઘણે ભાગે આ હેતુથી આજ પર્યંત હિન્દુસ્થાનમાં હજારો માણસો સાધુ સન્યાસી બને છે. આ દેશના લોકો આત્મભોગ આપવાની અને ગરીબી હાલતમાં રહેવાની જેટલી શક્તિ ધરાવે છે, તેટલી શક્તિ ભાગ્યે જ કોઇ બીજા દેશના લોકોમાં હોઇ શકે; અને તેનું મુખ્ય કારણ એ છે કે, તેઓની હાજતો ઘણી થોડી છે, અને તે સહેલાઇથી પાર પડી શકે છે. હાલમાં લોકોમાં કેટલીક હાજતો વધી છે ખરી, પણ તેનું કારણ દેખાદેખી છે. આપણામાંના કેટલાક યુરોપની નક્લ કરવા માગે છે અને ત્યાંના લોકોની પેઠે સંસારવિષયવાંછના (Materialism) માં લુબ્ધ થતા જાય છે, પણ સારાં નશીબે આ વર્ગની સંખ્યા ઘણી નાની છે. જો હિન્દુસ્થાનના લોકો પોતાની હાજતો વધારી મૂકે અને તેઓમાં

CC-0. In Public Domain. Gurukul Kangri Collection, Haridwar

Digitized by Arya Samaj Foundation Chennai and eGangotri

સંસારવિષયવાંછના વધારે વધારે પ્રદીપ્ત થાય, તો તેનું ધાર્મિક અને નૈતિક સર્વોપરીપણું લાંબા વખત સુધી નભી શકે નહીં, અને લોકોની સ્થિતિ ઘણી ગંભીર થઇ પડે. દેશહિતને માટે ભાઇ મોહનદાસ અને બીજાઓએ જે ગરીબાઇ અખત્યાર કરી છે, તે આ આર્યભૂમિના શિક્ષણનાં ફળ છે, અને જેમ જેમ આ સંખ્યા વધતી જશે, તેમ તેમ આ દેશનો ઉદય વધારે ને વધારે પ્રમાણમાં થતો જશે. તેની માન્યતા એવી છે, કે દેશસેવાને માટે આપણા લોકોએ સારાં સારાં મિષ્ટાન્ન મેવા ખાઇ શરીર નાજુક બનાવવા કરતાં, જાડા ખોરાક ઉપર નિવાહ કરવો જોઇએ, નોકરી કરી પેટ ભરવા કરતાં અંગ મહેનતથી રોજી પેદા કરવી જોઇએ, અને વિષયવાંછના છોડી બ્રહ્મચર્ય ધારણ કરવું જોઇએ. તે પોતે એ પ્રમાણે વરતે છે, અને પોતાના છોકરાઓને પણ એજ બોધ આપે છે. તેના પરિણામમાં ભાઇ હરીલાલ ચાર વખત તુરંગમાં ગયા છે, અને ભાઇ મણીલાલે પણ એ જ માર્ગ અંગીકાર કર્યો છે. તે થોડા વખત પહેલાં ફેરી કરતાં જોહાનેસ્બર્ગમાં પકડાયા હતા, અને દશ દિવસની તુરંગ ભોગવી આવ્યા છે. હજુ પણ તે ફેરીઆનો ધંધો કરે છે અને અત્યંત સાદી જીંદગી ગુજારે છે. ભાઇ મોહનદાસનો દાખલો ઘણો ચોપી છે. તારીખ ૨૯ મી જાન્યુઆરી સને ૧૯૧૦ ના "ઇન્ડીઅન ઓપીનીઅન"માં લખ્યું છે કે, કેમ્બ્રિજ "યુનીવર્સિટી"ના 'ગ્રેજયુએટ' અને બારિસ્ટર મી. જોસેફ રોયપેન જોહાનેસ્બર્ગમાં ફેરી કરતાં પકડાયા છે. તેણે બારિસ્ટર તરીકે ધંધો કરવાનો અથવા દક્ષિણ આફ્રિકાની કોઇપણ અદાલતમાં દાખલ થવાનો વિચાર માંડી વાળ્યો છે, અને પોતાની જીંદગી ગરીબીમાં ગુજારવાનો અને દેશસેવા બજાવવાનો નિશ્ચય કર્યો છે.

ભાઇ મોહનદાસ સામાન્ય રીતે કેવા પ્રકારની જીંદગી ગુજારે છે, તે વિશે આ જગ્યાએ બે શબ્દ કહેવાની હું રજા લઉં છું. તેને સાદામાં સાદી જીંદગી પસંદ છે, અને તે શહેર કરતાં ગામડામાં રહેવાનું વધારે પસંદ કરે છે. શહેરની જીંદગી તેની અનેક બદફેલીના કારણથી તેને ત્રાસદાયક

CC-0. In Public Domain. Gurukul Kangri Collection, Haridwar

Digitized by Arya Samaj Foundation Chennai and eGangotri

લાગે છે. ટ્રાન્સવાલ જેવા ઠંડા મુલકમાં તે ફક્ત બે વાર ખોરાક લે છે, અને તે ઉપરાંત પાણી શિવાય બીજું કાંઈ જ લેતા નથી. ઘણે ભાગે પહેલી વખત બપોરના એક દોઢ વાગે જમે છે, અને તે વખતે સામાન્ય રીતે ફક્ત ફળાહાર કરે છે; અને સાંજના પોતાને હાથે રસોઇ બનાવી જમે છે. ચા, કાફી, કોકો વગેરે ચીજો ગીરમીટીઆ મજુરોના હાથથી બનાવવામાં આવે છે, તેથી તેનો તેણે બિલકુલ ત્યાગ કર્યો છે. વાસણ માંજવાનું, ઘર સાફસુફ રાખવાનું, બિછાનું કરવાનું અને ઉપાડી મૂકવાનું વગેરે પોતાને લગતાં તમામ કામ પોતાના હાથે કરે છે. જે કામ જાતે થઇ શકે, તે નોકર પાસેથી લેવું, એ દરેક મનુષ્યને સમાન ગણનાર માણસને નહીં છાજતું કામ છે એમ તે માને છે, અને તેનો અમલ પોતાના આચરણમાં કરે છે. તે ફક્ત તંદુરસ્તીને જરૂર જોગી વસ્તુઓ ગ્રહણ કરે છે, અને મિતાહાર રાખે છે. તે માને છે કે, શરીરને કષ્ટ આપવાથી આત્મા વધારે નિર્મળ થાય છે. ઘણી સખત ઠંડીના વખતમાં પણ ઠંડા પાણીથી નહાય છે, અને ખુલ્લી ઓશરીમાં સુવે છે. ટ્રાન્સવાલમાં તે અંગ્રેજી લેબાશ રાખે છે, પણ સ્વદેશમાં આવે છે ત્યારે તે ઘણે ભાગે હાથ વણકરના કાપડમાંથી બનાવેલ હિન્દી પોશાક પહેરે છે. કાઠીઆવાડની અદાલતમાં પણ તે પોતાના સ્વદેશી લેબાશમાં, સ્વદેશી જોડા પહેરીને જતા, અને સ્વદેશના રીત રિવાજ મુજબ જોડા અદાલતની બહાર રાખીને ન્યાયાધીશ પાસે જતા. આ પ્રમાણે લાંબા કાળથી પોતાનું શરીર કસતા હોવાથી તુરંગની જીંદગીથી તેને કાંઈ મુંઝવણ પડતી નથી એટલું જ નહીં, પણ ઉલટું દેશ હિતાર્થે તુરંગમાં જવું, એ તેને પોતાને સુખદાયક લાગે છે. ભર્તૃહરિનીતિશતકમાં કહ્યું છે કે,

क्वचिद्भूमौ शायी क्वचिदपि च पर्यङ्कशयनः
क्वचिच्छाकाहारी क्वचिदपि च शाल्योदनरुचिः ।
क्वचित्कन्थाधारी क्वचिदपि च दिव्याम्बरधरो
मनस्वी कार्यार्थी न गणयति दुःखं न च सुखम् ॥

CC-0. In Public Domain. Gurukul Kangri Collection, Haridwar

Digitized by Arya Samaj Foundation Chennai and eGangotri

અર્થ—શુભકાર્ય કરવાની ઇચ્છાવાળો વિવેકી પુરુષ કોઇ વખતે જમીન ઉપર સુવે છે, અને કોઇ વખત પલંગ ઉપર પોઢે છે, કોઇ વખત શાક ભાજી ખાઇ રહે છે અને કોઇ વખત દાળભાત આદિ સુંદર ભોજન કરે છે, કોઇ વખત ફાટેલી ગોદડી ઓઢે છે, અને કોઇ વખત સારાં કપડાં પહેરે છે, છતાં આવી પરસ્પર વિરોધી સ્થિતિમાં પણ તે દુઃખ અથવા સુખની ગણના કરતો નથી.

મી૦ ડોક તેના પુસ્તકમાં લખે છે કે મી૦ કિપ્લિંગે પુરણદાસના સંબંધમાં જે લખ્યું છે, તે ભાઈ મોહનદાસના સંબંધમાં અક્ષરે અક્ષર લાગુ પડે છે. તે લખે છે કે "આપણા મિત્રનું આ આબેહુબ ચિત્ર છે. તે જે કાંઈ કરે છે તે પોતાની ફરજ સમજીને કરે છે, તેનું જે કાંઈ પરિણામ નિપજે છે, તે તે શાન્તિથી અંગિકાર કરે છે, જો તેને માન આપવામાં આવે છે, તો તે તે માન નિરાભિમાનપણે સ્વિકારે છે, અને પોતાની ફરજ બજાવવામાં તે આડે આવે, તો જેવી રીતે કોઇને ડગલો પહેરી રાખવાની જરુર ન હોય ત્યારે તે તેને ઉતારી નાખે છે, તેમ તે પણ તે માનને જતું કરે છે. જો તે પૂરણ ભગતની જગ્યાએ હોય તો જેમ તે ભગત કરતા તેમ એ પણ સહેલાઇથી કરે, અને તેની પેઠે બગલમાં ઘોડી રાખી, હાથમાં પાતરાં લઈ, ખભે મૃગચર્મ નાખી, અને પૂર્ણ સંતોષી અને હસ્તે ચહેરે, બીજો કોઈ ભાગ્યેજ સાંભળી શકે એવું ફરજ બજાવવાનું આમંત્રણ થતાં એ બજાવવાને માટે તેને હાજર થયેલા જોઈ હવેના વખતમાં કોઇને પણ તાજુબી થશે નહીં." ભર્તૃહરીના સાધુ પુરુષ, મી૦ કિપ્લિંગના પૂરણદાસ અને મી૦ ડોકના મોહનદાસ એ ત્રણે એક ધાવાના મહા પુરુષો જણાય છે, અને જે ભાઈ મોહનદાસના પ્રસંગમાં આવ્યા છે, અને તેની રહેણી કરણીની જાત માહિતી ધરાવે છે, તેને એ ત્રણમાંથી વધારે ચડીઆતો મહાન પુરુષ કયો છે, તે કહેવું ઘણું મુશ્કેલ છે.

જ્યારે ભાઇ મોહનદાસને "સર્ટિફિકેટ" નહીં બતાવવાને માટે અને આંગળી અને અંગુઠાની નિશાનીઓ નહીં આપવાને માટે બે માસની

CC-0. In Public Domain. Gurukul Kangri Collection, Haridwar

Digitized by Arya Samaj Foundation Chennai and eGangotri

સખત મજુરી સાથની કેદની સજા કરી તુરંગ મોકલવામાં આવ્યા, ત્યારે તેણે મી. ડોકને લખ્યું, કે "ટ્રાન્સવાલમાં સહુથી સુખી માણસ હું છું." ત્યાં તેણે જે સુખ અનુભવ્યું હતું, તે તેણે તેના જેલના અનુભવની ચોપડીઓદ્વારાએ દુનીઆને પ્રસિદ્ધ કર્યું હતું. તેનો ટુંકસાર નીચે પ્રમાણે છે. જેઓ ભાઇ મોહનદાસના આત્મસંયમથી વિશેષ વાકેફ થવા ઇચ્છતા હોય, તેણે એ ચોપડીઓ વાંચવી જોઇએ.

તુરંગમાં જનારને કેદીનાં કપડાં પહેરવાં પડે છે. એક કેદીએ પહેરેલાં કપડાં અને વાપરેલી ધાબળી બીજાને આપવામાં આવે છે. ઘણી વખત આ કપડાં જોઇએ તેટલાં સ્વચ્છ નથી હોતાં. સખત મજુરીવાળા કેદીને દરરોજ નવ કલાક મજુરી કરવી પડે છે. તેઓને કોઈ કોઈ વાર રસ્તાઓ ઉપર ખોદવાનું, કાંકરી ભાંગવાનું, માટી કામ કરવાનું, તેને એક જગ્યાએથી બીજી જગ્યાએ સારવાનું, બગીચાનું, અને એવાં એવાં બીજાં કામો કરવાં પડે છે. કામના સંબંધમાં ભાઈ મોહનદાસ તેના બીજી વખતના જેલના અનુભવમાં નીચે પ્રમાણે લખે છે:–

"દરેક કેદીએ પોતાની પથારી સંકેલી ઠેકાણે મૂકી, હાથ મોં ધોઈ છ વાગતા પહેલાં તૈયાર થઇ રહેવું જોઇએ. અને સાત વાગે કામે ચડવાનું થાય છે. કામ કરવાનું ઘણી જાતનું હોય છે. પહેલે દહાડે અમને સરીઆમ રસ્તા પાસે ખુલ્લી જમીન હતી, તે વાવેતર સારુ ખોદવા લઈ ગયા હતા. તેમાં લગભગ ત્રીશ હિન્દીને લઈ ગયા હતા. તે કામ જેનાથી ન થઈ શકે એવા હોય તેને જવાની ફરજ ન હતી. અમને કાફરાની સાથે લઈ ગયા હતા. જમીન ઘણી કઠણ હતી, અને તે કોદાળીવતી ખોદવાની હતી. તેથી કામ સખત હતું. તાપ ઘણો પડતો હતો. કામ કરવાની જગ્યા લગભગ દોઢ માઇલ છેટી જેલથી હોવી જોઇએ. બધા હિન્દી કામ ઝપાટાબંધ કરવા લાગ્યા. પણ ટેવાએલા થોડા જ હતા, તેથી સહુને થાક ખુબ લાગ્યો. ... ... જેમ દહાડો વધતો ગયો, તેમ કામનો બોજો વધારે જણાયો. વૉરડર (દરોગો) બહુ તીખો હતો,

CC-0. In Public Domain. Gurukul Kangri Collection, Haridwar

Digitized by Arya Samaj Foundation Chennai and eGangotri

'ચલાવો' 'ચલાવો' એવા પોકાર કરી રહ્યો હતો, તેમ તેમ હિંદી ગભરાતા હતા. કેટલાકને મેં રોતા પણ જોયા. એક જણનો પગ સુજેલો જોયો. આથી મારું દિલ રડતું હતું, છતાં હું સહુને કહેતો હતો કે દરોગાની દરકાર રાખ્યા વિના સહુએ સાચા દિલથી કામ કરવું. હું પોતે પણ થાકયો, હાથમાં ફોલ્લા સખત પડ્યા, તેમાંથી પાણી ચાલ્યાં, વાંકું વળવું એ મુશ્કેલ લાગતું હતું અને કોદાળીનો ભાર મણ જેટલો લાગતો જણાયો. હું તો ઈશ્વર પાસે માગ્યા કરતો હતો કે, મારી લાજ રાખે, મને અપંગ ન કરે, અને હું કામ બરાબર કરી શકું એટલું મને જોર આપે. તેની ઉપર આધાર રાખીને કામ કર્યા કરતો હતો. દરોગો, મને ઠપકારવા લાગ્યો. થાક ખાવાથી ઠપકો દેતો હતો. મેં તેને કહ્યું કે ટોંકવાની કાંઇ જરૂર નથી. મારાથી કાળજાતુટ થાય તેટલું કામ હું કરીશ. આ વખતે મી. ઝીણાભાઇ દેસાઇને મેં મુર્છિત થતાં જોયા..... ઝીણાભાઇને માથે પાણી રેડતાં હું વિચારવા લાગ્યો–'મારા શબ્દો ઉપર આધાર રાખી ઘણા હિન્દી જેલમાં આવે છે. હું જો ખોટી સલાહ આપતો હોઊં તો હું કેટલો પાપી બનું? મારે લીધે આટલું દુઃખ હિન્દીને થાય? મેં એમ વિચારી ઉંડો શ્વાસ નાંખ્યો. ઈશ્વરને સાક્ષી જાણી ફરી વિચાર્યું, ને હું વિચારમાં ડૂબકી મારી પાછો હસી નિકળ્યો. મેં જે સલાહ આપી છે તે બરાબર છે એમ જોયું. દુઃખ ભોગવવામાં જ સુખ છે, તો પછી દુઃખથી કંઇ ખેદ પામવાનું કારણ નથી. આ તો મૂર્છા આવી પણ મોત થાય તો પણ મારાથી બીજી સલાહ અપાય તેમ નથી. જન્મબંધન કરતાં આમ દુઃખ ભોગવી બેડીમાંથી મુક્ત થવું, એજ આપણું કર્ત્તવ્ય છે, એમ વિચારી હું બેફિકર થઇ પડ્યો. ને ઝીણાભાઇને હિમ્મત રાખવાની સલાહ આપતો થઈ ગયો.....બપોરના બારથી એક વાગ્યા સુધી ખાવાનો વખત હોય છે, ને એકથી પાંચ વાગ્યા સુધી કામ કરવું પડે છે."

જેલની અંદર કોટડીમાં ઝાડુ કાઢવાનું, તેની અંદરની પેશાબની બાલદી લઈ જવાનું અને જાજરુ સાફ કરવાનું કામ પણ કેદીઓને કરવું

CC-0. In Public Domain. Gurukul Kangri Collection, Haridwar

Digitized by Arya Samaj Foundation Chennai and eGangotri

પડે છે. પાયખાનાં સાફ કરવાની બાબતમાં ભાઈ મોહનદાસ લખે છે કે "આને સારુ દરોગો મારી પાસે આવ્યો ને બે માણસ માગ્યા. મને લાગ્યું કે હું પોતે જ તે કામને સારુ સરસ ગણાઉં, તેથી હું જ ગયો. મને તો તેવા કામમાં હરકત છે જ નહીં. હું માનું છું કે એવું કામ કરવાની આપણે ટેવ પાડવી ઘટે છે."

કોઈ કોઈવાર કેદીઓને એક તુરંગમાંથી બીજી તુરંગમાં મોકલે છે. તે વખતે તેઓને કેદીના વેશમાં પોતાનો સામાન ઉંચકી તુરંગથી સ્ટેશન ઉપર અને સ્ટેશનથી તુરંગ સુધી ચાલતા જવું પડે છે. આ પ્રમાણે ભાઈ મોહનદાસને કેટલીકવાર ત્રીજા વર્ગની ગાડીમાં લઈ જવામાં આવ્યા હતા. એક જગ્યાએથી બીજી જગ્યાએ લઇ જતી વખતે હાથમાં હાથકડી પણ નાખવામાં આવે છે.

કોઈ કોઈ વાર ખુની અને તદન દુરાચારી કેદીઓની સાથે એક જ કોટડીમાં સુવું પડે છે. આ સંબંધમાં ભાઇ મોહનદાસ લખે છે કે— "મુખ્યત્વે કેદખાનામાં જ્યાં કાફરા કેદી દરદી હતા, તેઓની કોટડીમાં મને બિછાનું આપ્યું. આ કોટડીમાં મારી રાત ઘણી દુઃખમાં તથા ભયમાં ગઈ. મને બીજે દહાડે આપણા જ લોક પાસે લઇ જશે એમ ખબર નહોતી, અને આવી જ જગ્યાએ રાખશે એમ માની હું ભય પામ્યો, ને બહુ અકળાયો. છતાં મન સાથે નિશ્ચય કર્યો કે મારું કર્ત્તવ્ય તો એજ હતું કે મારે જે દુઃખ હોય તે સહન કરવું. ભગવદ્‌ગીતાનું પુસ્તક મારી પાસે હતું તેમાંથી મેં વાચ્યું. વખતને અનુકુળ પડતા શ્લોક વાંચી તેનું મનન કરી ધીરજ રાખી. અકળાવાનો સબબ એ હતો કે કાફરા તથા ચીના કેદી જંગલી, ખુની તથા અનીતિવાળા લાગ્યા. તેઓની ભાષા હું જાણતો ન હોતો. કાફરાએ મને સવાલો પૂછવા શરુ કર્યાં. તેમાં પણ મેં મશ્કરી જેવું જોયું. હું તે સમજી શકયો નહીં. મેં કંઇ જવાબ ન વાળ્યો—તેણે મને ભાંગેલા અંગ્રેજીમાં પૂછ્યું 'આમ તને શા સારુ લાવ્યા છે?' મેં થોડો ઉત્તર દીધો

CC-0. In Public Domain. Gurukul Kangri Collection, Haridwar

Digitized by Arya Samaj Foundation Chennai and eGangotri

ને મુંગો રહ્યો. પછી ચીનાએ શરુ કર્યું. તે વધારે ખરાબ જણાયો. મારી પથારી આગળ આવી તે મને જોવા લાગ્યો, હું ચુપ રહ્યો. પછી તે કાફરાની પથારી આગળ ગયો. ત્યાં બન્ને જણ એક બીજાની ભુંડી મસ્કરી કરવા લાગ્યા, ને એબ ઉઘાડવા લાગ્યા. આ બન્ને કેદીઓ ખુનના કે મહા ચોરીના આરોપવાળા હતા. આવું જોઈ મને ઉંઘ તો શાની જ આવે ?"

કેદીઓ જાજરુ ગયા હોય ત્યારે પણ તુરંગનાં જાજરુ ખુલ્લાં રાખવામાં આવે છે, અને તેમાં રહેવાને તેઓને અમુક વખત આપવામાં આવે છે. આ સંબંધમાં ભાઈ મોહનદાસને ઘણી તકલીફ પડી હતી. તે લખે છે કે "હું જેવો બેઠો હતો તેવો જ એક જબરો મજબુત વિકાળ કાફરો આવ્યો. તેણે મને ઉઠી જવા કહ્યું. ને ગાળો દેવા લાગ્યો. મેં કહ્યું હમણા જ ઉઠું છું. તેટલામાં તો મને બાથ ભીડીને ઉંચકયો ને બહાર ફેંકયો. સારા નશીબે મેં બારસાખ પકડી લીધી એટલે હું ન પડ્યો. આમાં કંઈ હું ગભરાયો ન હોતો. હસીને હું તો ચાલતો થયો. પણ એક બે હિન્દી કેદી જેણે આ બનાવ જોયો તેઓ રડી પડ્યા."

તુરંગમાં સત્યાગ્રહીઓને સહુથી વધારે તકલીફની બાબત ખોરાક છે. ઘણાખરાને તુરંગમાં જે ખોરાક આપવામાં આવે છે, તે રુચતો નથી. મકાઈ વાલ વગેરે કેટલીક ચીજો આપણા લોકોને ખાવાની આદત હોતી નથી, પણ તુરંગમાં મૂખ્ય ખોરાકની વસ્તુઓ તે જ છે. જેઓને ચરબી લેવાનો બાધ હોય છે—અને દરેક હિન્દુ મુસલમાનને તે લેવાની મના છે—તેઓને તેને બદલે ઘી અથવા બીજું કાંઈ આપવામાં આવતું નથી. તેથી કરી તેઓ પુરતો ખોરાક લઈ શકતા નથી. આ બાબતમાં ભાઇ મોહનદાસને ત્રીજી વખતે તુરંગ મળી ત્યારે ઘણું સહન કરવું પડ્યું હતું. તે લખે છે કે,

"સવારના પુપુ, બપોરના ત્રણ દહાડા પુપુ ને પટેટાં અથવા ગાજર, ત્રણ દહાડા વાલ અને સાંજના ઘી વિનાના ચાવલ, બુધવારે બપોરના

CC-0. In Public Domain. Gurukul Kangri Collection, Haridwar

Digitized by Arya Samaj Foundation Chennai and eGangotri

વાલ તથા ચાવલ અને ઘી તથા રવિવારે બપોરના ચાવલ તથા ઘી આમ મળે. ચાવલ ઘી વિના મુશ્કેલીથી ખવાય. ઘી ન મળે ત્યાં લગી તે ન ખાવાનો નિશ્ચય કર્યો. સવારના તેમ જ બપોરના પુપુ કોઈ વેળા કાચું તો કોઈ વેળા રાબના જેવું હોય. વાલ કોઈ કોઇ વખત કાચા હોય, સાધારણ રીતે વાલ ઠીક પાકતા. શાક મળે ત્યારે પટેટી નાની ચાર એ આઠ આઉંસમાં ગણાય ને ગાજરને દહાડે તે ગણ્યાં ત્રણ, અને તે પણ નાનાં. કોઇ વેળા સવારના ચાર અથવા પાંચ ચમચા જેટલું પુપુ લેતો પણ સાધારણ રીતે દોઢ મહીનો મેં માત્ર બપોરના ખાવા ઉપર ગાળ્યો."

ભાઇ મોહનદાસે ડૉક્ટરની પાસે બધા હિન્દી કેદીઓને માટે ચરબીને બદલે ઘી આપવા માગણી કરી, ત્યારે ડૉક્ટરે તેના એકલાને માટે રોટીનો હુકમ કર્યો, પણ તેણે નિશ્ચય કર્યો કે જ્યાં સુધી બીજા કેદીઓને ઘીનો હુકમ ન મળે ત્યાં સુધી તેણે રોટી લેવા ના પાડવી. તે લખે છે કે "તે જ દહાડે મારી પાસે રોટી તેમ જ ચાવલ ધર્યાં, હું ભૂખ્યો હતો, પણ સત્યાગ્રહીથી એમ કેમ રોટી લેવાય? તેથી મેં બન્ને ન લીધાં." તે બાબતમાં વિશેષ પ્રયાસ કરતાં દોઢ મહીને હુકમ મળ્યો કે જ્યાં જ્યાં હિન્દી કેદી ઘણા હશે, ત્યાં ત્યાં ઘી આપવામાં આવશે. તે લખે છે કે "આમ લડત લીધા બાદ દોઢ માસે મારો અપવાસ (રોજો) છૂટયો કહીએ તો ચાલે."

ઉપર લખેલાં તુરંગનાં દુઃખોની કહાણી વાંચતાં વાંચનારને જૂદા જૂદા ખ્યાલ આવવા જોઇએ. હિન્દીઓ ટ્રાન્સવાલમાં શા માટે આટલું બધું દુઃખ વેઠે છે? શા માટે તેઓ તુરંગમાં રહી ઉપર બતાવેલાં હલકાં કામ કરે છે? અને શા માટે તેઓ હિન્દુસ્થાન આવી અરધા રોટલા ઉપર પોતાનો ગુજારો નથી કરતા? ટ્રાન્સવાલના હિન્દીઓને માટે ફાળાનું કામ ચાલતું હતું, ત્યારે કેટલાક માણસો આ લખનારને આવા આવા સવાલો કરતા હતા. તે સંબંધમાં ભાઈ મોહનદાસ નીચે પ્રમાણે લખે છે. એ વિચાર સર્વ હિન્દીઓને વિચારવા જેવા છે.

CC-0. In Public Domain. Gurukul Kangri Collection, Haridwar

Digitized by Arya Samaj Foundation Chennai and eGangotri

"એક (ખ્યાલ) તો એ કે જેલમાં જઈ બંધન ભોગવવું, જાડો ખરસટ અને ખરાબ પોષાક પહેરવો, જેવું તેવું ખાવું, ભુખે મરવું, દરોગાની પાટુઓ ખાવી, કાફરાઓમાં વસવું, પસંદ પડે કે ન પડે તેવું કામ કરવું, હમેશાં તાબેદારી આપણા ચાકર થવાને લાયક હોય એવા દરોગાની ઉઠાવવી, કોઈ ભાઇબંધ દોસ્તને મળાય નહીં, કોઇને કાગળ ન લખાય, જરૂર જોઇતી વસ્તુઓ ન મળે, લૂટારા ચોર વિગેરેની સાથે સુવું. આવું દુઃખ કોને સારુ ઉઠાવવું? તેના કરતાં તો મરવું ભલું. દંડ આપી છૂટીએ પણ જેલ તો કોઇને ન હજો. આમ વિચાર કરી માણસ તદન નબળો બને અને જેલથી ડરે, તથા ત્યાં જઈ જે સારું કરવાનું તે કરતાં ડરે."

"બીજો ખ્યાલ એમ થાય કે જેલમાં હું દેશહિતને ખાતર, આબરુ જાળવવા, ધરમને સારુ જાઉં એ તો મારા સારા નશીબની નિશાની ગણાય. વળી જેલમાં મને દુઃખ તો છે નહીં, બહાર મારે ઘણાની તાબેદારી ઉઠાવવી પડે છે, તેને બદલે જેલમાં માત્ર દરોગાની જ ઉઠાવવી રહી. જેલમાં મારે ચિંતા જ ન મળે, મારે ન મળે કમાવાનું, ન ચિંતા રહી ખાવાની, તે તો નિયમસર બીજા માણસો પકાવે છે. મારા શરીરનું રક્ષણ તે સરકાર કરે છે. આ બધાનું મારે કંઈ જ આપવું પડતું નથી. મને કસરત ખુબ થાય એટલું કામ મળે છે, મારાં વ્યસન બધાં સહેજે જતાં રહે છે. મારું મન મોકળું રહે છે. મને ઇશ્વર ભજન કરવાને લાભ સહેજે મળી આવે છે. મારું શરીર કબજ થયું છે, પણ મારો આત્મા વધારે છૂટો છે. હું નિયમસર ઉઠી બેસી શકું છું. મારા શરીરનું જતન જેઓ તેને કબજે રાખે છે, તેઓ જ કરે છે. આમ દરેક રીતે જોતાં હું છૂટો છું. કદાચ મારી ઉપર મુશીબત આવે છે, મને કોઈ પાપી દરોગો મારી લે છે, તો પણ હું ધીરજ રાખતાં શીખું છું, અને તેવું કામ કરતો અટકાવવાને હવે મને તક મળે છે એમ સમજી ખુશી થાઉં છું. આવા વિચારથી જેલ એ પવિત્ર અને

CC-0. In Public Domain. Gurukul Kangri Collection, Haridwar

Digitized by Arya Samaj Foundation Chennai and eGangotri

સુખદાયક જગ્યા થઈ પડે છે. તેને દુઃખદાયક માનવી અને કરવી અથવા સુખદાયક માનવી અને કરવી એ આપણા હાથમાં છે. ટુંકામાં સુખ અને દુઃખ એ મનની સ્થિતિ છે. હું ઉમેદ રાખું છું કે મારા આ બીજા અનુભવ વાંચી વાંચનાર એવા જ નિશ્ચય ઉપર આવશે કે દેશને ખાતર અથવા ધર્મને ખાતર જેલ જવું, તેમાં ઇજા ઉઠાવવી, અને બીજી રીતે સંકટ સહન કરવાં એમાંજ સુખ માનવાનું છે."

તેવીજ સ્થિતિમાં સને ૧૮૪૯ માં અમેરિકન શેહેરી થોરોએ તુરંગનાં સુખ દુઃખના સંબંધમાં તેજ પ્રકારના વિચાર બતાવ્યા હતા. જે તુરંગની કોટડીમાં તેને પૂર્યો હતો તેની બે ત્રણ ફુટ જાડી નક્કર પથ્થરની દિવાલો અને એક ફુટ જાડો લોઢાં લાકડાનો દરવાજો જોતાં તેને વિચાર આવ્યો કે "જાણે હું ખાલી માંસ લોહી અને હાડકાનો જ બન્યો ન હોઉં તેમ ધારી તેઓએ મને તેમાં પૂર્યો છે. આથી કરીને મને તે ખાતાની બેવકુફીનો ખ્યાલ આવ્યા વગર રહ્યો નહીં. આખર તેઓએ મારી સાથે આવી રીતે વર્ત્તવાનો ઠરાવ કર્યો, અને બીજી કોઈ રીતે મારી શક્તિનો લાભ ન લેવો એ જોઈ મને તાજુબી થઈ પણ હું મારા મનથી મને જેટલો સ્વતંત્ર ગણતો હતો તેટલા સ્વતંત્ર થવાને માટે તેઓની અને મારી વચ્ચે એક બીજી દિવાલ હતી, કે જે ચડવી અથવા તોડી પાડવી ઘણી મુશ્કેલ હતી. મને એક પળ પણ એમ ન લાગ્યું કે હું કેદખાનામાં પૂરાયો હતો. તે દિવાલો બાંધવામાં પથ્થર અને ચુનાનું જે ખરચ કર્યું હતું તે મારા મનને બિલકુલ નકામું લાગતું હતું. મને એમ લાગ્યું કે બધા શહેરીઓમાંથી મેં એકલેજ કર ભર્યો હતો. મારી સાથે કેવી રીતે વર્તવું એની તેઓને સમજ ન હોતી એ તો સ્પષ્ટ હતું, અને તેથી તેઓ મારી સાથે હલકા માણસોની પેઠે વર્તવા લાગ્યા. મને દરેક જાતની ધમકી આપવામાં અને મારાં દરેક પ્રકારે વખાણ કરવામાં તેઓની ભૂલ થતી હતી. તેઓના મનમાં એમ હતું કે મારી મૂખ્ય ઇચ્છા તે પથ્થરની દિવાલની બીજી બાજુએ જવાની હતી. તેઓ મારા વિચાર ઉપર

CC-0. In Public Domain. Gurukul Kangri Collection, Haridwar

Digitized by Arya Samaj Foundation Chennai and eGangotri

તાળું મારવા મથતા હતા તેથી મને હસવું આવ્યું, અને તેઓ બહાર ગયા કે તરત જ તે પણ વગર પ્રતિબંધે બહાર ગયા.

ઉપર પ્રમાણે લખતાં નરસિંહ મેહતાએ "સુખદુઃખ મનમાં ન લાવવા વિષે" જે કવિતા કરી છે તે મને યાદ આવે છે. તે કવિતા એ વિચારને બરાબર બંધ બેસતી થાય છે. એ આ પ્રમાણે છે.

રાગ વેરાવળ.

સુખદુઃખ મનમાં ન આણીએ, ઘટ સાથેરે ઘડીઆં;
ટાળ્યાં તે કોઇનાં નવ ટળે, રઘુનાથનાં જડીઆં. સુખદુઃખ૦
નળ રાજા સરખો નર નહીં, જેની દમયંતી રાણી;
અર્ધે વસ્ત્રે વનમાં ભમ્યાં, ન મળે અન્ન ને પાણી. સુખદુઃખ૦
પાંચ પાંડવ સરખા બંધવા, જેને દ્રૌપદી રાણી;
બાર વરસ વન ભોગવ્યાં, નયણે નિદ્રા ન આણી. સુખદુઃખ૦
સીતા સરખી સતી નહિ, જેના રામજી સ્વામી;
રાવણ તેને હરી ગયો, સતી મહાદુઃખ પામી. સુખદુઃખ૦
રાવણ સરખો રાજીઓ, જેની મંદોદરી રાણી;
દશ મસ્તક છેદાઈ ગયાં, બધી લંકા લુટાણી. સુખદુઃખ૦
હરિશ્ચંદ્ર રાય સતવાદીઓ, તારા લોચની રાણી;
તેને વિપત્તિ બહુ પડી, ભર્યાં નીચ ઘર પાણી. સુખદુઃખ૦
એ વિચારી હરીને ભજો, તે સા'યજ કરશે;
જુઓ આગે સા'ય ઘણી કરી, તેથી અર્થજ સરશે. સુખદુઃખ૦
સર્વ કોઇને જ્યારે ભીડ પડી, સમર્યા અંતરજામી;
ભાવટ ભાગી ભૂધરે, મહેતા નરસૈને સ્વામી. સુખદુઃખ૦

ઉપર બતાવેલી તુરંગની મુશીબતોથી ગભરાઇ જવાને બદલે ઉલટા તે જ મુશીબતોથી ભાઇ મોહનદાસ પોતાના કાર્ય અને હેતુમાં વધારે સુદૃઢ થતા ગયા છે. જેઓ હમણા હમણામાં તેના પ્રસંગમાં આવ્યા છે (આ લખનાર ગઇ સાલમાં તેને વિલાયત મળ્યા હતા અને કેટલોક વખત તેની સાથે રહ્યા હતા) તેને લાગે છે, કે તે મુશીબતોના કારણથી તેનો

CC-0. In Public Domain. Gurukul Kangri Collection, Haridwar

Digitized by Arya Samaj Foundation Chennai and eGangotri

આત્મા વધારે શુદ્ધ અને બળવાન થયો છે. વકીલાતનો ધંધો ચલાવતાં અને જાહેર કામકાજમાં કિમતી સેવા બજાવતાં તેને જોહાનેસ્બર્ગમાં ભાગ્યે જ એવી ફુરસદ મળતી હતી, કે જ્યારે તે દુનીયાના ઉપયોગી સવાલો ઉપર પુરતું મનન કરી શકે. તે ઉપરથી તે લાંબા વખતથી એકાંતવાસ મેળવવા ઇચ્છતા હતા. આખરે તેવો એકાંતવાસ તુરંગમાં મળ્યો. ત્યાં તેણે જૂદા જૂદા વિષયો ઉપર અને મુખ્યત્વે કરીને ધર્મ સંબંધી કેટલાંક પુસ્તકો વાંચ્યાં, અને હિન્દુસ્થાન તેમજ બીજા દેશના મહાન સવાલો ઉપર મનન કર્યું. તેની જીંદગીમાં તેને ઇચ્છિત સ્વતંત્રતા મળી હોય, તો તે ખરું જોતાં તેને ટ્રાન્સવાલની તુરંગમાં મળી હતી, અને તેને માટે તે અંતરથી બહુ જ ખુશી છે. એ જીંદગીના પરિણામમાં તેને જે જે વિચારો ઉગ્યા, તે તેણે "ઇન્ડીઅન ઓપિનીઅન" દ્વારાએ અને વિલાયતમાં જૂદી જૂદી જગ્યાએ ભાષણો કરતાં નિવેદન કર્યાં છે. તેમાંના થોડાકનો સાર આંહી આપ્યો છે.

તે માને છે કે હિન્દુસ્થાનનો અસલી સુધારો બીજા બધા સુધારા કરતાં ચડીઆતો છે, કારણ કે તેનું બંધારણ ધર્મ અને નીતિ ઉપર રચાએલું છે. તે પોતે તે સુધારાને પૂજે છે, અને આ દેશને સહુથી વધારે પવિત્ર ભૂમિ ગણે છે. તેના હૃદયમાં સ્વદેશ પ્રીતિ અને સ્વદેશાભિમાને એટલો મજબૂત વાસ કર્યો છે, કે જેથી તે દેહ પડતાં સુધી જાણી બુજીને કોઇપણ વખતે એવું પગલું નહીં લે, કે જે દેશને હાનિકારક નિવડે. ત્રણ વખત તુરંગમાં જવાનું કારણ આ સ્વદેશ પ્રીતિ છે. તે સવાલ કરે છે કે જો આ દેશ અંગ્રેજી સલતનતનો ભાગીદાર હોય (તે પ્રમાણે સહુ કોઈ માને છે અને મનાવે છે), અને જો તેમ ન હોય તો સલતનત શાની ?—તો ભાગીઆને તે સલતનતમાં કાંઇપણ હિસ્સો કેમ ન હોય, અને ટ્રાન્સવાલ, કે જે સલતનતનો બીજો ભાગીદાર છે, તે હિન્દીઓને તેઓના વર્ણના કારણથી ત્યાં આવતાં કેમ અટકાવી શકે ? અંગ્રેજી બંધારણ અને કાયદાના ધોરણે સલતનતમાં હિન્દીઓ

CC-0. In Public Domain. Gurukul Kangri Collection, Haridwar

. Digitized by Arya Samaj Foundation Chennai and eGangotri

ગોરાનો બરોબરીઆ અને તે બન્ને તેના ભાગીદાર ગણાય છે. આ ધોરણ ચાલતી સલતનતમાં તેને એક પ્રજા તરીકે રહેવાનો વાંધો નથી. લન્ડનમાં તે પોતાના એક ભાષણમાં બોલ્યા હતા કે "જે સલતનતમાં તેને એક ટકા જેટલો પણ હિસ્સો મળતો હોય, તે સલતનતના ભાગીદાર રહેવા તે ખુશી છે, પણ જો તેમાં તેને ફકત ગુલામ તરીકે રહેવાનું હોય તો તે સલતનત તેને બિલકુલ નિરર્થક છે." ટ્રાન્સવાલનો કાયદો આ કિમતી તત્ત્વનો ભંગ કરે છે, અને હિન્દુસ્થાનને વિના કારણ કલંકિત કરે છે. પોતાના દેશને કોઇપણ ઉતારી પાડે અને કલંકિત કરે એ નહીં સહેવાયાથી તેણે તે કાયદા સામે લડવું એ પોતાનો ધર્મ ગણ્યો છે.

તે સ્વદેશાભિમાનને ધર્મનું એક અંગ ગણે છે અને તે હમેશ રટણ કર્યા કરે છે કે.

"ભલો દેશ મારો ભલી ભોમ મારી
મને પ્રાણથી નિત્ય છે એજ પ્યારી."

દેશના ભલાની ખાતર કોઇ પણ આત્મભોગ આપવો એ તેને વિશેષ પડતું લાગતું નથી. તે માને છે કે જે દેશમાં ધર્મ અને નીતિ કમી થાય છે તે દેશમાં સ્વદેશાભિમાન પણ કમી થાય છે. અને જ્યાં ધર્મ અને નીતિ છે, ત્યાં આખરે જય છે. તે કહે છે કે હિન્દીઓ પોતાનો ધર્મ અને નીતિ સાચવી રાખે, અને તેજ રસ્તે ચાલે તો સ્વરાજ્ય તેઓના હાથમાં છે. તેના વિચાર પ્રમાણે હિન્દુસ્થાનનો પુરાતની સુધારો એટલો ઉંચો છે, કે જેને બીજો કોઈ સુધારો પહોચી શકતો નથી, અને તે સંબંધમાં હિન્દીઓને બીજી પ્રજા પાસેથી કાંઈ જ શીખવાનું નથી; પણ બીજી પ્રજાઓને હિન્દીઓ પાસેથી હજુ પણ ઘણું શીખવાનું છે. નિર્માંસાહારી ખોરાક વધારે શ્રેષ્ઠ છે, દારુની બદી નુકશાન કારક છે, શરીરની સ્વચ્છતા જરૂરની છે, એ જાતના વિચારો હમણા હમણામાં યુરોપમાં ફેલાતા જાય છે, તે હિન્દુસ્થાનના પુરાતની શિક્ષણનું પરિણામ છે. છેલ્લાં પચીશ વરસની દરમીઆન ખોરાક, દારુ અને સ્વચ્છતાના

CC-0. In Public Domain. Gurukul Kangri Collection, Haridwar

Digitized by Arya Samaj Foundation Chennai and eGangotri

સંબંધમાં લન્ડન શહેરમાં ઘણા સુધારા થયા છે. હાલમાં ત્યાં ઠેકાણે ઠેકાણે નિર્માંસાહારી ખોરાકનાં "રેસ્ટરાં," દારુ નિષેધક મંડળીઓ અને મૂખ્ય મૂખ્ય સ્થળે નહાવાની નહાણીઓ જોવામાં આવે છે. જે મહાન વિષયોનું હિન્દુસ્થાનમાં હજારો વરસ પહેલાં નિરાકરણ થઈ ગયું છે, તે જાતના વિચારો તેઓમાં હમણા હમણામાં આવતા થયા છે.

"હિન્દુસ્થાન આપણને શું શિખવી શકે છે" એ વિષય ઉપરના "પ્રોફેસર" એકસ મ્યુલરના પુસ્તકમાં લખ્યું છે કે,

"દુનીઆના બધા દેશોમાંથી, કુદરતી ધન શક્તિ અને ખુબસુરતીમાં વધારે ચડીઆતો દેશ બતાવવાને મને કહેવામાં આવે તો હું કહીશ કે તે દેશ હિન્દુસ્થાન છે, કે જ્યાંના કેટલાક ભાગ આ પૃથ્વી ઉપર સ્વર્ગ-રૂપી છે. જો મને પૂછવામાં આવે કે કયા આકાશની નીચે મનુષ્ય શક્તિએ તેની અમૂલ્ય બક્ષિશો પૂર્ણ રીતે ખીલવી છે, જીંદગીના ઘણા ગહન સવાલો ઉપર ઘણી બારિકીથી વિચાર ચલાવ્યા છે, અને પ્લેટો અને કેન્ટના અભ્યાસીઓને ધ્યાનમાં લેવા લાયક એવાં તે સંબંધમાં નિરા-કરણો બતાવ્યાં છે, તો તેને માટે મારે હિન્દુસ્થાન તરફ નજર કરવી જોઇશે. અને અસલી ગ્રીક અને રોમના લોકોના અને એક 'સેમિટિક' પ્રજા—યાહુદી લોકોના એકાંત વિચાર ઉપર ઉછરેલી યુરોપની તમામ પ્રજાને, તેઓની અંતરની જીંદગી વધારે પૂર્ણ કરવાને, તેને વધારે વિશાળ કરવાને, તેને વધારે સાર્વજનિક કરવાને, એટલે કે આ જીંદગીને માટે, તેમ જ હવે પછીની સર્વ કાળની જીંદગીને માટે વધારે મનુષ્યધર્મી બના-વવાને કયું સાહિત્ય વધારે ઉપયોગી થઇ શકે—અને તેઓને ઠેકાણે લાવ-વાને માટે તેની ઘણી જરૂર છે—એમ મને પૂછવામાં આવે તો તે સાહિત્ય હિંદુસ્થાનમાં છે, એમ હું ફરીવાર કહીશ."

એ સુધારામાં આત્મભોગ, આત્મસંયમ અને આત્મત્યાગ એ મૂખ્ય અંગો છે. તેમાં પરમાર્થ દૃષ્ટિ વિશેષ રહેલી છે અને સ્વપ્રેમ ઓછો છે. શરીરને પંપાળવા કરતાં તેને કષ્ટ આપવું એ ઉત્તમ ગણેલું છે. યુરોપની

CC-0. In Public Domain. Gurukul Kangri Collection, Haridwar

Digitized by Arya Samaj Foundation Chennai and eGangotri

પ્રજાઓ એક બીજીને પોતાની શત્રુ ગણે છે, અને તે હેતુથી લાખો માણસોની ફોજ અને કરોડોના ખરચે મોટી મોટી નૌકા નિરંતર નિભાવે છે. હિન્દુસ્થાનમાં મનુષ્યના તેમ જ પ્રજાના મોટા શત્રુઓ કામ, ક્રોધ, માન, માયા, લોભ વગેરે અંતરના દોષોને ગણવામાં આવે છે. ભાઇ મોહનદાસ માને છે, કે જેટલે દરજ્જે આપણે તે સુધારાને છાજતા ગુણોનો ત્યાગ કર્યો છે, અને ઉપરના દોષો ગ્રહણ કર્યા છે, તે પ્રમાણમાં આપણે નીચી પાયરીએ ગયા છીએ; જે પ્રમાણમાં આપણે શરીર સુખની ઇચ્છા કરી છે, તે પ્રમાણમાં આપણે પ્રજા વર્ગના સુખનો નાશ કર્યો છે; અને જે પ્રમાણમાં આપણે પૈસા તરફ મોહ કર્યો છે, તે પ્રમાણમાં આપણે હિન્દુસ્થાનને વધારે રાંક બનાવ્યું છે. પાશ્ચિમાત્ય સુધારાનું બંધારણ મૂખ્યત્વે કરીને શરીર સુખની દૃષ્ટિથી રચાયલું છે, પણ હિન્દુસ્થાનના સુધારાનું બંધારણ પારમાર્થિક દૃષ્ટિથી રચાયેલું છે.

હાલના જમાનામાં યુરોપની તમામ પ્રજાઓ આ શરીર સુખ અને તેનાં સાધનો મેળવવાને માટે મથ્યા કરે છે. અમેરિકામાંથી અસલી ઇન્ડીઅનો લગભગ પરવારી ગયા, ઓસ્ટ્રેલીઆમાંથી તેની અસલી પ્રજાનો નાશ થયો, આફ્રિકા યુરોપની તમામ પ્રજાઓમાં વહેંચાયું, એ બધું ઉપરના ધોરણને અનુસરીને કરવામાં આવ્યું છે. કોન્ગોમાં ચાલતા જુલમના સંબંધમાં યુરોપના સુવિચાર પુરુષોએ સેંકડો પુસ્તકો લખ્યાં છે, છતાં ત્યાંની પ્રજા દિવસે દિવસે નાશ પામતી જાય છે. તળ યુરોપ અને અમેરિકામાં પ્રજાના બે વર્ગ પડી ગયા છે. એક વર્ગ અતિશય પૈસાદાર છે અને બીજો અતિશય ગરીબ છે. જે પૈસાદાર છે તે હમેશ વધારે ને વધારે પૈસાવાળા થવા મથે છે, અને તેના પરિણામમાં ગરીબ વધારે ને વધારે ગરીબ થતા જાય છે. પૈસાવાળાઓ સાંચાકામનાં કારખાનાંઓ વધારતા જાય છે, અને ગરીબ લોકો તેઓના અને સાંચાના ગુલામ બનતા જાય છે. જ્યારે યુનાઇટેડ સ્ટેટ્સનાં ઉત્તરનાં રાજ્યોમાં ઘણા થોડા લોકોના હાથમાં ઘણી મોટી રકમનો પૈસો થઈ ગયો, ત્યારે તેઓને ત્યાંની ગોરી

CC-0. In Public Domain. Gurukul Kangri Collection, Haridwar

Digitized by Arya Samaj Foundation Chennai and eGangotri

પ્રજામાંથી મજુર મેળવવાની મુશ્કેલી દૂર થઈ, તેઓએ આફ્રિકાના હબશી ગુલામોને સ્વતંત્ર કર્યા, અને પાછળથી લડાઈ કરી દક્ષિણનાં રાજ્યોને પણ તે લોકોને સ્વતંત્ર કરવાની ફરજ પાડી. જેઓ ઘણા પૈસાદાર થાય છે, તેઓ ઘણા લોકોને પોતાના ગુલામ કરી શકે છે, અને તેવી સ્થિતિમાં ઘણા માણસોને ગુલામી અંગીકાર કરવાની જરુર પડે છે.* એક તરફથી અમેરિકાના ધનાઢ્ય પીઅરમન્ટ મોર્ગન આજે સાડા સાત અબજની થાપણ ઉપર ઘણી તરીકે વહીવટ ચલાવે છે, ત્યારે બીજી બાજુએ ત્યાંના લોકો એટલા બધા કંગાળ થતા જાય છે કે જેથી તેમાંની દશ ટકા જેટલી વસ્તીને ભાગ્યે જ આખો રોટલો મળી શકે છે. અને તે બધા લગભગ અર્ધ ગુલામી દશામાં જીંદગી ગુજારે છે. તેવી જ રીતે એક બાજુએ વિલાયતની પ્રજાની વાર્ષિક આવક સત્તાવીશ અબજ રુપીઆની ગણાય છે, અને બીજી બાજુએ લગભગ પંદર લાખ બાઇરાંઓને એક અથવા બીજા સાંચાનાં કારખાનાંમાં અસ્વચ્છ હવામાં સવારથી સાંજ સુધી એક જ જાતનું કામ કરવામાં આખી જીંદગી ગુજારવી પડે છે. જેમ જેમ સાંચા કામ પૂર્ણ થતું જાય છે, તેમ તેમ નિરુદ્યમીની સંખ્યા વધતી જાય છે, અને જેઓને ઉદ્યમ મળી શકે છે, તેઓ પણ ભાગ્યે જ આખો રોટલો પેદા કરી શકે છે. દિવસે દિવસે કારખાના વાળાઓની પરસ્પરની હરિફાઇના કારણથી લોકોની રોજી ઘટતી જાય છે, પણ કારખાનાના માલિકો વધારેને વધારે પૈસાદાર થતા જાય છે.

આ પ્રમાણે પૈસો વધતાં પૈસાદાર લોકોમાં શરીર સુખના ખ્યાલ વધતા ચાલ્યા છે. જે લોકોમાં મોજ શોખ ઘણો વધી જાય છે, તેઓમાં

---

* એક અમેરિકાના ધનાઢ્ય મી૦ વાન્ડર્બિલ્ટના સંબંધમાં એમ કહેવાય છે, કે તે એક વખત એક એવું ગંજાવર સાહસ આદરવાની તૈયારીમાં હતો કે જેથી તે જાતના બધા ધંધા રોજગાર ઉપર તેના એકલાનો કાબુ થાય, ત્યારે તેના સોબતીએ તેને જણાવ્યું કે એ પગલું લેવાથી લોકોની પાયમાલી થશે. તેના જવાબમાં તેણે કહ્યું કે "લોકો જહાનમમાં જાય."

CC-0. In Public Domain. Gurukul Kangri Collection, Haridwar

Digitized by Arya Samaj Foundation Chennai and eGangotri

નીતિ અને ન્યાયીપણું કમી થઇ જાય છે. તેઓને પોતાના દેહ ઉપર એટલી બધી પ્રીતિ વધી પડે છે, કે જેથી તેઓને બીજા લોકોને માટે ખ્યાલ સરખો પણ આવી શકતો નથી. પશ્ચિમ દેશોમાં જૂદી જૂદી જાતના ક્ષાર અને રસાયણો, સીસું, પારો, "બ્લીચિંગ પાઉડર" વગેરે અનેક ઝેરી પદાર્થો બનાવવાને માટે ઠેકાણે ઠેકાણે સાંચાનાં કારખાનાંઓ કાઢવામાં આવ્યાં છે. આ કારખાનાંઓથી નિકળતી હવા એટલી બધી ઝેરી છે, કે જેથી આસપાસ કેટલાક માઇલ સુધી ઘાસ સરખું પણ ઉગી શકતું નથી. આવી ઝેરી હવાઓનો દમ લેતાં અથવા ઝેરી પદાર્થોને લાંબી મુદત સુધી અડકતાં દર સાલ સેંકડો માણસ મરણ પામે છે. આથી કાંઇ કારખાનાવાળાઓ પોતાનું કામ બંધ કરે છે? ઉલટું જ્યારે જ્યારે તે ચીજોની બજાર હોય છે, અને ધંધા રોજગાર ઠંડા હોય છે, ત્યારે ત્યારે તેઓ મજુર વર્ગની રોજી કમી કરવા તત્પર થાય છે, અને તેઓને અત્યંત પામર બનાવવા પ્રયત્ન કરે છે, તેઓના હૃદયમાં સ્વપ્રેમે એટલો બધો વાસ કર્યો છે, કે જેથી પરપ્રેમના સંકલ્પ કરવાની તેમાં જગ્યા પણ રહેતી નથી. તેઓ આધુનિક સુધારાથી નિપજતી દરેક મનપસંદ ચીજો મેળવવાના પ્રયાસમાં, તે બનાવતાં બીજાઓને કેટલું દુઃખ થાય છે તેનો વિચાર પણ કરી શકતા નથી. પુષ્કળ પૈસો મેળવવો અને શરીરને પંપાળવામાં અને મોજશોખમાં તેનો ઉપભોગ લેવો, એ તે સુધારાનો મૂખ્ય હેતુ છે. પશ્ચિમ દેશોમાં સુધરેલો માણસ તે ગણાય છે, કે જે સુંદર બાગ બગીચાવાળાં મકાનમાં રહે છે, સારાં સારાં કપડાં પહેરે છે, ઉંચા પ્રકારનાં ભોજન કરે છે, ઉંચા પ્રકારના દારુ પીએ છે, અને પોતાની જીંદગી એશ આરામની સાથે જુજ જાજ કામમાં ગાળે છે. તેવા લોકોના ઘરમાં તરેહવાર સરસામાન હોય છે, બેસવાને સુંવાળી ગાદીવાળી ખુરશી અને કોચ હોય છે, નોકર ચાકરને બોલવવાને માટે ઠેકાણે ઠેકાણે વિજળિક ઘંટડીઓ હોય છે, અને વિજળિક રોશનીવડે રોજ રોજ દિવાળી કરવામાં આવે છે. તેમાં આધુનિક સુધારાથી નિપજતી તમામ વસ્તુઓ

CC-0. In Public Domain. Gurukul Kangri Collection, Haridwar

Digitized by Arya Samaj Foundation Chennai and eGangotri

શણગાર અથવા ઉપયોગને માટે લાવવામાં આવે છે. ઠંડીની ઋતુમાં તેઓનાં ઘર વરાળથી અથવા વિજળીથી ગરમ રાખવામાં આવે છે, અને ગરમીની ઋતુમાં વિજળિક પંખા અને બીજાં સાધનોથી ઠંડાં રાખવામાં આવે છે. સુવાના ઓરડામાં સુંદર સુંવાળાં બિછાનાંઓ બિછાવેલાં હોય છે. અને સૂર્યોદય થતાં જાગી ન જાય તેને માટે દરેક બારી બારણામાં અંધારા પડદા લટકાવવામાં આવે છે. તેઓને બિછાનામાંથી ઉઠ્યા પછી અને ફરી બિછાનામાં જતાં સુધી ત્રણ ત્રણ ચાર ચાર કલાકે કાંઇને કાંઈ ખાવાનું જોઇએ છીએ, અને વચ્ચે વચ્ચે દારુ ચાહ કાફી વગેરે જોઇએ છીએ. ફુરસદની વખતે તેઓને ગાન તાન પત્તાં ખેલવાનું વગેરે જોઇએ છીએ. દક્ષિણ આફ્રિકામાં હિન્દીઓના ઉપર એક તહોમત એ છે કે તેઓ સુંદર મકાનમાં રહેતા નથી, ઘરમાં ઉંચા પ્રકારનો સામાન વસાવતા નથી, સુંદર સુંવાળાં બિછાનાઓ ઉપર સુતા નથી, સુંદર વસ્ત્રો પહેરતા નથી, ત્રણ ત્રણ ચાર ચાર કલાકે ઉંચા પ્રકારનાં ભોજનો કરતા નથી, મોટે ભાગે દારુનો તો ઘરમાં પ્રવેશ પણ કરવા દેતા નથી, ચાહ કાફી, તમાકુ વગેરેનો જુજ જેવો ઉપયોગ કરે છે, અને એશ આરામ અને ગાન તાનમાં પોતાની જીન્દગી ગુજારતા નથી. પૂર્વ દેશના સુધારા પ્રમાણે આપણે જે જીન્દગી દોષવાળી ગણીએ છીએ, તેવી જીન્દગીની પાશ્ચિમાત્ય લોકો પૂજા કરે છે. હિન્દીઓ સાદાઇથી રહે છે, મોજશોખ અને ગાન તાનમાં પોતાનો કાળ નથી ગુમાવતા, તેથી તેઓ દક્ષિણ આફ્રિકામાં રહેવાને નાલાયક ગણાય છે.

પાશ્ચિમાત્ય સુધારાનાં બીજાં ચિહ્નો રેલ્વે, સ્ટીમર, હવાઈ વહાણ, મોટર ગાડીઓ, ટેલિગ્રાફ ટેલિફોન વગેરે છે, રોજ રોજ સાંચા કામમાં નવી નવી શોધો થયા કરે છે. એના પરિણામમાં હાલ કેટલીક જગ્યાએ રેલ્વેમાં કલાકના પચાશ સાઠ માઇલની અને સ્ટીમરમાં પચીશ ત્રીશ માઇલની મુસાફરી થઇ શકે છે. કોઈ કોઈ મોટર ગાડીઓ સીધા અને સરલ રસ્તા ઉપર કલાકના એંશી માઇલ સુધી જઇ શકે છે. જેમ જેમ ઝડપ આપનારા

CC-0. In Public Domain. Gurukul Kangri Collection, Haridwar

Digitized by Arya Samaj Foundation Chennai and eGangotri

સાંચાઓની શોધ થતી જાય છે, તેમ તેમ શોખી લોકોને એથી પણ વધારે ઝડપથી મુસાફરી કરવાનો શોખ ઉત્પન્ન થતો જાય છે. રેલ્વેને પાટા જોઇએ, મોટર ગાડીને સારો રસ્તો જોઇએ, અને સ્ટીમરોને પણ અમુક હદમાં જવું જોઇએ. આ મુશ્કેલીઓ દૂર કરવાને યુરોપના લોકો હવાઈ વહાણોને પૂર્ણતાએ પહોચાડવાને મહેનત કર્યા કહે છે. ગઇ સાલે એક ફ્રેન્ચમન બ્લેરીઓ હવાઈ વહાણમાં બેસી કેલેથી ડોવર એટલે કે વીશ માઇલને છેટે સુધી ૩૭ મીનીટમાં પહોચ્યો હતો. આ જાતની મુસાફરી પહેલીવારની હતી. તેની ઝડપ અને સાહસથી લોકોમાં એટલી બધી લાગણી ઉશ્કેરાઇ હતી, કે દહાડાના દહાડા સુધી ત્યાંના દરેક માણસના મોઢામાંથી બ્લેરીઓના વખાણ સાંભળવામાં આવતાં હતાં, લન્ડન અને પારિસમાં તેને જે માન આપવામાં આવ્યું હતું, તેના કરતાં વિશેષ માન ભાગ્યે જ કોઇ બીજા શોધકને અથવા મુલક જીતી આવનારને પણ આપવામાં આવ્યું હશે. પણ થોડા દહાડા વીતતાં બીજાં હવાઈ વહાણ ચલાવનારાઓએ એથી પણ વધારે ઝડપથી હવામાં મુસાફરી કરી બતાવી, અને બ્લેરીઓને ઝંખવાણો પાડ્યો. હવે શોધકો કહેવા લાગ્યા છે, કે જો કેટલાંક પક્ષીઓ કલાકના એકસો અંશી માઇલ જેટલી મુસાફરી કરે છે, તો મનુષ્ય એવી શોધ કાં ન કરે કે જેથી હવાઈ વહાણમાં કલાકના બસો માઇલ સુધી ન જઇ શકાય, અથવા લન્ડનથી ન્યુયોર્ક એક દહાડામાં ન પહોચી શકાય? ભાઈ મોહનદાસ કહે છે કે કદાચ તેમ થાય, તો તેથી પ્રજા વર્ગની શાન્તિ અને સુખનો વહેલો અંત આવશે.

મુસાફરી પણ દિવસે દિવસે વધારે એશ આરામવાળી થતી જાય છે. વિલાયતમાં ત્રીજા વર્ગની ગાડીમાં ગાદી તકીઆની બેઠક હોય છે. ત્યાંથી ઉતારુઓ બેઠા બેઠા એક બટન દાબવાથી નોકરને બોલાવી શકે છે, અને ખાવા પીવાની અથવા બીજી જોઇતી ચીજો મંગાવી શકે છે. સ્ટીમરો તો તરતા મહેલ જેવી થઈ પડી છે. તેમાં ઉતારુઓની તમામ હાજતો પુરી પાડવાને જોઇતી ચીજો ભરી રાખવામાં આવે છે. માણ-

CC-0. In Public Domain. Gurukul Kangri Collection, Haridwar

Digitized by Arya Samaj Foundation Chennai and eGangotri

સને જે વખતે જે ચીજનું મન થાય છે, તે મળી આવે છે, તેથી તે કાળે કરીને પોતાના ઉપર કાબુ રાખી શકતો નથી, અને દિવસે દિવસે તેની હાજતો વધતી જાય છે. સ્ટીમરમાં ઉતારુઓને એક મોટી ખામી એ લાગતી હતી કે તેઓને રોજીંદું છાપું વાંચવા મળતું ન હોતું. કેટલીક સ્ટીમરોમાં માર્કોનીગ્રાફવડે આ ખામી પણ દૂર કરવામાં આવી છે, અને ઉતારુઓને દેશાવરોના ખબર દરરોજ એક છાપાદ્વારાએ પુરા પાડવામાં આવે છે.

આ શોધોને લીધે જેમ જેમ મનુષ્ય સુખની સગવડો વધતી જાય છે, તેમ તેમ તે વધારેને વધારે અસંતોષી થતો જાય છે, વધારે મેળવવાનું તેને મન થયા કરે છે, અને કોઈપણ જગ્યાએ લાંબા વખત સુધી સ્થિર બેસવાનું ગમતું નથી. આના પરિણામમાં પૈસાદાર લોકોમાં આમથી તેમ દોડા દોડી વધી છે, પણ તેઓને મનપસંદ ચીજો પુરી પાડતાં ગરીબ લોકોનો મરો થવા લાગ્યો છે. થોડા વખત પહેલાં એક લેખકે લન્ડનની મોટર "ઓમ્નીબસ" હાંકનારની દુર્દશાનો ચિતાર આપ્યો હતો. જ્યારે તેઓ ઘોડાની ઓમ્નીબસ હાંકતા, ત્યારે ઘણા પ્રકારનાં દુઃખ વેઠતાં છતાં પણ તેઓ આનંદમાં પોતાનો ધંધો કરતા હતા, પણ હવે "મોટરબસ" ઝડપથી ચલાવતાં તેઓને જે ફિકર રાખવી પડે છે, તેથી તેઓના ચહેરા હમેશને માટે બિલકુલ ફીકા અને નિસ્તેજ થઈ ગયેલા જોવામાં આવે છે.

રેલ્વે, સ્ટીમર, ટેલિગ્રાફ વગેરેથી હિન્દુસ્થાનને બે સુમાર નુકશાન થયું છે. ભાઈ મોહનદાસ કહે છે, કે મુસાફરીની ઘણી સગવડો વધતાં કુટુમ્બ પ્રેમ, સગાં સંબંધીનો પ્રેમ, ન્યાત જાતનો પ્રેમ, સ્વદેશનો પ્રેમ, અને સ્વધર્મનો પ્રેમ દિવસે દિવસે ઘટતો ચાલ્યો છે, અને તેને બદલે સ્વદેહ પ્રેમ અને જાતિ સુખના ખ્યાલ વધતા ચાલ્યા છે. પરદેશમાં રહેવાથી પૈસો મેળવવાની વાંછના પ્રદીપ્ત થાય છે, અને જેઓને તે ધુન લાગે છે, તેઓમાં પરોપકાર બુદ્ધિ કમી થાય છે,

CC-0. In Public Domain. Gurukul Kangri Collection, Haridwar

Digitized by Arya Samaj Foundation Chennai and eGangotri

નીતિના ખ્યાલ બદલી જાય છે, અને સ્વધર્મનો નાશ થાય છે. તે કહે છે કે હિન્દુસ્થાનમાં સર્વ જગ્યાએ રેલ્વે થતાં જાત્રાનાં પવિત્ર સ્થળો તે દુષ્ટતાનાં સ્થાન થઈ પડ્યાં છે, અને તે સ્થળો પ્રત્યે જાત્રાળુઓની શ્રદ્ધા માત્ર નામની રહી છે. જાત્રાનો મૂખ્ય હેતુ એ છે કે શરીરને કષ્ટ આપવું, અને તેટલો કાળ ઇશ્વર સ્તુતિમાં ગાળવો. પણ આજના સમયમાં મુસાફરીની સગવડને લીધે કેટલાક બધી જાત્રાઓ સુખ ચેનમાં એક બે અઠવાડીઆમાં પુરી કરી ઘેર પાછા આવે છે. ખરેખર આવી જાત્રાથી આત્મશુદ્ધિ તો નજ થાય.

રેલ્વેથી આ દેશને માનસિક, નૈતિક અને ધાર્મિક નુકશાન થયું છે એટલું જ નહીં, પણ આર્થિક નુકશાન પણ ઘણું થયું છે, રેલ્વે દાખલ થયા પછી ગામડાંના લોકો જે હજારો વરસથી નિષ્પાપ અને નિષ્કલંક જીંદગી ભોગવતા હતા, અને જે હાથ મહેનતથી પોતાનો રોટલો સહેલાઇથી મેળવી શકતા હતા, તે આજે ઘણા કંગાળ અને નિરાધાર થઈ પડ્યા છે. જે વરસમાં વરસાદ જરા કમી પડે છે અથવા વખતસર નથી પડતો, તે વરસમાં તેઓ મોટી સંખ્યામાં ભુખમરાથી મરી જાય છે. રેલ્વે દાખલ થઈ તે પહેલાં ગામડાંઓમાં પાકેલું અનાજ ઘસડી લઈ જવાને સાધનો નહીં હતાં, તેથી તે ત્યાંને ત્યાં જ ભરી રાખવામાં આવતું હતું, અને દુકાળના વરસોમાં પણ લોકોને તેની અછત નહોતી પડતી. પણ રેલ્વે થયા પછી, એક અથવા બીજા કારણથી થોડા દહાડાનું અનાજ ઘરમાં રાખી બાકીનું તેઓ વેચી મારે છે, અને ત્યાંનું આનાજ ખૂટી જાય એટલે આમતેમ ફાંફાં મારવા લાગે છે, અને બમણું દામ આપી ઘર ઉપયોગને માટે ખરીદ કરે છે. રેલ્વેના કારણથી સુકાળના વરસમાં પણ દરેક ચીજ મોંઘી થઈ પડી છે. આ બાબતમાં રેલ્વે અને સ્ટીમરો વધતાં બીજા દેશમાં ખોરાકની ચીજો ઘણી સસ્તી થઈ ગઈ છે, ત્યારે હિન્દુસ્થાનમાં છેલ્લાં પચીશ વરસમાં બધી વસ્તુઓની કિમ્મત વધી છે અને કેટલીકની કિમ્મત આજે લગભગ બમણી આપવી પડે છે.

CC-0. In Public Domain. Gurukul Kangri Collection, Haridwar

Digitized by Arya Samaj Foundation Chennai and eGangotri

ભાઈ મોહનદાસ માને છે, કે આધુનિક રસાયન શાસ્ત્ર, પદાર્થ વિજ્ઞાન શાસ્ત્ર, યાંત્રિક શાસ્ત્ર, વિજળિક શાસ્ત્ર, ભુસ્તર વિદ્યા, વૈદ્યક વિદ્યા વગેરે, તેમ જ અદાલતો વકીલો વગેરે મોહ ઉપજાવનારી વિદ્યાઓ અને ખાતાંઓ માણસ જાતને હલકી પાયરીએ લાવનારાં છે. આ બધી વિદ્યા અને ખાતાંઓ પૈસાનો મોહ વધારનારાં છે, અને તેને લીધે વિષય વાંછનાનો વધારો થાય છે. એક બાજુથી ક્યાંક કયાંક પૈસો વધે છે, તેમ બીજી બાજુથી મજુર વર્ગ વધતો જાય છે, તેની સાંસારિક સ્થિતિ માઠી થતી જાય છે, તેઓની શાંતિની હાનિ થતી જાય છે, અને તેઓનું મનુષ્યત્વ કમી થતું જાય છે. આધુનિક સુધારાને લીધે મનુષ્ય જાતમાં દરદો વધતાં જાય છે, અને જ્યાં તે વધારે પસર્યો છે, ત્યાં તેની સંખ્યા વધતી જાય છે. મી૦ કે૦ રોબિન્સને "નાઇન્ટીન્થ સેન્ચરી રિવ્યુમાં લખ્યું છે કે" હવે પછીના જમાનાનાં માણસો દાંત વગરના, તાલ પડેલા, પગની આંગળી વગરના, ઢીલા સ્નાયુવાળા, અને ભાગ્યે જ હરીફરી શકે એવા અવયવવાળા નિપજશે."

યુરોપના કેટલાક પરોપકારી પુરુષો સાંચાના કારખાનાની તેમ જ રેલ્વે, સ્ટીમર વગેરેની બદીઓને ખુલ્લી પાડવાને અને લોકોને કુદરતના ધોરણ ઉપર એટલે કે સાદી જીન્દગી ઉપર લાવવાને મથ્યા કરે છે. ઇંગ્લાંડમાં રસ્કિન, ફ્રાન્સમાં ઝોલા અને રૂશિયામાં ટોલ્સ્ટોયે સાંચા કામનાં ભોપાળાં જાહેરમાં મૂકવાને ઘણાં પુસ્તકો બહાર પાડ્યાં છે. પાશ્ચિમાત્ય સુધારાને માનનાર હિન્દીઓએ આ ગ્રંથકારોનાં પુસ્તક મનન કરવાં જોઇએ.

ઉપરની હકીકતનું મનન કરતાં એમ ખ્યાલ આવે છે કે દેશનું એટલે કે દેશના પચાણું ટકા ઉપરના લોકોનું ભલું ઇચ્છનાર માણસોએ આધુનિક સુધારાનો મોહ નહીં કરવો જોઇએ. હિન્દુસ્થાનની આબ હવાને માફકનાં પુરાતની હળો મૂકી, સાંચાવડે ખેતી કરવાની ભળામણ કરનાર માણસો લોકોના એટલે ગામડાંના લોકો ખરા હિતેચ્છુ નથી એમ કહેવાને કાંઈ અડચણ નથી. શું તેમ થાય તો ગામડાંના લોકો કદીપણ સુખી થાય? હાલ સીધી રીતે અથવા આડકતરી રીતે ખેતી ઉપર

CC-0. In Public Domain. Gurukul Kangri Collection, Haridwar

Digitized by Arya Samaj Foundation Chennai and eGangotri

હિન્દુસ્થાનની લગભગ એંશી ટકા વસ્તીનો આધાર રહેલો છે. જો તે ખેતી વિલાયતી હળ અને સાંચા વડે ચલાવવામાં આવે, તો કદાચ તે એંશી ટકામાંથી પાંચ ટકા વખતે રોટલો પેદા કરવા શક્તિવાન રહે, પણ બાકીનાનું શું? સાંચા દાખલ થતાં તેઓને ગુજરાન ચલાવવાને કાંઈપણ સાધનો રહેશે? જો સાંચાકામ દાખલ કરવાના વિચાર હિન્દુસ્થાનમાં ફેલાવા લાગે, અને તે બહોળા વિસ્તારમાં દાખલ થાય, તો આ ત્રીશ કરોડની વસ્તીવાળા દેશની શી વલે થાય?

જેમ ખેતીના સંબંધમાં તેમજ હાથવણાટ અને બીજી હાથ કારીગીરીના સંબંધમાં આપણે સમજવું ઘટે છે. જે હિન્દસ્થાન એક વખત હુન્નર અને ઉદ્યોગની બાબતમાં સર્વોપરી દેશ હતો, અને જેની હાથ વણાટનાં કપડાં વાપરવામાં પારિસ અને લન્ડનની ઉચ્ચ વર્ગની સ્ત્રીઓ ઘણું મોટું માન સમજતી હતી, તે આજકાલ માન્ચેસ્ટર અને ગ્લાસ્ગો વગેરે શહેરોની હરિફાઇથી ઉતરતી પંક્તિમાં આવી પડ્યું છે. છતાં પણ હજુ સુધી ઠેકાણે ઠેકાણે હાથવણાટનું કામ ચાલ્યા કરે છે. કેટલાકો એમ માને છે, કે સાંચા કામની સામે હાથવણાટનું કામ કદીપણ હરિફાઇમાં ફાવી શકે નહીં. પણ તે વિચાર બિલકુલ અનુભવ વગરનો છે. બંગાળના લાખો વણકરો રોટલાને માટે આડા અવળા ફાંફાં મારતા હતા, તે સ્વદેશી હિલચાલ થતાં પોતાને ઘેર પાછા આવી, કુટુમ્બમાં રહી કુટુમ્બનાં બીજાં માણસોની મદદથી એટલું બધું કાપડ તૈયાર કરી શકે છે, કે જેથી દિવસે દિવસે બીજા દેશોના કાપડની ગરજ કમતી થતી જાય છે. આ ઉપરથી આપણા લોકોએ ધડો લેવો જોઇએ છીએ, કે તે ધંધો પડી ભાંગવાનું કારણ હરિફાઈ નહીં હતી, પણ ઉત્તેજનની ખામી હતી. પરદેશી સુંદર પણ તકલાદી અને સસ્તો માલ આવતાં સ્વદેશી જાડો પણ ટકાઉ અને પહેરનારને ભૂષણ આપનાર માલની લેવાળી કમતી થઈ ગઈ. પરોપકારી પુરુષોએ આ વણકરવર્ગને દરેક પ્રકારે ઉત્તેજન આપવું ઘટે છે, તેની સંખ્યા વધારવાની કોશેશ કરવી ઘટે છે, હાથ વણાટનાં કપડાં

CC-0. In Public Domain. Gurukul Kangri Collection, Haridwar

Digitized by Arya Samaj Foundation Chennai and eGangotri

માંઘાં હોય છતાં તે વાપરવાનો આગ્રહ રાખવો ઘટે છે, અને તમામ જાતની હાથ કારીગીરી વધારવાની મહેનત કરવી ઘટે છે. ભણીને નોકરી શોધવા નિકળનારમાંનો મોટો ભાગ અંગ મહેનતથી અને હાથ કારીગીરીથી પોતાનું ગુજરાન ચલાવવાનું મન કરે, તો તેમાં તે ફતેહમંદ થયા વગર રહે નહીં, અને તેથી દેશની અમૂલ્ય સેવા બજાવી શકે. સાંચાનો ઉપયોગ દાખલ થયો તે પહેલાં આ દેશનાં હુન્નર કારીગીરી શ્રેષ્ઠ ગણાતાં હતાં, અને હજુ પણ તે જ શ્રેષ્ઠતાને પહોંચવાને માટે તે જ હુન્નર કારીગીરીને સાંચાની મદદ વગર ખીલવવાં જોઇએ. જો હિન્દુસ્થાનમાં સાંચાનો ઉપયોગ પસરી જાય, અને લોકો સાંચાનાં બનાવેલાં કપડાં લત્તાં વધારે ને વધારે સંખ્યામાં વાપરે, તો હિન્દુસ્થાનની પાયમાલી થવાને બહુ લાંબો કાળ નહીં લાગે. હાથ કારીગીરીથી જેટલા માણસોને ઉદ્યોગ મળી શકે છે, તેના પાંચથી દશ ટકા તેટલું જ કામ કરવાને સાંચાના કારખાનામાં બસ થઇ શકશે. જો આ પ્રમાણે થાય તો ઘણા લોકોનો રોટલો ચુટી જવો જોઇએ. દરેક હિન્દીએ હાથ કારીગીરી ખિલવવાની પોતાથી બનતી કોશેશ કરવી જોઇએ છીએ. આપણા "કોન્ફરન્સ" અને "કોન્ગ્રેસ"ના ઘણા ખરા આગેવાનો પાશ્ચિમાત્ય સુધારાના ભક્ત છે, અને તેથી તેઓ દરેક પ્રસંગે સાંચા કામ વધારવાની ભલામણ કર્યા કરે છે, પણ વિચાર કરતાં એમ ખાત્રી થાય છે, કે સાંચા કામની ભળામણ કરનારા પોતાનું અને પોતાના વર્ગનું ભલું ઇચ્છે છે, અને નહીં કે લોકોનું.

સને ૧૯૦૭-૦૮ ના રિપોર્ટ ઉપરથી જણાય છે, કે તે સરકારી વરસની આખરે હિન્દુસ્થાનમાં સુતર કાંતવાનાં અને કપડાં વણવાનાં એકંદર ૨૨૭ સાંચાકામનાં કારખાનાં હતાં. તેમાં એકંદર ભરાએલી થાપણ સવા સોળ કરોડ રુપીઆની હતી, અને તેમાંથી ૨,૨૫,૩૬૭ માણસોને રોજી મળતી હતી. આટલી મોટી રકમની રોકાત કરતાં ખાલી સવા બે લાખ માણસોને રોજી મળતાં કયો દેશ હિતેચ્છુ પુરુષ રાજી થશે? જો તે રકમનો દશમો હિસ્સો હાથ વણાટના કામમાં રોકવામાં આવે તે

CC-0. In Public Domain. Gurukul Kangri Collection, Haridwar

Digitized by Arya Samaj Foundation Chennai and eGangotri

તેમાંથી કેટલા બધા માણસો પોતાની રોજી સંતોષકારક રીતે મેળવી શકે? અને દેશની અંદરનો વેપાર રોજગાર કેટલો બધો વધી શકે? સામાન્ય પ્રજાના લાભનો વિચાર કરતાં એમ જ ખ્યાલ આવે છે, કે સાંચાકામનાં કારખાના વધારવાના વિચાર બાજુપર મૂકી આપણે હાથ વણાટનું કામ વધારવું ઘટે છે. તે સંબંધમાં આપણે યુરોપના લોકોની નકલ કરવી ઘટતી નથી. તેઓ તે દાખલ કરી પસ્તાય છે, અને તેને બદલે હાથ કારીગીરી દાખલ કરવાના વિચાર ચલાવે છે. આ હેતુથી લન્ડનમાં "ન્યુ ક્રુઝેડ" કરીને એક મંડળ ઉભું કરવામાં આવ્યું છે, અને તે ઠેકાણે ઠેકાણે હાથ કારીગીરી દાખલ કરવાને મથે છે.*

ભાઈ મોહનદાસ કહે છે કે મોટાં મોટાં કારખાનાંઓ હિન્દુસ્થાનની આબહવાને કદી પણ રુચતાં નહીં થાય. તેની ઉન્નતિ કરવાનો રસ્તો એ છે કે લોકોને વધારે ને વધારે સંખ્યામાં પોતાના ઘરમાં ચલાવી શકાય એવાં હુન્નર કારીગીરી શિખવવાં. તેના ફીનિકસના સંસ્થાનમાં આ ધોરણે કામ ચાલે છે, અને થોડા વખતમાં તેને વધારે ખિલવવામાં આવશે. આ સંસ્થાનવાસીઓએ ગરીબાઇનું પણ લીધું છે. તેઓ બિલકુલ સાદા મકાનમાં રહે છે, દિવસના કેટલોક ભાગ બગીચાના કામકાજમાં ગુજારે છે, જરૂર જોગાં કપડાં પહેરે છે, સાદા અને જરૂર જોગા ખોરાકથી સંતોષ માને છે, અને હાથ મહેનતથી પોતાનો રોજીનો પેદા કરવાની નેમ રાખે છે. ત્યાં રહેનારાઓ મનુષ્યત્વમાં ઘણા ચડીઆતા છે. ત્યાંની મૂખ્ય તાલીમ ચારિત્ર ખિલવવાની છે. હિન્દીઓએ આ લોકોને પગલે પગલે ચાલવાની જરુર છે. તેઓ આચાર અને વિચારમાં, ખોરાક અને પહેરવેશમાં, ધર્મ અને નીતિમાં, એ પ્રમાણે તમામ બાબતમાં સ્વદેશી

* આ લખનારે આવું હાથ વણાટનું એક કારખાનું ઇંગ્લાંડના હેઝલમીઅર ગામમાં મી૦ ગોડફ્રે ગ્લાઉંટની દેખરેખ નીચે ચાલતું જોયું છે. ત્યાં જે જે કાપડ બનાવવામાં આવે છે, તે બધાનો તુરતો તુરત ઉઠાવ થઈ જાય છે, અને તેવાં કાપડ વાપરનાર લોકોની સંખ્યા દિવસે દિવસે વધતી જાય છે.

CC-0. In Public Domain. Gurukul Kangri Collection, Haridwar

Digitized by Arya Samaj Foundation Chennai and eGangotri

થતા જાય છે; અને ભાઈ મોહનદાસ કહે છે કે હિન્દુસ્થાનનો પુનરોદ્ધાર કરવાનો સાચો માર્ગ સ્વદેશીદ્વારાએ છે.

ભાઈ મોહનદાસના હિન્દુસ્થાનની કેળવણી સંબંધમાં શું વિચાર છે તે વિષે આંહી બે શબ્દ કહેવાની જરૂર છે. તે કહે છે કે આ દેશમાં મેકૉલેએ કેળવણીનું જે ધોરણ દાખલ કર્યું છે, તે પ્રજાવર્ગને ઘણું હાનિકારક છે. અભ્યાસીઓનો ઘણો કાળ એટલે કે જીંદગીનો ઘણો કિમતી ભાગ અંગ્રેજીનો ગુજરાતીમાં, અને ગુજરાતીનો અંગ્રેજીમાં તરજુમો કરવામાં ફોકટ જાય છે. વરસો સુધી અંગ્રેજીનો અભ્યાસ કરતાં છતાં તે ભાષા કાચી રહી જાય છે, અને તે દ્વારાએ શિખેલા વિષયો પરીક્ષા પુરી થતામાં મોટો ભાગ ભૂલી જાય છે. આ ધોરણથી અંતર શક્તિ ખિલવવાને બદલે ફક્ત કેટલેક દરજ્જે ખાલી યાદશક્તિ ખિલવાય છે. મોટો ભાગ અભ્યાસના વિષય સમજવાને બદલે ખાલી ઉપર ચોટીઉં ભાષા જ્ઞાન મેળવે છે, અને તે પણ વિદેશી ભાષાનું. આથી કરીને અભ્યાસીઓ સ્વભાષામાં બિલકુલ કાચા રહે છે. જો તેઓને તમામ વિષયો સ્વભાષામાં શિખવવામાં આવે, તો તેઓ તે વિષયોને વધારે સારી રીતે સમજી શકે, અને એકંદર તેઓને અનુભવિક જ્ઞાન વધારે મળી શકે. રાજ્ય કારભારમાં, વેપાર રોજગારમાં, અને દરેક પ્રસંગે હાલમાં અંગ્રેજી ભાષાનો જે ઉપયોગ કરવામાં આવે છે, તેથી આ દેશ વધારેને વધારે પછાત પડતો જાય છે. હાલના જમાનામાં આપણા ભણેલા લોકો પરસ્પર વાતચિત કરે છે તે અંગ્રેજી ભાષામાં અને તે પણ ભાંગ્યા ખોખરા અંગ્રેજીમાં, કાગળ લખે છે તે પણ તેવા જ અંગ્રેજીમાં, ભાષણો કરે છે તે પણ તે જ ભાષામાં, આપણી કોન્ગ્રેસનો વહીવટ પણ તે જ ભાષામાં ચાલે છે, આપણાં લોકોનાં સારાં છાપાં અંગ્રેજી ભાષામાં લખાય છે, એ લોકો પુસ્તકો વાંચે છે તે અંગ્રેજી ભાષાનાં, વિચાર કરે છે તે અંગ્રેજી ભાષામાં, તેઓને જે રીતરિવાજ પસંદ પડે છે તે અંગ્રેજના, રાજ્યકીય ધોરણ ધ્યાનમાં આવે છે તે અંગ્રેજનું, એ પ્રમાણે

CC-0. In Public Domain. Gurukul Kangri Collection, Haridwar

Digitized by Arya Samaj Foundation Chennai and eGangotri

એકંદર આપણે તેઓની નકલ કરીએ છીએ. તેઓનું સારાપણું તેઓની પાસે રહે છે, અને તેનો ઘણો ખરો ઉતાર આપણે અંગીકાર કરીએ છીએ.

હાલના જમાનામાં ભણેલો માણસ તે ગણાય છે, કે જેને અંગ્રેજીનું થોડું વધારે જ્ઞાન હોય છે, તે જ વધારે ભણેલો માણસ ગણાય છે કે જે અંગ્રેજીમાં લખી બોલી શકે છે, અને તે જ મોટો ગણાય છે, કે જે જાહેર કામકાજમાં અંગ્રેજી ભાષાનો વધારે ઉપયોગ કરી શકે છે. આ બધા "એજ્યુકેટેડ"ના નામથી ઓળખાય છે, અને સામાન્ય રીતે લોકો પણ તેઓને જ 'એજ્યુકેટેડ' ગણે છે. દેશમાં સ્વભાષાની કાંઇ કદર નથી, અને કિમ્મત નથી. સ્વભાષાના પુસ્તકો વાંચનારની સંખ્યા પણ જુજ જેવી છે. આપણાં પંડિતો અને વિદ્વાનોને જુના જમાનાના માણસો ગણી, તેઓને હલકા પાડવામાં આવે છે. તેઓ ખાલી ભિક્ષાવૃત્તિને લાયક ગણાય છે. સંસ્કૃત ભાષાનું અને ધર્મનીતિનાં ઉંચાં પુસ્તકોનું જ્ઞાન ધરાવનારા અને સ્વધર્મ અને નીતિને રસ્તે ચાલનારા ખરા સ્વદેશી અને વિદ્વાન પુરુષો રાજ્યની અને કહેવાતા કેળવાએલા માણસોની નજરમાં વહેમીલા માણસો ગણાય છે. અંગ્રેજી શાળાઓમાં સંસ્કૃત શિખવનારા શાસ્ત્રીઓને ભાગ્યે જ પુરતો રોટલો મળે છે, ત્યારે "યુનીવર્સિટી" ની એકાદ બે પરીક્ષામાં પસાર થયેલા તેઓના શિષ્ય તરીકે ગણાવાને પણ લાયક નહીં એવા જુવાનીઆઓને તે જ્ઞાન અને વયોવૃદ્ધ પુરુષોના ઉપરી બનાવવામાં આવે છે.

ભાઈ મોહનદાસ કહે છે, કે દરેક હિન્દીએ સ્વભાષા ઉપરાંત, સંસ્કૃત અથવા એરેબિક, અને હિન્દી અથવા ઉર્દુ ભાષા જાણવી જોઇએ. હાલમાં અંગ્રેજી શાળાઓમાં ઉંચા ધોરણના વિષયો અંગ્રેજી ભાષા મારફત શિખવવામાં આવે છે, તેને બદલે તે વિષયો સ્વભાષા મારફતે શિખવવા જોઇએ. અંગ્રેજી શાળાઓ અને અંગ્રેજી કેળવણી વધારવાને બદલે સ્વભાષાની શાળાઓ વધારવી જોઇએ, અને તેમાં ભાષા જ્ઞાન અને બીજા ઉપયોગી વિષયોના જ્ઞાન ઉપરાંત હુન્નર અને હાથ કારીગીરી શિખવવાને

CC-0. In Public Domain. Gurukul Kangri Collection, Haridwar

Digitized by Arya Samaj Foundation Chennai and eGangotri

ગોઠવણ થવી જોઇએ. હાલના જમાનામાં લોકોને નોકરીની જે ધુન લાગી છે, તે કમી કરવાને માટે સ્વભાષાનું ઉંચું જ્ઞાન અને હાથ કારીગીરીનું જ્ઞાન આપવાને ઠેકાણે ઠેકાણે સગવડ કરવી જોઇએ. તે માને છે કે નોકરી લઈ પરતંત્રતા અંગીકાર કરવા કરતાં હાથ મહેનત કરી રોટલો પેદા કરવો એ આ મનુષ્ય દેહને અને વિશેષે કરીને હિન્દના લોકોને વધારે છાજતું અને ભૂષણાસ્પદ છે, અને તેવા પ્રકારની સ્વલ્પ સંતોષી જીંદગી ગુજારનારા પુરુષો આ દેશને હિતકારી છે. ભાઇ મોહનદાસ આપણી ગુજરાતી કહેવત–ઉત્તમ ખેતી, મધ્યમ વેપાર અને કનિષ્ઠ નોકરીના ઘણા મજબૂત હિમાયતી છે, અને તે પોતાના કુટુમ્બને, સગાં વહાલાંઓને, શિષ્યોને અને શ્રોતાઓને એ જ બોધ કરે છે. તેના પૂત્રો અને ભત્રિજાઓ ખેતીના કામમાં દરરોજ કેટલોક કાળ કાઢે છે, અને પોતે ફીનિકસમાં હોય છે, ત્યારે તે કામમાં સામેલ થવા પ્રયત્ન કરે છે, અને આવી જીંદગી ગુજારવાનો વિચાર કરી તેણે વકીલાતનો ધંધો કરવાનું માંડી વાળ્યું છે.

હાલના સમયના ચાલતા કેળવણીના ધોરણ અને તેમાંથી નિપજેલાં પરિણામના સંબંધમાં તે નીચે પ્રમાણે લખે છે.

" જો આવું લાંબી મુદત સુધી ચાલશે તો આપણી પ્રજા આપણો તિરસ્કાર કરશે, ને તેમનો શ્રાપ આપણા આત્માને લાગશે, એમ મારું માનવું છે. "

" તમારે સમજવા જેવું છે કે અંગ્રેજી કેળવણી લઇને આપણે પ્રજાને ગુલામ બનાવી છે. અંગ્રેજી કેળવણીથી દંભ, રાગ, જુલમ વગેરે વધ્યાં. અંગ્રેજી ભણનારે લોકોને ધૂતવામાં અને તેઓને ત્રાસ પમાડવામાં મણા નથી રાખી. હવે જો આપણે તેઓને સારુ કંઈ જ કરીએ છીએ તો તે આપણે કરેલા કરજનો એક કટકો વાળીએ છીએ. "

હમણા હમણામાં ગીરમીટીઆ હિન્દીઓના સંબંધમાં હિન્દુસ્થાનમાં ઘણી ચર્ચા ચાલી રહી છે. તે સંબંધમાં આ જગ્યાએ બે શબ્દ કહેવા

CC-0. In Public Domain. Gurukul Kangri Collection, Haridwar

Digitized by Arya Samaj Foundation Chennai and eGangotri

ઉચિત ગણાશે. તે સવાલના અભ્યાસને માટે ભાઇ મોહનદાસને જે તક મળી છે તે અમૂલ્ય છે. તે સંબંધમાં તે કહે છે, કે દક્ષિણ આફ્રિકામાં હિન્દીઓને જે હાડમારી વેઠવી પડી છે, તેનું મૂળ ગીરમીટનો કાયદો છે. આ કાયદો પસાર થયા પછી જે જે મુલકમાં ગીરમીટીઆ મજુર લઈ જવામાં આવે છે, તે તે મુલકમાં સ્વતંત્ર હિન્દીઓને પણ તેઓના જેવા જ ગણવામાં આવે છે. લગભગ દરેક સંસ્થાનવાસી હિન્દી તરફ સામાન્ય વર્તણુક અવગણના અને તિરસ્કારની રાખે છે. તે જ્યાં જ્યાં જાય છે, ત્યાં ત્યાં તેને ઉતરતી અને હલકી કોમના માણસ તરીકે ગણવામાં આવે છે. સને ૧૮૯૮ માં આ લખનાર વિલાયતથી દક્ષિણ આફ્રિકાની મુલાકાતે ગયા તે વખતે તેને કેપટાઉન ઉતરતાને વાર કાળી ચામડી તરફ તેઓની વિરુદ્ધ લાગણી જોવામાં આવી. તે જે જે હોટેલમાં ગયા, ત્યાં ત્યાં તેને કહેવામાં આવ્યું કે "જગ્યા નથી." પહેલાં તેને તે વાત સાચી જેવી લાગી, પણ જ્યારે તે દશેક હોટેલ ફરી વળ્યા, ત્યારે તેને ખાત્રી થઈ, કે તેઓ તેને તે હોટેલોમાં ઉતરવા દેવા ખુશી નથી. કિમ્બર્લીમાં પણ તે જ પ્રમાણે બન્યું. આપણી સરકારે ગીરમીટનો કાયદો પસાર ન કર્યો હોત, અને નાતાલમાં ગીરમીટીઆ મજુર લઈ જવા દેવાને કાયદેસર પરવાનગી ન આપી હોત, તો આજે દક્ષિણ આફ્રિકામાં હિન્દી સવાલની હૈયાતી ન હોત; અને જે થોડા હિન્દીઓ મુસાફરી અને કામકાજ ખાતર ત્યાં જાત, તેને જેવી રીતે યુરોપમાં મુસાફરી કરતાં અથવા વસતાં કાંઈ તકલીફ નથી પડતી, તેમ ત્યાં પણ ન પડત. યુરોપના ઘણા ખરા લોકો હાલ પણ હિન્દુસ્થાનના પુરાતની સુધારા તરફ માનની નજરથી જુવે છે, અને હિન્દીઓને તમામ બાબતમાં પોતાના સમાન ગણે છે. કેટલાક તેને યુરોપના સુધારાનું માબાપ ગણે છે, અને જર્મની, ફ્રાન્સ વગેરે દેશોના વિદ્વાન પુરુષો હિન્દુસ્થાનના સાહિત્ય અને તત્ત્વજ્ઞાનનો અભ્યાસ કરવામાં પોતાને મોટું માન સમજે છે. જો યુરોપમાં ગીરમીટીઆ મજુરની જરૂર પડે, અને આપણી સરકાર તેને ત્યાં લઇ જવાની પર-

CC-0. In Public Domain. Gurukul Kangri Collection, Haridwar

Digitized by Arya Samaj Foundation Chennai and eGangotri

વાનગી આપે, તો હાલ ત્યાં વસ્તા હિન્દી ગ્રહસ્થો થોડા વખતમાં કૂલીઓ કહેવાવા લાગે.

આ કાયદાની રૂયે હિન્દુસ્થાનના અજ્ઞાન અને કંગાળ, પણ મોટી લાલચોથી લલચાઈ જાય, એવા માણસોને નાતાલના ગોરા લોકોના હિન્દી આડતીઆઓ ખોટી આશાઓ આપી ત્યાં જવા લલચાવે છે, અને તેઓ ત્યાં જવાની હા પાડે, કે તરતજ તેઓની પાસેથી વકીલોને પણ સમજતાં મુશ્કેલ પડે એવી શરતોવાળા કરાર ઉપર પાંચ વરસના ગુલામી ખત ઉપર સહી કરાવી લે છે. નાતાલ પહોંચ્યા પછી નાતાલની સરકાર તેઓને જૂદા જૂદા શેઠો ઉપર મોકલી આપે છે. આ શેઠોમાંના કેટલાક સ્વાર્થ, અંતલોભ, અને દુષ્ટતાને માટે તે દેશમાં પ્રસિદ્ધ થયા છે. તેવા ગમે તે શેઠની પાસે આ મજુરોને મોકલવામાં આવે, તો ત્યાં પણ તેઓ મજુરી કરવા બંધાયા છે. આ કૂલીઓ તેઓની ભાષા અને રીત રિવાજ જાણતા નથી, પણ તેના શેઠો તો તેઓની સાથે શાઇલોકની પેઠે પોતાના કરારને વળગી રહે છે. તે કારણથી એ મજુર લોકોને ત્યાં રહી અનેક પ્રકારનાં સંકટો ભોગવવાં પડે છે. કેટલાક શેઠો તેઓને ઢોર ગણતા હોય, તેમ વર્ત્તતા જોવામાં આવે છે. મી૦ પોલાક લખે છે કે "ખરું જોતાં હિન્દી મજુરને પશુ કરતાં ઓછા કિમતી ગણવામાં આવે છે, કારણ કે પશુને ખરીદ કરવાને માટે નાણાની રકમ જોઇએ છીએ, પણ માણસ તેના કરતાં વધારે સસ્તી કિમ્મતે મળી શકે છે." તેનો શેઠ તેના તરફ ઘાતકી રીતે વરતે, અને તેને તેની સામે ફરીઆદ કરવાનો વિચાર થાય, તો પહેલાં તેણે પાસેના કોઈ ફોજદારી ન્યાયાધીશ પાસેથી પરવાનો મેળવવો જોઇએ. તે તેની કચેરી સુધી પહોંચે તે પહેલાં તે કોઈ પોલીસના જોવામાં આવી જાય, તો તે તેને તરતજ તેના શેઠ પાસે મોકલી શકે છે. જો ન્યાયાધીશ પાસે પહોચ્યા પછી ન્યાયાધીશને તેની ફરીઆદ ગેરવાજબી લાગે, તો તે પણ તેને તેના શેઠ ઉપર તાબડતોબ મોકલી શકે છે. જો ન્યાયાધીશને તે ઘાતકીપણું ફરીઆદ કરવા લાયક લાગે, તો તેને જે પરવાનો આપવામાં

CC-0. In Public Domain. Gurukul Kangri Collection, Haridwar

Digitized by Arya Samaj Foundation Chennai and eGangotri

આવે તે લઇને તેણે ડર્બનમાં "પ્રોટેકટર" પાસે જવું જોઇએ. "પ્રોટેકટર"ને તેની ફરીઆદ ગેરવાજબી લાગે તો તે પણ તેને તેના ધણી પાસે પાછો મોકલાવી શકે છે. જો કોઇ ગીરમીટીઆ ન્યાયાધીશના પરવાના વગર "પ્રોટેકટર" પાસે પરબારો જાય, તો તે તેને ડર્બનના ફોજદારી ન્યાયાધીશ પાસે ખડો કરી પરવાનો લીધા વગર હદ બહાર આવવાને માટે તેને શિક્ષા કરાવી શકે છે. આવી સ્થિતિમાં જે થોડા માણસો ફરીઆદ કરવાની હિમ્મત ધરે છે, તેમાંનો મોટો ભાગ તે ફરીઆદમાં નિષ્ફળ જાય છે; કારણ કે તે જે સાક્ષીઓ રજુ કરી શકે છે, તે તેજ શેઠના મજુર હોય છે, અને તેઓ તેની સામે સાક્ષી આપવા હિમ્મત ધરી શકતા નથી. આથી કરીને કેટલાક લોકો એટલું બધું દુઃખ સહન કરવા કરતાં આપઘાત કરી મરવું પસંદ કરે છે. હિન્દુસ્થાનમાં આપઘાત કરનારનું જે પ્રમાણ આવે છે, તેના કરતાં નાતાલમાં ચૌદ ગણા વધારે માણસો આપઘાત કરી મરણ પામે છે. આ શિવાય ગીરમીટની બીજી શરતો પણ તેઓને ઘણી ભારે પડે છે. જીંદગીનાં સરસમાં સરસ પાંચથી દશ વરસ આ સ્થિતિમાં ગુજાર્યા પછી, તેઓમાંનાં મોટા ભાગને હિન્દુસ્થાન પાછા મોકલી આપવામાં આવે છે, અને જેઓ ન્યાત જાતના અથવા બીજા કારણથી હિન્દુસ્થાન આવવા ઇચ્છતા નથી, અને ફરીવાર ગીરમીટીઆ તરીકે પણ રહેવાને ખુશી નથી, તેઓને ત્યાં રહેવાને માટે દરસાલ પીસતાળીશ રુપીઆનો ખાસ કર ભરવો પડે છે. આ બધી સ્થિતિથી તેઓ ધર્મ અને નીતિરહિત થાય છે, અને દિનપર દિન વધારે વધારે ભ્રષ્ટ અને પશુવત થતા જાય છે. એ બધી બાબતોનો વિચાર કરી ભાઈ મોહનદાસ એવા ઠરાવ ઉપર આવ્યા છે, કે હિન્દુસ્થાનની સરકારે ગીરમીટનો કાયદો બિલકુલ નાબુદ કરવો જોઇએ. હિન્દી બાદશાહી સભાની છેલ્લી બેઠક વખતે આ સવાલ સારી રીતે ચર્ચાયો હતો, અને ફકત નાતાલમાં ગીરમીટીઆ હિન્દીઓ નહીં મોકલવા એવું તેનું પરિણામ આવવા સંભવ છે. ખરું જોતાં આ કાયદાથી હિન્દુસ્થા-

CC-0. In Public Domain. Gurukul Kangri Collection, Haridwar

Digitized by Arya Samaj Foundation Chennai and eGangotri

નના સુંદર નામને બટો લાગ્યો છે, અને તે સરકારે બનતી તાકીદે નાબુદ કરવો જોઇએ, અને કોઇ પણ મુલકમાં ગીરમીટીયા હિન્દીને નહીં મોકલવા જોઇએ.

ભાઈ મોહનદાસે હિન્દુસ્થાનની જે જે સેવા બજાવી છે, તેમાં સહુથી શ્રેષ્ઠ સેવા હિન્દુ મુસલમાનની વચ્ચે ભાઇચારો વધાર્યો તે છે. દક્ષિણ આફ્રિકામાં તે બન્ને કોમ આજ કેટલાંક વરસ થયાં સાથે રહી કામ કરે છે. તેના પરિણામમાં તેઓ પરસ્પર વધારે ને વધારે નિકટ સંબંધમાં આવતા જાય છે, પોતાની સ્થિતિ અને દરજ્જો વધારે મજબૂત કરતા જાય છે, અને હિન્દુસ્થાનની શોભા વધારતા જાય છે. હિન્દી બાદશાહી સભામાં દરેક ગોરા અને દેશી સભાસદે નાતાલના ગીરમીટના કાયદાને રદ કરવાની બાબતમાં એક મત બતાવ્યો, અને રા. રા. ગોખલેનો ઠરાવ મંજુર થયો, એ તે દેશમાં રહેતા હિન્દુ મુસલમાનની ઐક્યતનું પરિણામ છે. હિન્દુસ્થાનમાં પણ તે બન્ને કોમ દક્ષિણ આફ્રિકાના સવાલોમાં એકમત થઈ છે, તે કેટલેક દરજ્જે ભાઈ મોહનદાસની સેવાનું પરિણામ છે.

આપણે હિન્દુસ્થાનના વિષયો ઉપર પણ શા માટે એકમત નહીં થવું જોઇએ? ઘણે ભાગે હિન્દુ અને મુસલમાન બન્ને એક જ માતાના પુત્ર છે, અને તેઓ તેના તે જ સુધારાની ઓલાદ છે. તે બન્ને એક જ ભાષા બોલે છે, વાંચે છે, લખે છે, અને તે બન્નેના સાંસારિક રિવાજોનું અને સાંસારિક ખ્યાલોનું બંધારણ પણ તે જ સુધારાના ધોરણે રચાયલું છે. અંગ્રેજી સરકારના કાયદા તે બન્ને કોમને એક સરખા લાગુ પડે છે, પાશ્ચિમાત્ય સુધારો હિન્દુઓને જેટલો નુકશાનકારક છે, તેટલો જ મુસલમાનોને છે. પાશ્ચિમાત્ય કેળવણી હિન્દુને જેટલે દરજ્જે હાનિકારક છે, તેના કરતાં તે મુસલમાનોને ઓછી હાનિકારક નથી. જે વેપાર રોજગાર હિન્દુ મુસલમાન વેપારીઓના હાથમાં હોવો જોઇએ, તે પરદેશી વેપારીઓના હાથમાં છે, જે લશ્કરી અને મુલકી હોદ્દાઓ તે બન્ને

CC-0. In Public Domain. Gurukul Kangri Collection, Haridwar

Digitized by Arya Samaj Foundation Chennai and eGangotri

કામના હાથમાં હોવા જોઇએ, તે વિદેશીઓના હાથમાં છે. દેશની હુન્નર કારીગીરી કમી થઇ ગયાં, તેથી બન્નેને એકસરખું નુકશાન થયું છે. પંડિત અને શાસ્ત્રીઓની જેટલી અવગણના થઇ છે, તેટલી જ કાજી અને મોલ્વીઓની થઇ છે. જે અદાલતોમાં ઇનસાફ લેવાનો છે, ત્યાં ભાષા સંબંધની તે બન્નેને એકસરખી મુશ્કેલી પડે છે, અને તે બન્નેને ઇનસાફ એકસરખો મોંઘો પડે છે, રાજ્યના કર બન્નેને એકસરખા ભરવા પડે છે. દીર્ઘ દૃષ્ટિથી જોતાં હિન્દુ અને મુસલમાન બન્નેને દેશની સ્થિતિના ફેરફારથી નફો અને નુકશાન એકસરખાં છે. દેશની ખેતી સુધરે, હુન્નર કારીગીરી વધે, વેપાર રોજગાર આબાદ થાય, યોગ્ય કેળવણીનાં ધોરણો રચાય, નીતિ વધે, ધર્મ સચવાય, એ બધું એક વર્ગને જેટલું લાભકારી છે, તેટલું જ લાભકારી તે બીજા વર્ગને છે. બન્નેના ધર્મ જૂદા છે, તેથી શું થયું? ધર્મ એ ખાનગી બાબત છે. કોઇ મંદિરમાં જઇ પ્રાર્થના કરે, અને કોઇ મસ્જીદમાં જઇ બંદગી કરે, તો તેથી દેશને શું હાનિ છે? હિન્દુને રાજ્યના હોદ્દા કમતી આપવામાં આવે અને મુસલમાનોને વધારે આપવામાં આવે તો તેથી દેશને શું નુકશાન છે? અમેરિકામાં અંગ્રેજ, ફ્રેન્ચ, જર્મન, રુશિઅન, ઓસ્ટ્રીઅન, ઇટેલીઅન, સ્પેનિશ, પોર્ટુગીઝ, વગેરે જૂદા જૂદા દેશની પ્રજા વસે છે, અને તેઓ પ્રોટેસ્ટન્ટ, રોમન કેથોલિક, યાહુદી વગેરે જૂદા જૂદા અનેક મતને માને છે. છતાં સર્વ કોઇ દેશના સંબંધમાં એકમત ધરાવે છે. તેઓ ખાનગી બાબતો અને ખાનગી વિચારો જાહેર કામમાં વચ્ચે લાવતા નથી. આપણે પણ તેઓનો દાખલો શા માટે નહીં લેવો જોઇએ? હિન્દુસ્થાનની રાજ્યકીય સભામાં થોડા વધારે મુસલમાન ગૃહસ્થોને બેઠક આપવાનો ઠરાવ થતાં હિન્દુઓ ઠેકણે ઠેકાણે વિરુદ્ધ સભાઓ ભરવા લાગ્યા, અને તે ગોઠવણની સામે પોકાર ઉઠાવવા લાગ્યા. મુસલમાનોને વધારે બેઠકો મળતાં હિન્દુ પ્રજાવર્ગને શું નુકશાન થયું, અને મુસલમાન પ્રજાવર્ગને શું ફાયદો થયો, એ કલ્પી શકાતું નથી. એ સભામાં વધારે મુસલમાન ગૃહસ્થો બેઠક મેળવી શકે

CC-0. In Public Domain. Gurukul Kangri Collection, Haridwar

Digitized by Arya Samaj Foundation Chennai and eGangotri

તેથી હિન્દુઓએ શા માટે નારાજ થવું જોઇએ? અમુક હિન્દુ સભાસદ હિન્દુ કોમનું શું વિશેષ ભલું કરી શકે છે, અને મુસલમાન સભાસદ તેઓનું શું નુકશાન કરી શકે છે? આ બધું મનની લાગણીનું કારણ છે, અને તેને જેમ વાળવા ધાર્યું હોય તેમ વાળી શકાય છે. જેમ સુખદુઃખ એ મનની લાગણીનું કારણ છે, તેમ જ આ બાબતમાં છે. વાસ્તવિક રીતે પણ તેથી એકનું ભલું અને બીજાનું બુરું તેવું કંઇ જ થતું નથી. ભાઇ મોહનદાસે આ બાબતમાં ઘણી વખતે પોતાનો મત જાહેર કર્યો છે. તેણે એક મુસલમાન ગૃહસ્થને તેના સવાલના જવાબમાં પત્ર લખ્યો હતો, તેનો તરજુમો નીચે પ્રમાણે છે:–

"હું હિન્દુ અને મુસલમાન વચ્ચે કાંઇ ભેદ સમજતો નથી. મારા મનને તે બન્ને હિન્દ માતાના પુત્રો છે. હું જાણું છું કે હિન્દુઓની સંખ્યા ઘણી મોટી છે, અને તેઓ જ્ઞાન અને કેળવણીમાં વધારે વધેલા મનાય છે. તેટલા માટે તેઓએ પોતાના મુસલમાન ભાઇઓને વધારે આપી રાજી થવું ઘટે છે. સત્યાગ્રહી તરીકે હું પ્રમાણિકપણે માનું છું કે હિન્દુઓએ મુસલમાનોને તેઓ જે કાંઈ માગે તે આપવું જોઇએ, અને તે આપીને રાજી થવું જોઇએ. જો પરસ્પર આવું મોટું મન બતાવવામાં આવે તો આપણે એકસંપીની આશા રાખી શકીએ. જ્યારે હિન્દુ અને મુસલમાન એક બીજા તરફ સગા ભાઇઓની માફક વર્ત્તશે, ત્યારે હિન્દુસ્થાનનો દહાડો વળશે."

ભાઇ મોહનદાસના ધાર્મિક વિચારોના સંબંધમાં મી૦ ડોકે જે લંબાણથી વિવેચન કર્યું છે, તેનું દરેક હિન્દીએ પુરતું મનન કરવું જોઇએ. તેના હૃદયમાં હિન્દુ, મુસલમાન, પારસી, ખ્રિસ્તી, તેમ જ બંગાળી, હિન્દુસ્થાની, પંજાબી, ગુજરાતી, દક્ષિણી, મદ્રાસી વગેરે તમામ ઇલાકાની પ્રજાને માટે એકસરખો પ્રેમ છે એટલું જ નહીં, પણ તે દુનીઆની તમામ પ્રજાને–પછી તે ગમે તે ધર્મ પાળતી હોય–એક જ કર્ત્તાના છોરુ ગણે છે, અને તેથી કરીને તે દરેક પ્રત્યે સમભાવ રાખે

CC-0. In Public Domain. Gurukul Kangri Collection, Haridwar

Digitized by Arya Samaj Foundation Chennai and eGangotri

છે. તેનાં કેટલાંક દૃષ્ટાંતો મી૦ ડોકે ભાઇ મોહનદાસના જન્મ વૃત્તાંતમાં આપ્યાં છે. ધર્મની વ્યાખ્યા આપતાં તે કહે છે કે "ધર્મ એટલે કે વિધિ પ્રમાણે અથવા ચાલતી રસમ પ્રમાણે ધર્મ પાળવો એમ હું કહેવા માગતો નથી, પણ જે ધર્મની અંદર તમામ ધર્મનો સમાવેશ થાય છે, અને જે આપણને બધાને આપણા કર્ત્તાની સન્મુખ લાવે છે, તે જાતનો ધર્મ એવો હું તેનો અર્થ કરું છું. ધર્મની આ વ્યાખ્યા બીજી બધી વ્યાખ્યા કરતાં ઘણી વધારે વિશાળ છે. તેણે જૂદાં જૂદાં ધર્મ પુસ્તકોનો અભ્યાસ કર્યો છે, અને તેના પરિણામમાં તેને બધા ધર્મનાં મૂળ તત્ત્વો લગભગ એક સરખાં લાગે છે. તે માને છે, કે જે માર્ગે હિન્દુ મુસલમાનનો આત્મા મોક્ષે જઇ શકે છે, તે જ માર્ગ અંગીકાર કરવાથી બીજા ધર્મના લોકો પણ તે જ સ્થળે પહોંચી શકે છે, પછી તે કહેવામાં હિન્દુ હોય કે મુસલમાન, ખ્રિસ્તી હોય કે યાહુદી, ઝરથોસ્તી હોય કે કોન્ફ્યુશિઅન. ધર્મને બહાને જે જે લડાઇઓ ચાલી હતી, અને હજુ ચાલે છે, તેથી મનુષ્ય જાતને ઘણું સહન કરવું પડ્યું છે, અને જૂદી જૂદી પ્રજાઓ વચ્ચે વેર ઝેર ઉત્પન્ન થયાં છે. "પ્રેમ અપ્રેમને જીતે છે" એ તેના અંતઃકરણમાં મજબૂત ઠસેલું છે, અને તે ધોરણે લાંબા કાળથી વર્ત્તતાં તે વિચાર તેના મનમાં દિવસે દિવસે વધારે મજબૂત થતો ચાલ્યો છે, અને દિવસે દિવસે તેની સચ્ચાઇનો તેને વધારે વધારે અનુભવ થતો જાય છે. તેની જીંદગીમાં તેને જે જે ફતેહ મળી છે, અને જે જે સંકટ વેઠવાં પડ્યાં છે, તેનું મૂળ ઘણે ભાગે આ ધોરણ પ્રમાણેનું તેનું વર્ત્તન છે. એથી કરીને તેણે ટ્રાન્સવાલના કેટલાક ગોરાનો સંપૂર્ણ પ્રેમ સંપાદન કર્યો છે, અને સત્યાગ્રહની લડતમાં કેટલાકની મદદ મેળવી છે. મી૦ ડોક, મી૦ હોસ્કિન, મી૦ રિચ, મી૦ પોલાક, મી૦ કેલનબેક વગેરે કેટલાક ગોરાઓ તરફથી તેનાં કાર્યમાં જે મદદ મળે છે, તેનું કારણ ઉપરનો વિચાર અને તે પ્રમાણેનું તેનું વર્ત્તન છે. ટ્રાન્સવાલની ધારા સભાના સભાસદ મી૦ હોસ્કિનની આગેવાની નીચે હિન્દીઓના લાભને

CC-0. In Public Domain. Gurukul Kangri Collection, Haridwar

Digitized by Arya Samaj Foundation Chennai and eGangotri

માટે ગોરાઓની એક "કમીટી" સ્થપાઇ છે, તેનું કારણ પણ તે જ છે. અલબત્ત કેટલાક ગોરાઓ તેના પ્રત્યે હજુ પણ બહુ કડા છે, અને સત્યાગ્રહની લડતના સંબંધમાં તેના ઉપર બેવફાદારીનું તહોમત મૂકે છે. છેલ્લી હિન્દી પ્રજાકીય મંડળને પોતાના તરફનો સંદેશો મોકલતાં તે સંબંધમાં ભાઇ મોહનદાસ નીચે પ્રમાણે ખુલાસો કરે છે:-

"તેઓ (હિન્દીઓ) શારીરિક બળની સામે આત્મબળ વાપરે છે. તેઓ એવું માને છે કે દુન્યવી રાજ અને દુન્યવી રાજ્ય બંધારણ પ્રત્યેની વફાદારી એ ઇશ્વર અને તેના બંધારણ પ્રત્યેની વફાદારીના પેટામાં છે. તેઓ કબુલ કરે છે, કે તેઓના અંતઃકરણ વડે ઇશ્વરકૃત બંધારણનો અર્થ સમજવામાં તેઓની કદાચ ભૂલ થતી હોય. તે ઉપરથી તેઓના મત પ્રમાણે જે મનુષ્યકૃત કાયદા ઇશ્વરી સનાતન કાયદાના વિરોધી છે, તેની સામે થતાં, અથવા તેની અવગણતા કરતાં, તેમાં જે શિક્ષા મુકરર કરવામાં આવી છે, તેને તેઓ આધીન થાય છે, અને તેઓનું વર્તન બરાબર છે એમ સાબિત કરવાને માટે કાળની ગતિ અને મનુષ્ય જાતમાં જે કાંઇ ઉત્તમ છે, તેના ઉપર ભરુસો રાખે છે. જો તેઓની ભૂલ થતી હશે, તો તેઓ એકલા જ દુઃખી થશે, અને દુનીઆનો સ્થપાએલો ક્રમ ચાલુ રહેશે."

જેમ જેમ તે પુરુષની વધારે વધારે માહિતી થતી જાય છે, તેમ તેમ ગોરા લોકોમાં તેના પ્રત્યે વિરોધીપણું કમી થતું જાય છે. મદ્રાસના આગળના હાકેમ અને થોડો વખત હિન્દુસ્થાનના સર સુબા લોર્ડ એમ્પ-ટીલના જેવા અગ્રેસર અંગ્રેજ અમીરે મી૦ ડોકના પુસ્તકની પ્રસ્તાવના લખી છે, તે બતાવી આપે છે કે જેઓ તેની સાથે નિકટ સંબંધમાં આવે છે, તેઓ તેના મનની નિર્મળતા અને તેના હેતુઓ સંપૂર્ણ રીતે સ્વીકારે છે. વિલાયતની તેની છેલ્લી મુસાફરી દરમીઆન તેણે જે જે ભાષણો કર્યા હતાં, તે તરફ અંગ્રેજો અને હિન્દી અંગ્રેજોએ સંપૂર્ણ દિલસોજી બતાવી હતી. ટ્રાન્સવાલમાં પણ જે કેટલાક માણસો ભાઇ મોહનદાસથી

CC-0. In Public Domain. Gurukul Kangri Collection, Haridwar

Digitized by Arya Samaj Foundation Chennai and eGangotri

એક વખત વિરુદ્ધ હતા, તેઓ હવે તેના મિત્ર થયા છે. મનુષ્ય જાત પ્રત્યે તેના હૃદયમાં જે પ્રેમાળપણું છે, તે એ મિત્રાચારી થવાનું મૂખ્ય કારણ છે. તે માને છે કે હાલના સમયમાં હિન્દી અને ગોરા વચ્ચે જે ભિન્નભાવ ચાલે છે, તેથી તે બન્નેને ઘણી હાનિ થાય છે. તે ભિન્નભાવ મટાડવાને તે કેટલાંક વરસથી મથ્યા કરે છે, અને તેમાં તે કેટલેક દરજ્જે ફતેહમંદ થયા છે. ઉપર પ્રમાણેની જીંદગી ગુજારવામાં તેના મૂખ્ય ઉદ્દેશ વિષે મી૦ ડાકે જે લખ્યું છે, તે ખરેખર મનન કરવા જેવું છે. એટલું તો નિઃશંક છે કે તે બીજા બધા કરતાં વધારે ઉચ્ચ સ્થાને બિરાજે છે. તે સંબંધમાં પુસ્તકના છેવટના ભાગમાં મી૦ ડાક ભાઈ મોહનદાસના ઉદ્દેશ વિષે નીચે પ્રમાણે લખે છેઃ—

"જે જેરુસલમની સામે તે એકી નજરે જૂએ છે તે બીજું જ છે. તે જે જૂએ છે તે એક એવું શહેર છે કે જેના તરફ દરેક ઇશ્વર પ્રેણિત પુરુષ નજર કરે છે, અને જે બાંધવાને માટે તે બેધડક થઇ રીબાવાનું પસંદ કરે છે. તે એક એવું પવિત્ર શહેર બંધાતું જૂએ છે, કે જે જાણે સ્વર્ગમાંથી ઇશ્વિર મોકલતો ન હોય, પણ જેને ચાલુ જમાનામાં મલીનતામાં રહેનાર કોઈ પણ દેશના દુનીઆદારી માણસો ઓળખી અથવા જોઇ શકતા નથી. તે નવું જેરુસલમ એવું છે, કે જેનાં સુંદર દ્વાર બધી પ્રજાને હમેશ ખુલ્લાં રહે, અને જ્યાં એવો વર્ણભેદ ન હોય, કે જે હિન્દીઓને ટકોર કરે, અને એવો જાતિભેદ ન હોય, કે જે ચીનાઓને ઉત્સાહ ભંગ કરે, અને જેની દિવાલો બાંધવામાં એશિયાવાસીઓ પણ એવા કિમતી પથ્થરો વાપરે, કે જે હવે પછીના જમાનામાં આપણને તેની કીર્તિથી ચકિત કરી નાંખે."

આ પ્રસ્તાવના ધાર્યા કરતાં ઘણા વધારે લંબાણથી લખાઇ છે, પણ લેખકને એમ લાગે છે કે તેમાં જે કાંઇ વિવેચન કર્યું છે, અને વિષયો ચર્ચ્યા છે, તેથી ગુજરાતી વાંચક વર્ગને તે પુરુષની યથાર્થ જીન્દગીના વધારે સારો ખ્યાલ આવશે. મી૦ ડાકનું પુસ્તક બહાર પડ્યું,

CC-0. In Public Domain. Gurukul Kangri Collection, Haridwar

Digitized by Arya Samaj Foundation Chennai and eGangotri

ત્યારપછીના થોડા વખતમાં ભાઈ મોહનદાસે બીજા જાહેર વિષયો ઉપર જે જે વિચાર બતાવ્યા છે, તે પૂરવણી તરીકે આ સ્થળે પ્રજા સમક્ષ મૂકવા એ અયોગ્ય નહીં ગણાય એમ લાગવાથી તેને પ્રસ્તાવનામાં દાખલ કર્યાં છે. છેવટમાં જાત લાગણીના બે શબ્દ કહી તે આ લેખ સમાપ્ત કરવાની રજા લે છે.

લોર્ડ એમ્પટીલે મી૦ ડોકના પુસ્તક ઉપર જે પ્રસ્તાવના લખી છે, તે દરેક હિન્દીએ મનન કરવા જેવી છે, અને તેને માટે હિન્દીઓ તેના આભાર તળે મૂકાયા છે. લોર્ડ એમ્પટીલ હાલ લંડનની "બ્રિટીશ ઇંડીઅન સાઉથ આફ્રિકા એસોસીએશન"ના પ્રમુખ છે, અને તેણે ઉમરાવની સભામાં તેમ જ બીજે સ્થળે હિન્દી સત્યાગ્રહની લડતની ઘણી હિમાયત કરી છે, કમનશીબે તેને એ સંબંધમાં ત્યાંના ઉમરાવો અને ગ્રહસ્થો તરફથી જોઇએ તેવો ટેકો મળ્યો નથી. ઘણે ભાગે હજુ સૂધી વિલાયતના લોકો આ લડતથી ઘણા અજ્ઞાન છે. મી૦ ડોકના પુસ્તકથી, અને તે ઉપર લોર્ડ એમ્પટીલની પ્રસ્તાવનાથી ક્યાંક ક્યાંક જાગ્રતિ થઇ છે, પણ તે કાર્યસિદ્ધિને માટે પુરતી નથી. એ લડતના સંબંધમાં લોર્ડ એમ્પટીલના વિચાર કેટલા મક્કમ છે, તે તેના નીચેના લખાણ ઉપરથી જોઇ શકાશે.

"જો અંગ્રેજી વાવટાની નીચે રહેનારા હિન્દીઓને એમ ખાત્રી થાય, કે આપણે તેઓનું રક્ષણ કરવાને અશક્ત છીએ, અને આપણા રાજા અને રાજ્યકારભારીઓનાં આપેલાં વચનો પાળવા અસમર્થ છીએ, તો તેની હિન્દુસ્થાનમાં શું અસર થશે? જેઓ હિન્દુસ્થાનને સારી રીતે સમજે છે, તેના મનમાં તેના પરિણામનો ખ્યાલ આવ્યા વગર નહીં રહે. અને ખીજાએલું, માન ભંગ થયેલું, અને નાક કપાએલું હિન્દુસ્થાન મોટાં શહેનશાહતના કાર્યમાં બેદિલ અને અવિનીત ભાગીદાર થાય તો? એ પ્રમાણે બને તો ખચિત શહેનશાહતનો અંત આવવાની શરુઆત થાય."

હિન્દીઓને તેમ જ અંગ્રેજોને ખરેખર મનન કરવા યોગ્ય શબ્દો છે.

CC-0. In Public Domain. Gurukul Kangri Collection, Haridwar

Digitized by Arya Samaj Foundation Chennai and eGangotri

મી૦ હેન્રી એસ. એલ. પોલાકે અને મી૦ એલ. ડબલ્યુ. રિચ્ચે ટ્રાન્સવાલની સત્યાગ્રહની લડતમાં શુદ્ધ અંતઃકરણથી ઘણો કિમતી ભાગ બજાવ્યો છે. મી૦ પોલાકના કાર્યથી લગભગ દરેક હિન્દી વાકેફગાર છે. મી૦ રિચ્ચ ઉપર કહેલી "એસોસીએશન" ના મંત્રી છે, અને તેણે પણ મી૦ પોલાકની પેઠે જાત ભોગે લન્ડનમાં રહી ઘણું સારું કામ બજાવ્યું છે. તે બન્નેએ હિન્દીઓને તેઓના આભારી કર્યા છે.

ચાલુ જમાનાના આપણા લેખકો સામાન્ય રીતે જાહેર પુરુષોના સંબંધમાં લખતાં તેઓના નામની આગળ "શ્રીમાન," "શ્રીયુત," "સુજ્ઞ" વગેરે કોઈ એક ઉપનામ મૂકે છે. ખરું જોતાં મહાન પુરુષોની આગળ આવા ઉપનામો વાપરવા યોગ્ય છે, અને તેમ કરવું એ લેખકનું ભૂષણ છે. આ લેખકે પણ તે જ ધોરણે લખવું જોઇતું હતું. તેની માન્યતા પ્રમાણે તેવા ઉપનામને યોગ્ય ભાઈ મોહનદાસના કરતાં વધારે લાયક જાહેર પુરુષો બહુ જ થોડા છે, અને જરૂર તેના નામની આગળ તેણે તેવું કોઈ ઉપનામ મૂકવું જોઇતું હતું. પણ તેને એમ લાગે છે કે હયાત પુરુષોના સંબંધમાં એ પૃથાથી તેવા ઉપનામોનો જેટલો સદ્ઉપયોગ થાય છે, તેટલો જ દુરુપયોગ પણ થાય છે. પૂર્ણ રીતે યોગ્ય પુરુષોની આગળ તે શબ્દો વાપરતાં સામાન્ય માણસોને માટે પણ કેટલાક લખનારને તેવા શબ્દો વાપરવાની જરૂર પડે છે. પરિણામે તેથી વધારે સામાન્ય લોકોમાં પણ તેવા ઉપનામની અભિલાશા ઉત્પન્ન થાય છે, અને તેથી પ્રજામાં મિથ્યા ભિમાનનો વધારો થાય છે. મરહુમ મી૦ ગ્લેડસ્ટનને વિલાયતના લોકો ખાલી "મિસ્ટર ગ્લેડસ્ટન" કહીને પુરું માન આપી શકતા હતા, અને ફ્રાન્સના લોકો તે દેશના પ્રમુખ મસ્યુ ફાલીએને ખાલી "મસ્યુ ફાલીએ" કહી પુરું માન આપી શકે છે, અને તેના તરફ પુરતો ભાવ બતાવી શકે છે, તો આપણે આપણા જાહેર પુરુષોને "ભાઇ" અથવા "રા. રા." શબ્દોથી પુરતું માન શા માટે ન આપી શકીએ? એક મોટા માણસને "શ્રીમાન" કહેતાં દરેક સામાન્ય માણસ પણ તેવું ઉપનામ મેળવવાને મથે છે. વધારે

CC-0. In Public Domain. Gurukul Kangri Collection, Haridwar

Digitized by Arya Samaj Foundation Chennai and eGangotri

ઉચિત એ છે કે હયાત પુરુષોના સંબંધમાં તેવાં ઉપનામોનો ઓછો ઉપયોગ થવો જોઇએ, અને ફક્ત જેઓ દેશની મહાન સેવા બજાવી ગયા હોય, તેવા પુરુષોને માટે એ ઉપનામોનો ઉપયોગ થવો જોઇએ. મનના આવા સંકલ્પના કારણથી તેણે આ લખાણમાં "ભાઇ મોહનદાસ" અને મી૦ ડોકના પુસ્તકના ગુજરાતી તરજુમામાં "મી૦" ને બદલે "રા. રા." એ પ્રમાણે લખવાનું ધોરણ રાખ્યું છે. તે વિચાર ભૂલવાળો છે, એમ જેઓને લાગે, તેઓ યોગ્ય સુધારો કરી વાંચશે એવી તે આશા રાખે છે.

મી૦ ડોકે તેના ઉત્તમ અંગ્રેજી ભાષામાં રચેલા, અને આ દેશને આ સમયમાં અમૂલ્ય થવાની આશા આપનાર, પુસ્તકનો ગુજરાતીમાં તરજુમો કરવા આ લેખકને પરવાનગી આપી, તેને માટે તે તેનો આભાર માને છે, અને ભાઇ મોહનદાસ કરમચંદ ગાંધીનો જન્મવૃત્તાંત લખવામાં મી૦ ડોકનો જે ઉદ્દેશ છે તે ફતેહમંદ કરવામાં સાથેનો તરજુમો પણ કેટલેક અંશે ઉપયોગી થાય એવી તે ઉમેદ રાખે છે.

રંગુન મહા વદી ૫
સંવત્ ૧૯૬૬.

પ્રાણજીવન જગજીવન મહેતા.

CC-0. In Public Domain. Gurukul Kangri Collection, Haridwar

Digitized by Arya Samaj Foundation Chennai and eGangotri

પ્રસ્તાવના જોઇએ તેના કરતાં ઘણી વધારે વિસ્તારવાળી થઈ ગઇ છે. હવે તેમાં ઉમેરો કરવો એ ઠીક નથી લાગતું. પણ ઉપરની હકીકત લખ્યાને લાંબો કાળ વીતી ગયો છે.* અને તે અરસામાં દક્ષિણ આફ્રિકાના હિન્દી સવાલના સંબંધમાં અને ભાઇ મોહનદાસની જીંદગીમાં કેટલાક જાણવા જોગ ફેરફાર થયા છે. તે વિષે બે શબ્દ કહ્યા વગર આ પુસ્તક બહાર પાડવું એ યોગ્ય નહીં એમ ધારી નીચેની ટુંક હકીકત વાંચક વર્ગ સમક્ષ વધારા તરીકે મૂકવા રજા લઉં છું.

સને ૧૯૦૭ માં ટ્રાન્સવાલના હિન્દીઓએ સત્યાગ્રહની લડત શરુ કરી, ત્યારે સહુ કોઇ એમ ધારતા હતા, કે તે લડત તરત જ બંધ પડવી જોઇએ. સત્યાગ્રહીઓ એમ ધારતા હતા, કે જ્યારે સરકારની દૃષ્ટીમાં એમ આવશે કે તેઓ તે લડત પરમાર્થ બુદ્ધિથી લડે છે, અને તેમાં તેઓનો અંગત લાભ નહીં જેવો છે, ત્યારે સરકાર પોતાનો દુરાગ્રહ છોડી દેશે, અને તેઓની પાસેથી આંગળીઓની નિશાનીઓ લેવાનો અને જ્યારે પોલીસ માગે ત્યારે તેને પોતાનો પરવાનો બતાવવાનો હઠ મૂકી દેશે; અને ૧૯૦૭ ના જે કાયદાની રુએ તે ધોરણ દાખલ કરવામાં આવ્યું હતું, તે કાયદો તે રદ કરશે. સરકારી પક્ષના ખ્યાલમાં એવું હતું, કે સને ૧૯૦૭ નો કાયદો અમલમાં મૂકવામાં આવશે, એટલે કે તે કાયદાની રુએ થોડી ધરપકડ થશે, અને પાંચ પચીશ હિન્દીઓને તુરંગમાં ધકેલી ઘાલવામાં આવશે, કે તરત જ તે ઢીલાઢપ થઇ જશે, અને નવા દાખલ કરેલા ધોરણની રુએ આંગળીઓની નિશાનીઓ આપી મુલકમાં રહેવાનો પરવાનો કઢાવશે; અને તે પરવાનો તેઓની પાસેથી પોલીસ

* મદ્રાસવાળા રા. રા. નેટેસન તરફથી અંગ્રેજી ભાષામાં બહાર પડતા 'ઇન્ડીઅન રીવ્યુ'માં આ પ્રસ્તાવનાનો મોટો ભાગ "રા. રા. મોહનદાસ કરમચંદ ગાંધી, અને દક્ષિણ આફ્રિકાના હિંદી સવાલ" એ મથાળા નીચે સને ૧૯૧૧ ના મે માહનાના અંકમાં પ્રસિદ્ધ થયો હતો, અને ત્યારબાદ તેણે તે લેખ એક નાના પુસ્તકરૂપે બહાર પાડ્યો છે. કિમ્મત ચાર આના.

CC-0. In Public Domain. Gurukul Kangri Collection, Haridwar

Digitized by Arya Samaj Foundation Chennai and eGangotri

જોવા માગશે, કે તરત જ તેઓ નહીં બતાવે, તો તેઓને તુરંગમાં મોકલી આપવામાં આવશે, એવી બીકે તેઓ તેને પોતાના ગજવામાં રાખ્યા કરશે, અને માગતાને વાર તેઓ તે બતાવી આપશે. ત્યાંનો મૂખ્ય પ્રધાન જનરલ બોથા પોતાના ભાષણમાં વખતોવખત જણાવતો, કે હિન્દીઓ સરકારની સામે સત્યાગ્રહ અંગિકાર કરવામાં ઘણી જ બેવકુફી કરે છે. તેના મનમાં ગરુરી હતી કે શું, હિન્દીઓ જેવા રાંક માણસો તેઓના જેવા બળવાન્ માણસોની સામે લડવામાં કદી ફતેહ પામવાના છે? તેણે ઘણી વખતે કહ્યું હતું, કે તે એ કાયદો રદ કરવા ઇચ્છતો નથી, અને કદાચ તે પોતે તેમ કરવા ધારે તો પણ તે કામ તેનાથી બની શકે એવું નથી; કારણ કે બોર પ્રજાની લાગણી તેઓનાથી બહુ જ વિરુદ્ધ છે. જનરલ સ્મટ્સ પણ વારંવાર તેના તે જ ધોરણે જવાબ આપતો હતો. લડતની શરુઆતમાં બન્ને પક્ષ પુરજોસમાં હતા. પણ જેમ જેમ તે આગળ વધતી ગઇ, તેમ તેમ સરકારની દૃષ્ટિમાં આવતું ગયું કે હિન્દીઓમાં લડવાનું જે જોસ છે, તે તેઓને તુરંગમાં મોકલ્યાથી કમી પડી શકે એવું નથી. તે ઉપરથી તેઓએ કેટલાક આગેવાનોને આડકતરી રીતે પોતાના પક્ષમાં લેવાનો પ્રયાસ કરવા માંડ્યો, તેમાં તેઓને થોડી ફતેહ મળી ખરી. છતાં જ્યારે લડત ઉપર કાંઈ જાણવા જેવી અસર નહીં થઇ, ત્યારે તેઓએ લડવાવાળાને અનેક પ્રકારે સતાવવા માંડ્યા. આવી સ્થિતિમાં ધંધાદારીઓને પોતાનો ધંધો ચલાવવાનું કામ ઘણું મુશ્કેલ પડવા લાગ્યું. આથી કેટલાક પાયમાલ થઇ ગયા, અને બીજા કેટલાકે સલાહ શાંતિ થતાં સૂધી તે બીલકુલ છોડી આપ્યો. સરકાર તરફની અનેક પ્રકારની કનડગત થતાં છતાં, સત્યાગ્રહની લડત તો તેવી ને તેવી જ પુરજોસમાં ચાલુ રહી. હવે સરકારના હાથમાં એક બાજી રહી હતી, અને તે એકે જેઓને તુરંગમાં મોકલવામાં આવતા હતા, તેઓના ઉપર વધારે સખતાઇ ગુજારવી. તેણે તે પ્રમાણે કરવાનું શરુ કર્યું. આ હેતુથી તેણે કેટલાક આગેવાન હિન્દીઓને ડિપ્કલુફની તુરંગમાં મોકલી આપ્યા.

CC-0. In Public Domain. Gurukul Kangri Collection, Haridwar

Digitized by Arya Samaj Foundation Chennai and eGangotri

સાધારણ રીતે આ તુરંગમાં ફક્ત ગંભીર પ્રકારના ગુન્હેગારોને મોકલવામાં આવે છે, અને તેઓના ઉપર બીજી તુરંગોના પ્રમાણમાં વધારે સખતાઈ ગુજારવામાં આવે છે. જ્યારે સત્યાગ્રહીઓ તરફ પણ તેવીજ વર્ત્તણુક ચલાવવામાં આવી, ત્યારે તેથી કેટલાક એટલા બધા કંટાળી ગયા, કે જેના પરિણામમાં તેઓને એમ ભાસ્યું, કે તે સખતાઇ સહન કરવી, તેના કરતાં ભુખમરાનાં દુઃખ સહન કરવાં એ વધારે સહેલું છે; અને તેથી તેઓએ તેવી સખતાઈ વાપરતાં સત્તાધિશો અટકે, ત્યાં સુધી ખોરાક નહીં લેવાની પ્રતિજ્ઞા લીધી. આ પ્રમાણે થતાં સત્તાધિશો ગભરાયા, અને કેટલીક ગેરવાજબી કનડગત ઓછી કરવા લાગ્યા. તુરંગમાં મોકલી થાકતાં, સરકારે કેટલાકને ગેરકાયદેસર દેશપાર કરવાનો વિચાર કર્યો, અને ડેલેગોઆબેના બંદરેથી વહાણો ઉપર ચડાવી મુંબઇ, કોલમ્બો વગેરે જૂદે જૂદે સ્થળે મોકલી આપ્યા. આ બધું થતાં છતાં લડવાવાળાનો જુસ્સો જરાપણ કમી પડ્યો નહીં. ઉલટું તેઓને પોતાના અંતર્ગત સામર્થ્યનું ભાન થવા લાગ્યું, અને તેથી તેઓ વધારેને વધારે જોસમાં આવતા ગયા. આ પ્રમાણે લડત ચાલતાં, કોમને હજારો પાઉન્ડના ખરચમાં ઉતરવું પડ્યું, અને તેમાંના બે યોદ્ધાઓ–નાગાપન અને નારાયણ સ્વામી મરણ વશ થયા. આ લડતમાં બઇરાંઓએ પણ ઘણો સારો ભાગ બજાવ્યો હતો. સૌભાગ્યવંતા બાઇ રંભાબાઇ સોઢાને ટ્રાન્સવાલમાં દાખલ થવાને માટે તુરંગની શિક્ષા કરવામાં આવી હતી, અને તે પણ ત્યાં જવા બિલકુલ તૈયાર હતાં. પણ વરિષ્ઠ અદાલતથી તે મુકદ્દમાનો છેવટનો ચૂકાદો મળતાં સુધીમાં હિન્દીઓ અને ટ્રાન્સવાલની સરકારની વચ્ચે સમાધાની થઈ ગઇ હતી, એટલે તેના ઉપરની તે શિક્ષા રદ કરવામાં આવી હતી. તે બાઇએ નિડરપણે તુરંગમાં જવાની જે હામ ભીડી હતી, તે બીજી બાઇઓને દાખલારૂપ થઇ પડી છે.

જનરલ બોથા અને તેના અનુયાયીઓ હિન્દીઓને જે કનડગત કર્યા કરતા હતા, તેની હકીકત આખરે જગતમાં ચોમેર ફેલાઈ ગઇ

CC-0. In Public Domain. Gurukul Kangri Collection, Haridwar

Digitized by Arya Samaj Foundation Chennai and eGangotri

હતી, અને સહુ કોઇ તેઓને ફિટકાર દેતા હતા. લગભગ ચાર વરસ સુધી રાજ્યસત્તાની તમામ મદદથી તેઓએ હિન્દીઓને નમાવવા કમ્મર કસેલી રાખી હતી, પણ તે મથનમાં તેઓ નિરાશ થયા, ત્યારે તેઓએ તેમની સાથે સલાહ કરવાની વિષ્ટી ચલાવવા માંડી. પ્રથમ તો તેઓએ થોડી રાહત આપવા ઇચ્છા બતાવી, પણ હિન્દીઓએ તે વાત કબૂલ રાખી નહીં. છેવટ થાકીને તેઓએ તેઓની પ્રથમની માગણી સ્વીકારવા ખુશી બતાવી.

સને ૧૯૦૯ માં ટ્રાન્સવાલના હિન્દીઓએ વિલાયત ખાતે જે પ્રતિનિધિ મંડળ મોકલ્યું હતું, તેઓએ ત્યાંના સત્તાધિશો પાસે પોતાની માગણીનો એક લેખ રજુ કર્યો હતો. તે લેખની મૂખ્ય માગણી એ હતી, કે ટ્રાન્સવાલ સરકારનો સને ૧૯૦૭ નો કાયદો રદ થવો જોઇએ, અને હિન્દી અને ગોરા બન્નેને માટે વસવાટ પ્રતિબંધનો કાયદો એક જ ધોરણે રચાવો જોઇએ. આ સંબંધમાં જનરલ સ્મટ્સ વારંવાર કહેતો હતો, કે હિન્દીઓની ઉપરની માગણી મંજુર થઇ શકે એવી નથી. છતાં જ્યારે તે હિન્દીઓને કેદમાં મોકલીને, હદપાર કરીને, અને અનેક રીતે પીડી પીડીને થાકી ગયો, ત્યારે તેને ઉપર પ્રમાણેની વિષ્ટી ચલાવવાની જરૂર પડી હતી. જનરલ બોથાએ જનરલ સ્મટ્સની હિન્દીઓ સામેની રાજ્યનીતિના સંબંધમાં બોલતાં પોતાના એક ભાષણમાં કહ્યું હતું, કે એવી રાજ્યનીતિ ચલાવતાં જનરલ સ્મટસનું શરીર એટલું બધું ઘસાઈ ગયું છે, કે જેથી તે ખાલી હાડપિંજર જેવું લાગે છે.

જે લોકોએ બળવાન અંગ્રેજ પ્રજાની સામે લડતાં તેઓને બે વરસ સુધી હંફાવ્યા હતા, અને જેમાં તે પ્રજાને લગભગ પોણાચાર અબજ જેટલા રૂપિયાના ખરચમાં ઉતરવું પડ્યું હતું, તેવા બળવાન અને અભિમાની લોકો ગણ્યા ગાંઠ્યા હિન્દીઓના આત્મબળ સામે ટકાવ કરવા અશક્ત માલમ પડ્યા છે, તે ખરેખર આત્મબળનો મહિમા છે. તેવા આત્મબળી હિન્દીઓને આપણે અભિનંદન આપવું ઘટે છે.

CC-0. In Public Domain. Gurukul Kangri Collection, Haridwar

Digitized by Arya Samaj Foundation Chennai and eGangotri

આ હિન્દીઓની ફતેહના સંબંધમાં કલકત્તાના "એમ્પાયર" નામના રોજંદા હિન્દી અંગ્રેજ છાપામાં નીચે પ્રમાણે લેખ હતો. "રા. રા. ગાંધી અને તેના સાથીઓએ દક્ષિણ આફ્રિકામાં જે જીત મેળવી છે, તેની લોર્ડ રોબર્ટર્સ અને લોર્ડ કીચનરની જીતની સાથે સરખામણી કરવી, એ કોઈ પણ રીતે વધારે પડતું ગણાશે નહીં. તેઓએ બોરોને ઘુંટણીઆભર કરી દીધા છે. તે બેની વચ્ચે તફાવત એ છે, કે જ્યારે ઉપર કહેલા સેનાધિપતિઓને આખા અંગ્રેજી શહેનશાહતની પુરતી મદદ હતી, ત્યારે આ હિન્દી આગેવાનોને પોતાના અડગ આત્મા અને માથે આવી પડેલા કાર્યના ન્યાયીપણામાં પૂર્ણ શ્રદ્ધા ઉપરાંતની બીજી કોઇપણ જાતની મદદ નહોતી. બોર લોકોને શુદ્ધિમાં લાવતાં અંગ્રેજ લડવૈયાને જેટલો વખત લાગ્યો હતો, તેના કરતાં હિન્દીઓને તે કાર્ય કરવાને માટે પાંચ છ ગણો વધારે વખત લાગ્યો છે, છતાં તેઓએ તે કાર્યમાં આખરે ફતેહ મેળવી છે. જનરલ બોથા અને રા. રા. ગાંધીએ છેવટની સલાહ શાન્તિની જે શરતો ઉપર થોડા દહાડા પહેલાં પોતપોતાના પક્ષ તરફથી સમ્મતિ આપી છે, તેનો અર્થ એ છે કે ટ્રાન્સવાલની સરકારે તકરારના મૂખ્ય મુદ્દામાં બિલકુલ હાર ખાધી છે. એ મુદ્દો શું હતો? તે એ હતો, કે જે હિન્દીઓ અને તેના વંશજો ટ્રાન્સવાલમાં વસતા હતા, તેઓને જબરદસ્તીથી તે મુલકમાંથી હાંકી કાઢી શકાય નહીં, તેમ જ તેઓની સાથે એવી બે શરમ રીતે વર્તી શકાય નહીં, કે જેથી તેઓ સંસ્થાનમાં રહેવાનું પસંદ કરવાને બદલે દેશવટો ભોગવવાનું વધારે પસંદ કરે. એ વાત યાદ રાખવી જોઇએ, કે જે હિન્દીઓ એ લડત ચલાવતા હતા, તેઓ નામે હિન્દી હતા; પરંતુ ખરું જોતાં તેઓ દક્ષિણ આફ્રિકાના વતનીઓ અને બીજી બધી રીતે દક્ષિણ આફ્રિકાના બીજા વતનીઓને દરજ્જે હતા, કારણ કે તેમાંના ઘણાખરા ત્યાં જ જનમ્યા અને ઉછર્યા હતા, અને બાકીનાઓ ત્યાં જ લાંબી મુદતથી રહેતા હતા. મોટી સંખ્યામાં એશિયાવાસીઓ આવતા અટકાવવાના કાયદાની

CC-0. In Public Domain. Gurukul Kangri Collection, Haridwar

Digitized by Arya Samaj Foundation Chennai and eGangotri

સામે તેઓ પોકાર ઉઠાવતા નહોતા. વખતે એવા કાયદાની તરફેણમાં પણ તેઓ હોય. જે હિન્દીઓ વરસો થયાં દક્ષિણ આફ્રિકામાં ઘર કરીને રહ્યા છે, અને જેઓ કેળવણીમાં, કાયદા પૂર્વક વરતવામાં અને શહેરી તરીકેની તમામ લાયકાતમાં બીજી કોઇ પણ કોમના જેટલી જ યોગ્યતા વાળા છે, તેઓને તે દેશમાંથી જડમૂળથી ઉખેડી હાંકી કાઢવાનો જે પ્રયત્ન કરવામાં આવે છે, તે બિલકુલ અન્યાયી હોવાથી તેઓને વધારે ખેદ થાય છે. આ પ્રયત્ન આખરે છોડી દેવામાં આવ્યો છે. અમે એવું માનવાની હિમ્મત ધરીએ છીએ કે લડાઈ પછી ઓર લોકોને કાંઈ પણ ઉપયોગી શિક્ષણ મળ્યું હોય તો તે આ છે. તેઓ હવે સમજતા થયા છે, કે અમુક કોમ ગમે તેટલી નાની હોય, તો પણ તેને રીબાવવાનું તો ન જ બની શકે; ફક્ત તેનું નિકંદન કાઢવું હોય તો તે બની શકે. તેઓએ તમામ ઇલાજો અજમાવી જોયા છે. તેઓનાં અપમાનો કર્યાં છે, તેઓને તુરંગોમાં નાખ્યા છે, તેઓને દેશપાર કર્યા છે, પણ તે બધું નકામું ગયું છે. છેવટે તેઓને કબુલ કરવું પડે છે, કે તેઓ સત્યાગ્રહની લડતથી હાર્યા છે, કે જે લડતમાં બૈરાંઓએ પણ મરદના જેટલો જ નામાંકિત ભાગ બજાવ્યો છે."

ટ્રાન્સવાલની સત્યાગ્રહની લડતથી ત્યાંના હિન્દીઓને તેમ જ આ દેશના લોકોને શું શું લાભ થયા તે વિષે લખતાં નાતાલ "ઇંડીઅન ઓપીનીઅન"ના તા૦ ૩ જુન સને ૧૯૧૧ ના અંકમાં નીચે પ્રમાણે નોંધ કરવામાં આવી છે. ગયા મે મહિનામાં ટ્રાન્સવાલની સરકારની સાથે સત્યાગ્રહીઓને જે સમાધાની થઇ છે, તે વિષે લખતાં કોઇ કોઇ હિન્દી છાપામાં એવો ઇસારો કરવામાં આવ્યો હતો, કે ટ્રાન્સવાલના હિન્દીઓએ એટલી બધી લડત લડ્યા પછી, ટ્રાન્સવાલનાં દ્વાર નવા આવતા હિન્દીઓને હમેશને માટે લગભગ બંધ જેવાં રહે, એવા ધોરણે પોતાની સમ્મતી આપવી જોઇતી નહોતી. એવો વિચાર કરનારને, તેમ જ દક્ષિણ આફ્રિકાના સવાલ તરફ જેઓ વધારે લક્ષ આપે છે, તેઓને મનન

CC-0. In Public Domain. Gurukul Kangri Collection, Haridwar

Digitized by Arya Samaj Foundation Chennai and eGangotri

કરવા યોગ્ય તે લેખ અહીં આખોને આખો ઉતારી લીધો છે. તેનું મથાળું "સત્યાગ્રહે શું કર્યું," એ પ્રમાણે છે.

"ઘણાક હિન્દીએ કેટલીક વેળા સવાલ કર્યા છે કે સત્યાગ્રહથી શું થયું છે? તેઓની નજરે તો લોકો જેલમાં પીલાયા, દુઃખ વેઠયું અને અંતે બહુમાં બહુ થયું તો કોઇ ન સમજી શકે તેવા, અને કોઇને ન ઉપયોગમાં આવે તેવા, કાયદામાં એકસરખા હક નવા આવનારાઓને વિષે મળ્યા. તેનું ભારીમાં ભારી પરિણામ એ જ કે દર વરસે આપણને જરૂર ન મળે એવા ભારે ભણેલા ટ્રાન્સવાલમાં આવશે. આવું સમજનારના ખ્યાલમાં આવે તે સારુ અમે લડતનું ફળ કલમવાર ટાંકી જઇએ છીએઃ—

૧ હિન્દી કોમનું પણ રહ્યું. જેનું નાક રહ્યું તેનું બધું રહ્યું એવી આપણામાં કહેવત છે.

૨ ખુની કાયદો તૂટશે.

૩ આખા હિન્દુસ્થાનમાં આપણાં દુઃખને વિષે જાગ્રતિ થઇ.

૪ આખી દુનિયાએ આપણી લડાઇને વિષે જાણ્યું અને હિન્દીની બહાદુરીની તારીફ કરી.

૫ નાતાલમાં ગીરમીટીયાને આવતા અટકાવવાનો કાયદો થયો.

૬ નાતાલના લાઇસેન્સીંગ કાયદામાં કંઇક પણ ફેરફાર સારો થયો તેમાં સત્યાગ્રહની લડત સહાયભૂત હતી.

૭ રોડેશિયામાં ટ્રાન્સવાલના જેવો જ કાયદો થયેલો તે નામંજુર થયો.

૮ નાતાલમાં ઘણો ખરાબ લાઇસેન્સીંગ કાયદો થયેલો તે નામંજુર રહ્યો. આમ થવાનું કારણ લડત હતી એ વિષે જેને શંકા હોય તેણે નામંજુરીનાં કારણ જે વડી સરકારે બતાવેલાં તે જોઇ લેવાં.

૯ આખા દક્ષિણ આફ્રિકામાં ટ્રાન્સવાલના જેવો કાયદો થતો અટકયો.

૧૦ ટ્રાન્સવાલમાં બીજા બેહુદા કાયદાઓ થતા અટક્યા.

CC-0. In Public Domain. Gurukul Kangri Collection, Haridwar

Digitized by Arya Samaj Foundation Chennai and eGangotri

૧૧ ટ્રાન્સવાલમાં રેલવેના ધારા ખાસ ગોરા કાળા વચ્ચે ભેદ રાખનારા ઘડાયેલા તે રદ થયા અને સહુને લાગુ થાય એવા ધારા ઘડાયા.

૧૨ સહુની જાણની વાત છે કે ૧૯૦૭ માં જે ખુની કાયદો ઘડાયો તે હિન્દીની સામેના કાયદાનું પહેલું પગથીયું હતું. તેમાં જ હિન્દીએ સજ્જડ ભેટ બાંધી, અને સ્થાનિક સરકારના મનના વિચાર મનમાં જ રહી ગયા.

૧૩ મી૦ હોસ્કેનના પ્રમુખપણા નીચે જે યુરોપીયન કમિટી થઇ તે બીજી રીતે થવાનો સંભવ નહોતો. તે કમિટી હવે આપણને બીજાં કામમાં પણ મદદ કર્ત્તા થઇ પડવાનો સંભવ છે.

૧૪ આ ઉપરાંત ઘણા ગોરાઓની લાગણી અને પ્રીતિ આપણી તરફ થઇ છે.

૧૫ હિન્દી કોમની પ્રતિષ્ઠા વધી છે અને જેઓ આપણને તુચ્છકારતા તે હવે માન આપતા થયા છે.

૧૬ સરકાર સમજે છે કે આપણને અજીત બળ પ્રાપ્ત થયું છે.

૧૭ હિન્દી કોમ પોતે બીકણ હતી તેમાંથી બહાદુર થઇ છે અને જેઓ 'ભે' કહેતાં ડરતા તે રણકારા કરતા થઇ ગયા છે.

૧૮ જોહાન્સબર્ગમાં હિન્દી સ્ત્રીઓની કશી હિલચાલ નહીં હતી તેને બદલે તેઓનો વર્ગ મીસીસ વોગલે કહાડ્યો છે, અને તે વગર પૈસે કામ કરી રહેલ છે.

૧૯ હિન્દી કોમ જેલથી બહુ જ ડરતી તે ભય હવે ઘણે ભાગે ગયો છે.

૨૦ જો કે મી૦ કાછલીયા વગેરે પુરુષોએ પોતાનો પૈસો ગુમાવ્યો છે છતાં તેઓ જાણે છે કે તેઓનામાં એક પ્રકારનો જુસ્સો અને બળ આવ્યાં છે, તે લડતના અનુભવ વિના લાખો રૂપીયા આપતાં પણ ન મળી શકત.

CC-0. In Public Domain. Gurukul Kangri Collection, Haridwar

Digitized by Arya Samaj Foundation Chennai and eGangotri

૨૧ તામીલ કોમમાં મહા ભડ પુરુષો ને સ્ત્રીઓ પક્યાં છે, તે શોધ હિન્દી કોમે લડતની મારફતે જ કરી.

૨૨ લડાઇની પહેલાં ટ્રાન્સવાલમાં રહેલ સેંકડો હિન્દીના હક લડતથી ના. ૩૬ નો કાયદો થયો તેથી જ સચવાયા.

૨૩ હિન્દી કોમની ઉપર દગાનું તહોમત હતું તે ઉતર્યું.

૨૪ તાજામાં તાજો દાખલો વિચારતાં જોવામાં આવે છે કે નાતાલના પોલ ટેકસ વિષે જે ભેદ રાખનારું બીલ થવાનું હતું તે સત્યાગ્રહની ધાકથી પાછું ખેંચાયું.

૨૫ જનરલ સ્મટ્સને ત્રણ વખત અને વડી સરકારને બે વખત પોતાના ઠરાવ પાછા ખેંચવા પક્યા.

૨૬ આપણી સામે કાયદા ઘડતાં સરકાર વિચાર નહીં કરતી, તે હવે વિચારથી ઘડે છે એટલું જ નહીં, પણ આપણે તેને વિષે શું ધારશું તેનો વિચાર પણ તેને કરવો પડે છે.

૨૭ હિન્દીની શાખ વધી છે. લાખ જજો પણ શાખ ન જજો.

૨૮ કોમે સત્યનું બળ સાબેત કરી આપ્યું છે.

૨૯ કોમે ઇશ્વરની ઉપર વિશ્વાસ રાખી ધરમનો મહીમા દુનિયામાં પ્રગટ કર્યો છે.

જ્યાં સત્ય, જ્યાં ધર્મ ત્યાં જ જય છે. બહુ વિચારતાં બીજાં ઘણાં ફળ આપણી નજરે આવવાનો સંભવ છે; પણ અમે જે છેલ્લું ફળ બતાવ્યું તે સર્વોપરી છે. આવી મહાન લડત ખુદાની ઉપર આસ્થા રાખ્યા વિના કદી ન લડી શકાત. આપણો ખરો આધાર માત્ર તે જ હતો. તેની જ ઉપર આધાર રાખતાં જો આ લડતમાં વધારે શીખ્યા હોઇએ, તો તેટલું પરિણામ જ બસ છે. કેમકે તેની પાછળ બધું મળે છે."

ઉપર પાંચમી કલમમાં જે જીત મળવા વિષે લખ્યું છે, તે જીત ખરેખર નોંધવા લાયક છે. ગીરમીટીઆ મજુરના સંબંધમાં પ્રસ્તાવનાના આગળના ભાગમાં કેટલુંક વિવેચન કરવામાં આવ્યું છે, તેથી આંહી ફક્ત એટલું જ

CC-0. In Public Domain. Gurukul Kangri Collection, Haridwar

Digitized by Arya Samaj Foundation Chennai and eGangotri

કહેવું બસ થશે, કે સને ૧૮૫૯ ની સાલથી હિન્દી સરકારે નાતાલ વાસીઓને હિન્દી મજુરોની સાથે ગીરમીટ કરીને તે દેશમાં લઈ જવાની જે કાયદાપૂર્વકની છૂટ આપી હતી, તે તેણે તા૦ ૧ લી જુલાઇ સને ૧૯૧૧ થી પાછી ખેંચી લીધી છે. તે કાયદાની રુએ સંસ્થાનવાસીઓ હિન્દી મજુરોની સાથે અમુક અમુક ધોરણે વરતવાને માટે બંધાયા હતા. તેઓ તે પ્રમાણે નથી વરતતા, અને અનેક રીતે મજુરો ઉપર જુલમ ગુજારે છે, એવી હિન્દી સરકારની પાસે ઠેકાણે ઠેકાણેથી બૂમો જવાથી તેમ જ જાહેર રીતે નાતાલની સરકાર સ્વતંત્ર હિન્દીઓને અનેક રીતે કનડગત કરતી હતી, તેથી સંસ્થાનવાસીઓને ગીરમીટદ્વારાએ હિન્દી મજુરોને લઇ જતા અટકાવવાને માટે જોઇતી સત્તા મેળવવા હિન્દી સરકારે સને ૧૯૧૧ ની શરુઆતમાં એક કાયદો હિન્દી ધારાસભામાં પસાર કરાવ્યો હતો. તેને અમલમાં મૂકવામાં આવતાં દક્ષિણ આફ્રિકામાં તેમ જ હિન્દુસ્થાનમાં હિન્દીઓએ પોતાનો પુરતો સંતોષ બતાવ્યો હતો. ખરેખર હિન્દી સત્યાગ્રહની લડતથી નાતાલને સજ્જડ થપડાક લાગી છે. હિન્દી સરકારને હજુ એ સંબંધમાં વિશેષ કરવાનું રહે છે, અને તે એ છે કે તે કાયદો બિલકુલ નાબુદ કરવો, કે જેથી કોઇ પણ સંસ્થાન કોઈ પણ હિન્દીને ગીરમીટ કરીને હિન્દુસ્થાનની બહાર લઇ જઈ શકે નહીં. જ્યાં સુધી એ કાયદો જારી રહેશે, ત્યાં સુધી તે સંબંધમાં લોકોની ફરીયાદો જારી રહેશે, અને સરકારને તે વિષે જવાબ દેવો પડશે. હાલમાં જે જે સંસ્થાનોને તે કાયદાનો લાભ આપવામાં આવે છે, ત્યાં ત્યાં હિન્દીઓને ઉતરતી પ્રજા તરીકે ગણવામાં આવે છે, અને ત્યાં ત્યાં તેઓને અનેક હાડમારી વેઠવી પડે છે. એ કાયદો હિન્દીઓને નામોશી લગાડનારો છે, એ તો શક વગરની વાત છે.

આપણે સમાધાનીના સંબંધમાં જે લખ્યું છે, તે સમાધાની થતાં દક્ષિણ આફ્રિકાના હિન્દીઓનાં દુઃખો ટળી ગયાં છે, એવું તો આપણે એક ક્ષણ ભર પણ સમજવાનું નથી. પ્રથમ તો સમાધાનીની શરતો પ્રમાણે ત્યાંની સરકાર બરાબર વરતશે, એ વિશે ઘણા શકમંદ છે.

CC-0. In Public Domain. Gurukul Kangri Collection, Haridwar

Digitized by Arya Samaj Foundation Chennai and eGangotri

કેટલાક એવું માને છે, કે હિન્દીઓએ ત્યાંની સરકારને નામોશીમાં નાખી છે, તેથી તે તેઓની સામે કિન્નો લીધા વગર રહેશે નહીં, અને જે કાયદો ટ્રાન્સવાલના હિન્દીઓના લાભને માટે પસાર કરવા સરકાર બંધાયેલી છે, તે પસાર કરતાં હિન્દીઓના નાતાલ, અને કેપ કોલોનીમાં હાલ સુધી જે જે હકો રહેલા છે, તે તે દ્વારાએ ખેંચી લેવાને સરકાર ખસુસ કરીને પ્રયાસ કરશે. તે તેવું વલણ લેશે, તો હિન્દીઓ તેના સામે થયા વગર રહેશે નહીં, અને ફરીવાર પ્રથમના કરતાં પણ વધારે જોસમાં સત્યાગ્રહની લડત શરુ કરશે. ઉપરાંત આપણા લોકોને કનડવાને માટે ત્યાંની સરકારના હાથમાં બીજાં પણ કેટલાંક સાધનો છે, અને તે હવે પછી તેનો વિશેષપણે ઉપયોગ કરશે, એવા ઠેકાણે ઠેકાણેથી ભણકારા આવ્યા કરે છે. સને ૧૯૦૮ માં ટ્રાન્સવાલમાં એક એવો કાયદો પસાર કરવામાં આવ્યો હતો, કે જેની રુએ તે દેશમાં જે જે સ્થળે સોનાની ખાણો છે, ત્યાં ત્યાં અને તેની આસપાસના કેટલાક ભાગ સુધીમાં જે કોઇ કાળા માણસ વસતા હોય, તેઓને સરકાર ધારે, ત્યારે ત્યાંથી હાંકી કાઢવા ઉપાયો લઈ શકે છે. આ કાયદો ત્યાંની સરકાર બરાબર અમલમાં મૂકી શકે, તો હિન્દીઓને ટ્રાન્સવાલમાં રહેવું ભાગ્યે જ બની શકે. મુખ્યત્વે કરીને જ્યાં જ્યાં સોનાની ખાણો છે ત્યાં ત્યાં મોટાં શહેરો વસેલાં છે, અને ત્યાં ત્યાં ઘણા ખરા હિન્દીઓ વસે છે. હિન્દીઓની માલ મિલ્કત તે દેશમાં હોવાથી, અને કેટલાક ત્યાંના પુરા વતનીઓ જેવા હોવાથી, તે દેશ છોડી ચાલ્યા જવા ઇચ્છતા નથી; એટલે જ્યારે સરકાર તેઓને કાઢવાને મથશે, ત્યારે ફરી તેઓ સરકારની સામે થશે.

ટ્રાન્સવાલમાં હિન્દીઓને પોતાને નામે જમીન ખરીદવાની છૂટ નથી, તેથી કેટલાક હિન્દીઓએ પોતાની દુકાન અને ઘરને માટે જોઇતી જમીન પોતાના ગોરા મિત્રોના નામથી ખરીદ કરી છે. કેટલાક હિન્દીઓની જમીન મી૦ રિચ્ચના નામ ઉપર છે. ગયા ઓગસ્ટ મહિનામાં

CC-0. In Public Domain. Gurukul Kangri Collection, Haridwar

Digitized by Arya Samaj Foundation Chennai and eGangotri

મી૦ રિચ્ચને ક્રુગર્સડોર્પના સરકારી વકીલ મારફતે એવી ચેતવણી આપવામાં આવી હતી, કે તેના નામ ઉપર ત્યાં જે જે જમીન છે, તે ઉપર જે કોઇ એશિયાવાસી રહેતા હોય, તેને ત્યાંથી કાઢી મૂકવાને માટે તેણે તાબડતોબ પગલાં લેવાં; અને જો તે તેમ નહીં કરે, તો સોનેરી કાયદાની કલમ ૧૩૦ પ્રમાણે તેના સામે કાયદેસર ઇલાજો લેવામાં આવશે. આથી મી૦ રિચ્ચ જરા પણ ડરી ગયા નથી. જોહાનેસ્બર્ગમાં આવીને વકીલાત શરુ કર્યાને હજુ છ માસ નહોતા વીત્યા, એટલામાં તેના ઉપર ઉપર પ્રમાણે ધાડ આવી પડી. છતાં તેણે તરત જ નિશ્ચય કર્યો, કે સરકારની માગણી પ્રમાણે તો તે કદી પણ પગલાં નહીં લેવાના; અને તેવી રીતે વરતતાં સરકાર તેને તુરંગમાં મોકલશે, તો ત્યાં તે ઘણી ખુશીથી જશે. આમ થતાં તેનું કુટુમ્બ કફોડી સ્થિતિમાં આવી પડે તેની તેણે કાંઇ પણ ફીકર કરી નથી.

જ્યારે આ હકીકત ટ્રાન્સવાલ બ્રિટીશ ઇન્ડીઅન એસોસીએશનની ખાસ સભામાં મૂકવામાં આવી, ત્યારે હિન્દીઓએ એક મતે જે ઠરાવો પસાર કર્યા હતા, તેમાંના બે ઠરાવો નીચે પ્રમાણે હતા.

"આ સભામાં મી૦ રિચ્ચ હાજર થયા છે તેને માટે, અને તેણે સોનેરી કાયદાની રુએ નીકળેલી નોટિસના સંબંધમાં તુરંગમાં જતાં લગી પણ હિન્દીઓને મદદ કરવાની ઉદાર વૃત્તિ બતાવી છે, તેને સારુ હિન્દીઓની આ સભા તેનો ઉપકાર માને છે."

"આ સભા ઠરાવ કરે છે કે હિન્દી વેપારીઓની મિલ્કત ઉપર હાથ નાખવાની જે હિલચાલ ચાલી રહી છે, તેની સામે કોમ પોતાના સંપૂર્ણ બળથી લડશે, અને સોનેરી કાયદાની રુએ તેઓના ઉપર જે કામ ચાલશે, તેમાં તુરંગમાં જવાનું અને બીજું જે કાંઈ દુઃખ આવી પડશે, તે કોમ માથે ઉઠાવી લેશે."

આ વિષયમાં ઘણું કરી ટ્રાન્સવાલની સરકાર એકાએક ચુંકયું ગળશે નહીં, એટલે હિન્દીઓ બીજા ઠરાવ મુજબ સત્યાગ્રહની લડત

CC-0. In Public Domain. Gurukul Kangri Collection, Haridwar

Digitized by Arya Samaj Foundation Chennai and eGangotri

ફરી શરુ કરશે. એ કાયદો અમલમાં મૂકવાને મી૦ રિચ્ચ અને બીજા ગોરાઓં (મી૦ પોલાકના નામ ઉપર પણ તે જ ધોરણે ઘણી જમીન છે, અને તે પણ હિન્દીઓને માટે તુરંગનાં દુઃખ ઉઠાવવા તૈયાર છે, એમ તેણે આ લેખકને થોડા વખત પહેલાં કહ્યું હતું.) એ હિન્દી કોમની મદદમાં રહેવાને જે ઇચ્છા બતાવી છે, તેને માટે તેઓને આપણે ધન્યવાદ આપવો ઘટે છે.

ઘણી તાજુબીની વાત એ છે, કે એક તરફથી સરકાર સને ૧૮૮૫ ના તેમ જ ઉપર કહેલો સોનેરી કાયદો પસાર કરી હિન્દીઓને તે દેશમાં જમીન ખરીદી તેમાં પોતાનાં નાણાં રોકતાં અટકાવે છે, અને બીજી તરફથી હિન્દીઓ ઉપર બીજાં તહોમતોની સાથે એવું તહોમત મૂકે છે, કે હિન્દીઓ પોતાનાં નાણાં તે દેશમાં રોકવાને બદલે તે બધાં પોતાને વતન મોકલી આપે છે. તેઓ હિન્દીઓથી એટલા બધા શા માટે વિરુદ્ધ છે, તે બતાવનારું એક ભાષણ હિન્દના માજી સુબા લોર્ડ એલ્ગીને કર્યું હતું; જેમાં તેણે નીચે પ્રમાણે કહ્યું હતું.

"હિન્દીઓ પોતાના ધીર જ પૂર્વકના ઉદ્યોગને લીધે, તેમજ પોતાની કરકસરવાળી અને નિર્વ્યસની ટેવોને લીધે ગોરા લોકોના ઘણા ભયંકર હરીફો નિવડે છે."

ચાલતા જમાનામાં હિન્દીઓને દૂર દેશાવરમાં જે જે દુઃખ સહન કરવાં પડે છે, તેનું ખરું કારણ તો એ છે, કે તેઓમાં કેટલાક એવા ગુણો છે, કે જે ગુણોને લીધે ગોરા લોકો તેઓની સાથે વેપારમાં હરીફાઇ કરવા અશક્ત છે. હરીફાઇમાં નહીં ફાવતાં તેઓ હિન્દીઓ ઉપર અનેક પ્રકારનાં ખોટાં તહોમતો મૂકે છે, અને પોતાનું તમામ રાજ્યબળ વાપરી તેઓને અનેક રીતે કનડવાનો પ્રયાસ કરે છે. સંસ્થાનવાસીઓના અયોગ્ય કાયદાઓ અને જૂદી જૂદી જાતના હિન્દીઓ ઉપરના જુલમો ટાળવાને માટે તેઓને હમેશ પગભર રહેવું પડે છે, અને કેટલાક માણસોએ તે કાર્ય સિદ્ધિને માટે પોતાની બાકીની જીંદગી અર્પણ કરી હોય

CC-0. In Public Domain. Gurukul Kangri Collection, Haridwar

Digitized by Arya Samaj Foundation Chennai and eGangotri

એવું પણ જોવામાં આવે છે. ભાઇ મોહનદાસ આ વર્ગના લોકોના નેતા છે, અને તે કેટલાંક વરસોથી હિન્દીઓને તેઓની કુદરતી પાયરી ઉપર લાવવાને મથન કર્યા કરે છે.

ઉપર આપણે દક્ષિણ આફ્રિકાના હિન્દી સવાલોના સંબંધમાં જે ટુંક વિવેચન કર્યું છે, તે બધું ભાઇ મોહનદાસની હાલની જીન્દગીના વૃત્તાંતની સાથે નિકટ સંબંધ રાખતું હોવાથી, આપણને હવે તે પુરુષના સંબંધમાં કહેવાનું ઘણું થોડું રહે છે.

તે દેશમાં હિન્દીઓને લગતા જે જે સવાલો ઉત્પન્ન થાય છે, તે તે સવાલોનું અધ્યયન કરવામાં અને તેનું નિરાકરણ લાવવામાં ભાઈ મોહનદાસ પોતાનો લગભગ બધો કાળ ગુજારે છે, અને તે કાર્યને માટે પોતાની બધી શક્તિ અર્પણ કરે છે. તે દેશમાં વસતા કેટલાક ગોરાઓ હિન્દીઓને ત્યાં રહેવા દેવા ખુશી નહીં હોવાથી, તેમને ત્યાંથી કેવી રીતે કાઢવા તે બાબતમાં સત્તાધિશોને હરહમેશ સૂચનાઓ કર્યા કરે છે, અને ત્યાં વસતા હિન્દીઓ તે દેશ છોડી ચાલ્યા જવા ખુશી નહીં હોવાથી, તેઓને ત્યાં રહેવાને માટે અહોનિશ જાગૃત રહેવું પડે છે. આવા પ્રકારની જાગૃતિમાં ભાઈ મોહનદાસ ઘણો મોટો ભાગ બજાવે છે. ખરું જોતાં, તેની બધી જીન્દગી તે સવાલોમાં એકાકાર થઇ ગઈ છે, અને તે એટલે સૂધી કે જ્યારે તેને ચાલુ વર્ષની હિન્દી રાષ્ટ્રિય મંડળની કલકત્તા ખાતેની બેઠકના પ્રમુખ તરીકે મહાન્ પદે બોલાવવાને માટે નાતાલ "ઇંડીઅન કોંગ્રેસ"ની મારફતે આમંત્રણ કરવામાં આવ્યું, ત્યારે તેણે તે તરત તો તેના ઘણા દબાણથી કબુલ કર્યું, પણ પાછળથી તેને એક વિચાર એ આવ્યો જણાય છે, કે હાલના બારિક સમયમાં તેણે તે દેશ છોડી લાંબી મુસાફરીએ જવું, એ ત્યાંના કાર્યને સહી સલામતી ભરેલું ન ગણાય, અને ત્યારબાદ તેણે પોતાનું નામ ખેંચી લેવાને તે મંડળના સત્તાધિશોને અરજ કરી, અને તે મુજબ તેનું નામ ખેંચી લેવામાં આવ્યું હતું. ટ્રાન્સવાલની સરકારે ધારાસભામાં જે કાયદો દાખલ કરવા વચન આપ્યું છે, તે કાયદો

CC-0. In Public Domain. Gurukul Kangri Collection, Haridwar

Digitized by Arya Samaj Foundation Chennai and eGangotri

તે સભા સમક્ષ થોડા વખતમાં રજુ થનાર હોવાથી, તેણે તે વખતે ત્યાં રહેવું જોઇએ, એમ તેને લાગ્યા કરે છે. આ પુરુષ તે પ્રમુખપદને લાયક છે, એ તો દરેક સમજુ હિન્દી સ્વીકારે છે, અને મોટો ભાગ એવી ઉમેદ રાખે છે, કે હિન્દુસ્થાનમાં રહી, તે આ દેશને પોતાની કિમતી સેવાનો લાભ આપવા શક્તિવાન થાય. કદાચ આ વિષયમાં તેના અને લોકોના વિચારમાં કાંઈ મતફેર હોય એવું સંભવે છે. તે એમ માનત જણાય છે, કે તે ટ્રાન્સવાલમાં રહી હિન્દુસ્થાનની જેટલી સેવા બજાવી શકે છે, તેટલી સેવા તે આ દેશમાં રહી બજાવી ન શકે. એક વખત "ટાઇમ્સ ઓફ ઇન્ડીઆ"એ લખ્યું હતું કે "હિન્દી પ્રજા દક્ષિણ આફ્રિકામાં ઘડાઈ તૈયાર થાય છે." ટ્રાન્સવાલને ઘણા લાંબા કાળથી મજબુત રીતે વળગી રહેવામાં તે એ હેતુ ધરાવતા હોય એવો સંભવ છે.

આધુનિક સમયમાં જે ધોરણે વકીલો પોતાનો ધંધો ચલાવે છે, જેને લીધે સ્થળે સ્થળે દિન પ્રતિદિન કલેશ અને કંકાશ વધતા ચાલ્યા છે, જે વધારવામાં વકીલોનું હિત સમાયેલું છે, અને જે વધારવાને માટે તેમાંનો મોટો ભાગ હમેશ મથન કર્યા કરે છે, તેવા કનિષ્ટ અને નીતિ ભ્રષ્ટ કરનાર ધંધાનો પોતાની આજીવિકાના સાધન તરીકે લાભ લેવો, એ ઘણું દોષમય કાર્ય લાગવાથી, તેણે તે ધંધો હમેશને માટે છોડી આપ્યો છે. એ ધંધાના જ્ઞાનમાં તેણે એટલી બધી કુશળતા મેળવી હતી, કે જેથી તેણે સંખ્યાબંધ અસીલોનાં મન હરી લીધાં હતાં, અને તે ચલાવવામાં તે એટલું બધું પ્રમાણિકપણું રાખતા હતા, કે જેથી જ્યારે તે કોઇ પણ મુકદ્દમામાં પોતાની દલીલો રજુ કરવા ઉભા થતા, ત્યારે ન્યાયાધિશો તે દલીલોની બરાબર નોંધ કરી લેતા. આ સંબંધમાં તેની એવી શાખ પડી ગઇ હતી, કે જે મુકદ્દમામાં ન્યાય અને સચ્ચાઇ નહીં હોય, તેવા કોઇપણ મુકદ્દમામાં તે ઉભા નહીં થાય. હાલ પણ જો તે એ ધંધો જારી કરે, તો તેને માસિક રૂ. ૩૦૦૦ થી ૪૦૦૦ ધણી સહેલાઇથી મળી શકે છે, પણ હવે તે દુન્યવી કોઇપણ લાલચોમાં લપટાવા

CC-0. In Public Domain. Gurukul Kangri Collection, Haridwar

Digitized by Arya Samaj Foundation Chennai and eGangotri

ઇચ્છતા નથી. હાલ તો તેને એક લગની લાગી છે, અને તે પોતાની જીંદગીને શુદ્ધ અને સાદી કેવી રીતે કરવી તે છે.

જ્યારથી સત્યાગ્રહની લડત શરુ થઇ છે, ત્યારથી તેની જીંદગીમાં ઘણા મહાન ફેરફારો થતા ચાલ્યા છે. આમાંના કેટલાક વિષે આપણે આગળ કહી ગયા છીયે. તે પહેલાં તે જે થોડું ગ્રહસ્થાશ્રમપણું ભોગવતા હતા, તેટલું પણ તેણે હવે છોડી આપ્યું છે, અને હમણા હમણામાં તે લગભગ એક ત્યાગી તરીકેની જીંદગી ગુજારે છે. હાલમાં તે ટોલ્સ્ટોય ફાર્મ–કે જે મી૦ કેલનબેકે સત્યાગ્રહીઓના ઉપયોગને માટે ખરીદ કર્યું છે–ત્યાં ઘણી સાદાઇથી–મુખ્યત્વે કરીને ફળાહાર ઉપર–રહે છે. સામાન્ય રીતે તે પોતાનો બધો વખત ખેતી કરવામાં, નિશાળીઆઓને શિખવવામાં, "ઇન્ડીઅન ઓપીનીઅન"ને માટે લેખ લખવામાં અને બીજાં દેશોન્નતિનાં કાર્યો કરવામાં, ગુજારે છે.

તેણે પોતાની બધી મિલકત ફીનીકસવાસીઓને, એટલે કે જેઓ ત્યાં રહી પોતાની જીંદગી સાર્વજનિક કાર્યોમાં ગુજારવા માગે છે, તેઓને અર્પણ કરી આપી છે, અને તેણે તેની વ્યવસ્થા કરવાનું કાર્ય એક પંચને સુપ્રત કરવાને માટે એક ખરડો તૈયાર કર્યો છે. કાળે કરીને તેની રહેણી કરણી ઉચ્ચ દશાએ પહોંચેલા જૈન સાધુઓના જેવી થઈ જાય તો તેમાં કાંઈ નવાઈ જેવું નથી.

રા. રા. નેટેસને નામાંકિત હિન્દીઓની જન્મવૃત્તાંતમાળા બહાર પાડી છે, તેમાંનો એક ભાઈ મોહનદાસનો ટુંક જન્મવૃત્તાંત છે. તે વૃત્તાંતમાં તેનો એક લેખ પ્રસિદ્ધ કરવામાં આવ્યો છે. તે લેખ ભાઇ મોહનદાસના અંતર્ગત વિચાર અને માન્યતા સૂચવે છે. તેણે તે લેખ થોડા વખત પહેલાં તેના એક અંગત મિત્રને અંગ્રેજીમાં લખી મોકલ્યો હતો. તે પુરુષમાં હાલ કેટલો વૈરાગ્ય છે, અને કેટલું પરમાર્થ દૃષ્ટિપણું છે, તે તે લેખ ઉપરથી સમજવાને સુગમ પડશે, એમ ધારી અહીં તેનો પૂરેપૂરો તરજુમો રજુ કરવા હું રજા લઉં છું.

CC-0. In Public Domain. Gurukul Kangri Collection, Haridwar

Digitized by Arya Samaj Foundation Chennai and eGangotri

"(૧) પૂર્વ અને પશ્ચિમના લોકોની વચ્ચે એવી કોઇ આડશ નથી કે જે ન ઓળંગી શકાય.

(૨) પશ્ચિમનો અથવા યુરોપનો સુધારો એવું વાસ્તવિક રીતે કાંઈ નથી, પણ હાલમાં જે સુધારો ચાલે છે, તેને આધુનિક સુધારો કહેવો જોઇએ, અને તે સ્પષ્ટ રીતે સંસારવિષયવાંછના વધારનારો છે.

(૩) યુરોપના લોકો ઉપર આધુનિક સુધારાની અસર થવા લાગી, તે પહેલાં તેઓના અને પૂર્વ દેશના લોકોના રીતરિવાજો ઘણી બાબતમાં એકસરખા હતા. એટલું તો ચોક્કસ છે, કે હિન્દુસ્થાનના લોકો અને જે ગોરા લોકો ઉપર આધુનિક સુધારાની અસર થવા પામી નથી, તેઓ પરસ્પર જેટલી સહેલાઇથી હળીમળી શકે છે, તેટલી સહેલાઇથી આધુનિક સુધારામાં ઉછરેલા ગોરા હળીમળી શકતા નથી.

(૪) હિન્દુસ્થાનના લોકો ઉપર અંગ્રેજી પ્રજા રાજ્ય ચલાવે છે, એમ ગણવાને બદલે વાસ્તવિક રીતે આપણે એમ ગણવું જોઇએ છીએ, કે આપણા ઉપર રાજ્ય ચલાવનાર આધુનિક સુધારો છે. તે તેનાં જૂદાં જૂદાં અંગો, જેવાં કે રેલ્વે, તાર, ટેલિફોન, અને તેવી જાતની શોધો, જેને તે સુધારાની મોટી જીત તરીકે ગણવામાં આવે છે, તે દ્વારાએ આપણા ઉપર રાજ્ય અમલ ચલાવે છે.

(૫) મુંબઈ, કલકત્તા, અને હિન્દુસ્થાનના બીજાં મોટાં શહેરો, એ ખરું જોતાં મહામારીનાં સ્થાનકો છે.

(૬) જો અંગ્રેજી રાજ્યને બદલીને આવતી કાલે તે જગ્યાએ આધુનિક જમાનામાં ચાલતા ધોરણને અનુસરીને હિન્દી રાજ્યનું બંધારણ રચવામાં આવે, તો તેથી હિન્દુસ્થાનનું એટલું જ ભલું થઇ શકે, કે હાલ તેનો જે પૈસો વિલાયત જાય છે, તેમાંનો કેટલોક ભાગ આ દેશમાં રહી શકે. પણ તેમ થતાં આ દેશની સ્થિતિ યુરોપ અથવા અમેરિકાની બીજી અથવા પાંચમી આવૃત્તિના જેવી થવી જોઇએ.

CC-0. In Public Domain. Gurukul Kangri Collection, Haridwar

Digitized by Arya Samaj Foundation Chennai and eGangotri

(૭) પૂર્વ અને પશ્ચિમના લોકો ખરેખર તો ત્યારે જ હળીમળીને રહી શકશે, કે જ્યારે પશ્ચિમના લોકો આધુનિક સુધારાને વેગળો મૂકી દેશે. તેમ ન થાય, ત્યાં સુધી તેઓનું પરસ્પર મળવું, એ જેવું ઇંગ્લાંડ અને જર્મની વચ્ચેનું છે, કે જે બે દેશોની પ્રજા એક બીજા પરસ્પરનું ભક્ષણ કરી જવા ન પામે તેટલા માટે દરેક નિરંતર કાળ ગ્રહમાં વસે છે, તેના જેવું જ થોડા દહાડાની યુદ્ધ વિશ્રાન્તિનિવૃત્તિ જેવું સમજવું.

(૮) કોઇ પણ મનુષ્યે, અથવા મનુષ્યના સમુદાયે એમ કહેવું, કે અમે આખા જગતમાં સુધારો પ્રવરતાવવા માગીએ છીએ, અથવા તેમ કરવા વિચાર કરીએ છીએ, એ કેવળ અવિનીત છે. અત્યંત કૃત્રિમ અને ઝડપથી ચાલતાં યંત્રોવડે તેવાં કાર્યની કોશેશ કરવી, એ નહીં ઉપાડી શકાય એવું કાર્ય માથે લેવા બરાબર છે.

(૯) સામાન્ય રીતે એમ કહી શકાય, કે સંસાર સુખની ઇચ્છા વધારવાથી કોઇપણ પ્રકારે નીતિનો વધારો તો થઇ શકે જ નહીં.

(૧૦) ડાકટરી વિદ્યા એ ઘણી મેલી વિદ્યા છે. જેને ઉંચા પ્રકારનું જ્ઞાન ગણવામાં આવે છે, તેના કરતાં ઉંટ વૈદું હજાર દરજ્જે વધારે પસંદ કરવા જેવું છે.

(૧૧) પોતાના રાજ્ય ઉપર કાબુ રાખવાને માટે સેતાન ઇસ્પિતાલોને પોતાનાં કાર્યસિદ્ધિ શસ્ત્ર તરીકે વાપર્યા કરે છે. તે દ્વારા એ દુષ્ટતા, કંગાલીયત, અધમતા, અને ખરેખરી ગુલામગીરી ચાલુ રાખી શકાય છે. પ્રથમ મેં ડાકટરી કેળવણી લેવાનો જે વિચાર કર્યો હતો, તે બિલકુલ સમજણ વગરનો હતો. ઇસ્પિતાલોમાં જે તિરસ્કાર પાત્ર કાર્યો થાય છે, તેમાં મારે કાંઇપણ ભાગ લેવો, એ હું પાપનું કામ ગણું છું. જો ઇંદ્રિયોનાં અને ક્ષયના દરદની ઇસ્પિતાલો ન હોય, તો દુનીઆમાં જરૂર ઓછો વ્યભિચાર અને ઓછો ક્ષય રોગ થાય.

(૧૨) છેલ્લાં પચાશ વરસ દરમીઆન હિન્દીઓ જે કાંઇ શિખ્યા છે, તે બધું ભૂલવામાં તેઓનું કલ્યાણ સમાયેલું છે. તેઓને રેલ્વે, તાર

CC-0. In Public Domain. Gurukul Kangri Collection, Haridwar

Digitized by Arya Samaj Foundation Chennai and eGangotri

ઇસ્પિતાલ, વકીલ, ડાકટર અને એવા બધા વગર ચલાવવું પડશે, અને જેઓને ઉચ્ચ વર્ગનાં માણસો ગણવામાં આવે છે, તેઓએ સાદી ખેડુતની જીંદગી કેટલી બધી સુખાકારી છે તે સમજી, દ્રઢતાથી નીતિ ધર્મ અનુસાર, તે જીંદગી ગુજારતાં શિખવું જોઇશે.

(૧૩) હિન્દીઓએ સાંચામાં બનાવેલું કોઇ પણ કપડું–પછી તે યુરોપની કળમાં બનાવ્યું હોય, કે હિન્દુસ્થાનની–વાપરવું નહીં જોઇએ.

(૧૪) આ બાબતમાં વિલાયત હિન્દુસ્થાનને મદદકરી શકે તેમ છે, અને તેમ કરશે ત્યારે જ તેણે તેના હિન્દ ઉપરના કાબુનો ઠીક ઉપયોગ કર્યો ગણાશે. વિલાયતમાં ઘણા લોક આવો મત ધરાવે છે.

(૧૫) લોકોને સંસારવિષયવાંછનામાં લપટાતાં અટકાવવાને માટે સંસાર કયા ધોરણે ચલાવવો, તે સંબંધમાં આપણા પુરાતન કાળના મહાત્માઓએ જે શિક્ષણ આપ્યું છે, તેમાં ઘણું જ ડહાપણ છે. પાંચ હજાર વરસ પહેલાં ખેડુતો જે અણઘડ હળ ચલાવતા હતા, તે જ તેઓ ઘણે ભાગે આજે પણ ચલાવે છે. આવી સ્થિતિમાં લોકો દીર્ઘાયુષી થાય છે, અને યુરોપમાં આધુનિક પ્રવર્ત્તન ચાલવા લાગ્યું, તે પહેલાં ત્યાં જે સલાહ શાંતિ ચાલતી હતી, તેથી પણ વધારે શાંતિમાં તે ખેડુતો રહી શકે છે. મને એમ લાગે છે, કે દરેક બોધિત પુરુષ, અને ખસુસ કરીને તેવો દરેક અંગ્રેજ, તેની ઇચ્છા થાય તો, આ સત્ય જાણી, તે પ્રમાણે વર્તી શકે છે.

અંતરના ખરા સત્યાગ્રહને લીધે હું ઉપરના ચોક્કસ નિર્ણય ઉપર આવ્યો છું. આધુનિક ઘેલછાવાળી દોડાદોડી કરીને જે લોકો ખુશી થાય છે, તેઓમાં આટલો બધો ફેરફાર થઇ શકશે કે કેમ, તે વિષે સત્યાગ્રહી તરીકે હું કાંઇ જ ફિકર કરતો નથી. જો તે સુધારો મને સાચો લાગો તો તે પ્રમાણે મારે ખુશીથી વર્તવું જોઇએ; અને તેથી કરીને બધા લોકો તેનો આરંભ કરવા લાગે, ત્યાંસૂધી મારે રાહ જોઇ બેસી રહેવું, એ બરાબર નહીં. જેઓ એ જ વિચારના હોય, તેઓએ તે પ્રમાણે રહેવાનાં પગલાં લેવાં જોઇએ, અને આપણે સાચા હોઇશું, તો બીજાઓ જરૂર

CC-0. In Public Domain. Gurukul Kangri Collection, Haridwar

Digitized by Arya Samaj Foundation Chennai and eGangotri

આપણે પગલે ચાલશે. ખરો સિદ્ધાંત એ છે; વર્ત્તન બની શકે તેટલું તે પ્રમાણે થવું જોઇએ. આસપાસની દોડાદોડી જોતાં આપણને તેનો બિલકુલ રંગ ન લાગે, એવું થવું ખરેખર મુશ્કેલ છે. જ્યારે જ્યારે હું રેલ અને મોટર ગાડીમાં બેસું છું, ત્યારે ત્યારે મને અંતરમાં એમ ભાસી આવે છે, કે હું કાંઇક ખોટું કરું છું. આ ધોરણે વિચાર કરતાં તેનું ન્યાયપૂર્વક જે પરિણામ આવે તે સંબંધમાં મને કાંઇ ચિંતા રહેતી નથી. વિલાયત જવું એ ખરાબ છે, અને દક્ષિણ આફ્રિકા અને હિન્દુસ્થાન વચ્ચે ગંજાવર જહાજોવડે વ્યવહાર ચાલે, એ અને એવું બીજું બધું ખરાબ છે. તમારે અને મારે બન્નેને આ દેહમાં તેવું કરવું પડે, છતાં મૂખ્ય વાત એ છે, કે આપણા સિદ્ધાંતો સાચા હોવા જોઇએ. તમે તે દેશમાં બધી જાતના અને બધા દરજ્જાનાં માણસોના પ્રસંગમાં આવશો. તેથી મને એમ લાગે છે, કે જેને હું અંતરથી ચડીઆતું પગલું લીધેલું ગણું છું, તે તમને મારે ન જણાવવું એ ઠીક નહી. જો તમે મારા વિચારની સાથે મળતા થાઓ, તો ત્યાં જેઓ રાજ્ય ફેરફાર ઇચ્છે છે, તે અને બીજાઓ જે સ્વતંત્રતાની જરૂર જુએ છે, અથવા તેની જરૂર છે, એમ તેઓ ધારતા જણાય છે, તેઓને કહેવાની તમારી ફરજ છે, કે તે સ્વતંત્રતા લોકોને મારી નાંખવાથી અથવા તેઓના ઉપર જબરદસ્તી વાપરવાથી, નહીં મળી શકે; પણ તે ત્યારે જ મળી શકે, કે જ્યારે તેઓ શુદ્ધ જીંદગી ગુજારે, અથવા હાડે ખરા હિન્દી થઈ રહે. એમ બનશે તો રાજકર્ત્તા અંગ્રેજો (પ્રજાના) નોકર તરીકે રહેશે. પણ તેઓના માલિક તરીકે નહીં રહે. તેઓ સુબ્રતદાર તરીકે રહેશે, અને નહીં કે જુલમગાર તરીકે; તેમ થતાં તેઓ હિન્દુસ્થાનના બધા વતનીઓ સાથે પૂર્ણ શાન્તિમાં રહેશે. ખરું જોતાં હિન્દીઓનું ભવિષ્ય તેઓના પોતાના હાથમાં છે, અને નહીં કે અંગ્રેજોના હાથમાં. જો તેઓનામાં આજે પુરતું આત્મ સંયમ, અને પરહેજગારી હોય, તો તેઓ આ ઘડીએ છૂટા થઈ શકે છે. જે સાદાઇથી આપણે ઘણા કાળથી તે હમણાં સૂધી

CC-0. In Public Domain. Gurukul Kangri Collection, Haridwar

Digitized by Arya Samaj Foundation Chennai and eGangotri

રહેતા હતા, અને જે સાદાઇમાં હાલ પણ ઘણો મોટો ભાગ રહે છે, તે સાદાઇથી આપણે ફરી રહીશું, ત્યારે સારા હિન્દીઓ અને સારા અંગ્રેજો હિન્દુસ્થાનમાં તમામ સ્થળે એક બીજાના સંબંધમાં ઘણી ખુશીથી આવી શકશે, અને બન્નેને એકાકાર કરી શકશે. જ્યારે ઝડપથી જવા આવવાનું નહોતું બની શકતું, ત્યારે પણ શિક્ષકો અને ધર્મોપદેશકો પગે ચાલી ખાલી મોજ શોખ અથવા તંદુરસ્તીની ખાતર નહીં (જો કે તે મુસાફરીથી તેમ પણ બની શકતું) પણ મનુષ્ય જાતના ભલાને માટે બધી મુશીબતો ભોગવતા ભોગવતા દેશના એક છેડેથી બીજે છેડે પહોંચી જતા. તે વખતે કાશી અને બીજાં પવિત્ર ગણાતાં યાત્રાનાં સ્થળો ખરેખર પવિત્ર હતાં, પણ આજ તો તે બધાં તિરસ્કારને પાત્ર થઇ પડ્યાં છે.

તમને યાદ હશે, કે હું જ્યારે મારાં છોકરાંઓની સાથે ગુજરાતીમાં વાતચિત કરતો, ત્યારે તમે મને ઠપકો આપતા હતા. હવે મને દઢ ઠસી ગયું છે, કે હું તેઓની સાથે અંગ્રેજીમાં વાતચિત નહોતો કરતો, તે બિલકુલ વ્યાજબી હતું. કેવી વિચિત્રતા, કે એક ગુજરાતી બીજા ગુજરાતીને પત્ર લખે, તે અંગ્રેજીમાં, અને તમો કહો છો તે પ્રમાણે, તેઓ જે અંગ્રેજી ભાષા બોલે છે તે ખોટા ઉચ્ચારવાળી, અને જે લખે છે તે વ્યાકરણ દોષવાળી! હું અંગ્રેજી બોલવા અને લખવામાં જે હસવા લાયક ભૂલો કરું છું, તેવી ભૂલો હું ગુજરાતી ભાષામાં તો ન જ કરું. જ્યારે હું કોઇ હિન્દી અથવા વિદેશીની સાથે અંગ્રેજીમાં વાતચિત કરું છું, ત્યારે મને એમ લાગી આવે છે, કે તેમ કરતાં તે ભાષા હું કેટલેક દરજ્જે ભૂલું છું. મારે જો તે ભાષા બરાબર શિખવી હોય, અને તે ભાષાના ઉચ્ચારની શ્રવણેન્દ્રિયને ટેવ પાડવી હોય, તો તે અંગ્રેજોની સાથે વાતચિત કરવાથી અથવા અંગ્રેજોને બોલતાં સાંભળવાથી જ થઇ શકે."

થોડા દહાડા પહેલાં દક્ષિણ આફ્રિકાનાં હિન્દી બઇરાંઓના ભરત કામનું પ્રદર્શન ખુલ્લું મૂકતાં મી૦ હોસ્કેન ભાઈ મોહનદાસના સંબંધમાં બોલ્યા હતા, કે તે "તે પુરુષને નમ્રતામાં, અંતઃકરણની શુદ્ધતામાં, બુદ્ધિ-

CC-0. In Public Domain. Gurukul Kangri Collection, Haridwar

Digitized by Arya Samaj Foundation Chennai and eGangotri

બળમાં, અને હિમ્મતમાં આધુનિક જમાનાના વિલક્ષણ પુરુષોમાંનો એક ગણે છે."

તેવી જ રીતે રા. રા. ગોપાળ કૃષ્ણ ગોખલેએ ભાઈ મોહનદાસના સંબંધમાં વિવેચન કરતાં કહ્યું હતું, કે "તે પુરુષમાં ઉત્તમ પુરુષ છે, વીરોમાં ઉચ્ચ વીર છે, અને દેશભક્તોમાં એક શ્રેષ્ઠ દેશભક્ત છે." જેઓને આ પુરુષની જીંદગીની માહિતી છે, તેઓને ઉપરના શબ્દોમાં કાંઈ પણ અતિશયોક્તિ નહીં લાગે. આ લેખક તે પુરુષની સાથે બાવીશ વરસથી મિત્રાચારીનો ઘણો ઘાડો સંબંધ ધરાવે છે, અને તે મુદતના તેના જાતિ અનુભવથી તે કહી શકે છે, કે આ જમાનામાં એવા થોડા પુરુષો હોવા જોઇએ, કે જે તેના જેવી શુદ્ધ, નીતિમાન, અને પારમાર્થિક જીંદગી ગુજારતા હશે.

રંગુન, પોષ શુદ ૮.
સંવત ૧૯૬૮.

પ્રા૦ જ૦ મે૦.

CC-0. In Public Domain. Gurukul Kangri Collection, Haridwar

Digitized by Arya Samaj Foundation Chennai and eGangotri

CC-0. In Public Domain. Gurukul Kangri Collection, Haridwar

Digitized by Arya Samaj Foundation Chennai and eGangotri

અનુક્રમણિકા

પ્રકરણ.	વિષય.	પૃષ્ઠ.
૧ લું.	દક્ષિણ આફ્રિકાવાળા હિંદી દેશભક્ત.	૧
૨ જું.	તે પુરુષ પોતે.	૫
૩ જું.	કરાર.	૧૦
૪ થું.	સફેદ શહેર	૧૩
૫ મું.	તેનાં માબાપ...	૧૮
૬ ઠું.	બચપણ.	૨૨
૭ મું.	ફેરફાર....	૨૬
૮ મું.	લન્ડનની જીન્દગી–ભાગ પહેલો	૩૨
૯ મું.	લન્ડનની જીન્દગી–ભાગ બીજો.	૩૭
૧૦ મું.	ભૂલ ભાંગી.	૪૧
૧૧ મું.	નાતાલની જાગ્રતિ.	૪૭
૧૨ મું.	તોફાનનો અનુભવ.	૫૦
૧૩ મું.	રણભૂમિ ઉપર.	૬૪
૧૪ મું.	મુશીબતનું મૂળ.	૭૨
૧૫ મું.	મરકીનો સમય.	૭૮
૧૬ મું.	સ્વમ્રવશ પુરુષ.	૮૨
૧૭ મું.	ઝુલુ લોકોનો બળવો.	૮૭
૧૮ મું.	મોટી લડાઈ.	૯૧
૧૯ મું.	બીજી બાજુ	૯૮
૨૦ મું.	સત્યાગ્રહ.	૧૦૨
૨૧ મું.	ધાર્મિક વિચારો.	૧૦૯
	પુનર્લેખ.	૧૧૬

CC-0. In Public Domain. Gurukul Kangri Collection, Haridwar

Digitized by Arya Samaj Foundation Chennai and eGangotri

CC-0. In Public Domain. Gurukul Kangri Collection, Haridwar